# ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 072 Issue No. 20 Date : 01-07-2025

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | મનને જાણીએ (૧૪) |
| મનસુખ સલ્લા | ૦૫ | માણસાઈની કેળવણી |
| મીતા ઝવેરી | ૦૭ | કેળવણી માટે મથનારા : રશ્મિભાઈ કાપડીયા |
| મધુરેશ કુમાર | ૧૦ | એન.એ.પી.એમ.ના ત્રીસ વર્ષ : લોકશક્તિ અને જન રાજનીતિની યાત્રા-૨ |
| હીરજીભાઈ ભીંગરાડીયા | ૧૨ | ધ્યેય સિદ્ધિ માટે માંહ્યલો હોય તો કોઈનો કહ્યે ભાંગી પડાય... |
| સહિયર ટીમ | ૧૪ | ડૉ. તૃપ્તિ શાહ સ્મૃતિ વ્યાખ્યાન શ્રેણી-૯ |
| એ. કલૈય્યારસન / ક્રીસ્ટોફર જેફરલોટ | ૧૫ | સંસદીય વિસ્તારોના પુનઃસીમાંકનની દક્ષિણના રાજ્યો પર શી અસર પડશે |
| અશ્વિનકુમાર કારીઆ | ૧૬ | આધુનિક સમયમાં રાજ્યપાલના બદલે બંધારણ તજજ્ઞની જરૂર |
| આનંદ માઝગાંવકર | ૧૭ | પુસ્તક પરિચય-આજના સમયમાં શાંતિવાદ : યુક્રેન યુદ્ધના વિકલ્પો વિશે સંવાદ |
| ઉર્વિન શાહ | ૧૯ | પુસ્તક પરિચય-ગુજરાતની વિશિષ્ટ સંસ્થાઓની ગાથા |
| દિલીપભાઈ શાહ | ૨૦ | પુસ્તક પરિચય-ભારતીય લોકશાહી : દશા અને દિશા |
| હીરલ સવાઈ | ૨૧ | પુસ્તક પરિચય-સર્જકના સાથીદાર |
| સંકલિત | ૨૩ | મુંબઈ સર્વોદય મંડળ : વાર્ષિક અહેવાલ ૨૦૨૪-૨૫ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | ફીલી બ્લેક |


(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

યજ્ઞ પ્રકાશન

Published on 1st & 16th of Every Month
ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર
BHOOMIPUTRA
Gujarati Fortnightly
ભૂમિપુત્ર
Price Rs.10, Annual Sub. Rs.200.
Vol.72 Issue No.20 1936 Date : 01-07-2025
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# મનને જાણીએ (૧૪)

❍ વિનોબા ❍

(ગતાંકનું ચાલુ....)

## મનોનિગ્રહ : ચિત્તનિર્માણ - સામૂહિક ચિત્ત

મારો ગાંધીજી સાથે જે સંબંધ બનેલો, તેને ટાળવો એ મારા માટે અશક્ય છે અને અયોગ્ય પણ છે. એટલા માટે મેં પ્રવાહ-પતિત થઈને કામ શરૂ કર્યું, તો મને ભૂદાનનું કામ મળ્યું. મેં ભૂદાન પ્રવૃત્તિને વાહનરૂપનો આધાર લીધો અને તે પણ ચિત્તનિર્માણના વિચારથી લીધો.

હું એવું નથી ઇચ્છતો કે પ્રવૃત્તિને માનતા રહીએ અને નિવૃત્તિને ન માનવામાં આવે. બલ્કે પ્રવૃત્તિ અને નિવૃત્તિ, આ બંનેનો યોગ હોય, એવી એક પ્રક્રિયા હાથમાં લીધી છે. બાહ્ય પ્રવૃત્તિઓને હાથમાં લેતા આપણા પ્રયત્નો તો ચિત્તનિર્માણ માટેના હોવા જોઈએ. બાહ્ય પ્રયત્નો એ કેવળ ચિત્તનિર્માણનાં સાધન બનવાં જોઈએ. આમ બંને વિચારોમાં નિવૃત્તિ પણ માન્ય છે અને પ્રવૃત્તિ પણ. આંતરિક રૂપથી નિવૃત્તિ અને બાહ્યરૂપથી પ્રવૃત્તિ માન્ય છે.

## સામૂહિક ચિત્ત

સામૂહિક ચિત્ત, આ એક સ્વતંત્ર દર્શન છે. આના અંગે અભ્યાસ કરવાથી એમાં રહેલી શક્તિનો અનુભવ થાય છે. આપણા સહુનું સામૂહિક ચિત્ત બને, એનો અર્થ એ થાય કે આપણે ચિત્તથી અલગ થઈ જઈએ. અને બ્રહ્મવિદ્યાનો અનુભવ પણ ત્યારે જ આવે જ્યારે આપણે ચિત્તથી પોતાને એકદમ અલગ મહેસુસ કરતા હોઈએ. હવે આવું થાય તે માટે પણ સામૂહિક ચિત્તનું પરીક્ષણ કરવું જરૂરી હો છે. હું આ એક નવી પ્રક્રિયા બનાવી રહ્યો છું કે સામૂહિક ચિત્તનિર્માણ કેવી રીતે થાય. ચિત્તથી ઉપર ઊઠવા માટે સામૂહિક ચિત્તમાં પોતાના ચિત્તને વિલીન કરવું તે એક સાધનાના રૂપમાં કામ આવી શકે છે.

મેં કહેલું કે અહીં (બ્રહ્મવિદ્યા-મંદિર) સામૂહિક ચિત્ત બનવું જોઈએ. અને તે માટે એક ઉદાહરણ આપેલું. અહીં જ્યારે આગ લાગેલી, ત્યારે એકદમ સામૂહિક ચિત્ત જાગી ઊઠેલું. બધાં જ દોડ્યાં, આગ બુઝાવવા માટે. હવે આ સામૂહિક ચિત્ત કેવી રીતે બન્યું ? તો જ્યારે ખતરો ઊભો થયો ત્યારે. પણ હું ઇચ્છું છું કે જ્યારે આગ લાગેલી ત્યારે જે થયું હતું, તે કોઈ કારણથી (નિમિત્ત) થયું હતું. એ ક્ષણ માટે થયું હતું, તે હંમેશ માટે નિરંતર હોવું જોઈએ. બ્રહ્મવિદ્યામાં જે સામૂહિક ચિત્તની અપેક્ષા છે તે જુદી છે. બ્રહ્મવિદ્યાની સામૂહિક ચિત્તની તુલના ભયના કારણે (નિમિત્તે) જે સામૂહિક ભાવના બની છે, તેની સાથે ન કરી શકાય. આ તો સમજવા માટે જ ઉપમા આપેલી. બ્રહ્મવિદ્યામાં જે સામૂહિક ચિત્ત અપેક્ષિત છે, તે એકદમ જ જુદું છે. આગ બુઝાવવા માટે જે સામૂહિક ભાવના બની, એમાં માનસિક ક્ષોભ છે, જે માણસને પ્રેરિત કરતો હોય છે. પરંતુ અહીંયાં (બ્રહ્મવિદ્યા મંદિર)માં જે ચિત્ત બનશે, એમાં ક્ષોભનો તો કોઈ સવાલ જ આવતો નથી, અહીં સર્વત્ર અક્ષોભ જ રહેશે.

બ્રહ્મવિદ્યા-મંદિર પાસેથી એટલી અપેક્ષા છે કે અહીં મન જ ખતમ થઈ જાય. આપણે આખી દુનિયાને એવું નથી સમજાવતા કે મનને જ ખતમ કરી નાખો. આપણે દુનિયાને સમજાવીએ છીએ કે અંદરોઅંદર ઝઘડા ન કરો. એવા કોઈ ઉપાય શોધો કે જેનાથી મનની સાથે મન જોડાઈ જાય, અંદરોઅંદર પરસ્પર વિચાર-વિમર્શ કરો. આપણે એવું નથી કહેતા કે મનને જ ખતમ કરી નાખો. પરંતુ બ્રહ્મવિદ્યા-મંદિરનો આ પ્રયોગ ઘણો ગહન છે.... આવા પ્રયોગને માનસશાસ્ત્રીય પ્રયોગ કહી શકાય નહીં. મનને મટાડવાના પ્રયોગને કેવી રીતે માનસશાસ્ત્રીય પ્રયોગ કહી શકાય ? મનનું એક જગ્યા પર રહીને બીજી જગ્યાએ જવું, બીજાના શરીરમાં પ્રવેશ કરવો – આ બધાંને હું સાયકિક પાવર-માનસિક શક્તિ માનું છું. જો કોઈ એના પ્રયોગ કરવા ઇચ્છે, તો તે માનસિક પ્રયોગ હશે. પરંતુ મનને મટાડવાના પ્રયોગને માનસશાસ્ત્રીય પ્રયોગ કહી શકાય નહીં. આ આધ્યાત્મિક ચીજ છે.

હવે કોઈ એવું પૂછી શકે કે તમે મનથી ઉપર ઊઠવાની વાત પણ કરેલી અને હવે મનને ખતમ કરવાની વાત પણ કહો છો, તો શું આ બંને વાતો એક જ છે કે જુદી જુદી ? મનથી ઉપર ઊઠવાની વાત એ મનને કાપવાની પ્રક્રિયામાં એક ઉપાય છે. આજે મન છે, તે કાપેલું મન નથી. એટલા માટે કહ્યું કે મનથી ઉપર ઊઠો, એને મહત્ત્વ ન આપો. મનને એક તરફ રાખીશું તો આગળ પર જતાં એક એવી અવસ્થા આવશે કે એક તરફ રાખવા માટે મન રહેશે જ નહીં. એટલા માટે જ મનને મહત્ત્વ

ન આપવું, એને પોતાને સ્થાને રાખવું – આ મનને ખતમ કરવા માટેનો સારો પ્રારંભ છે.

પરંતુ મન જ સમાપ્ત થઈ જાય ! આ એક બહુ મોટો વિલક્ષણ વિચાર છે ! એટલા માટે જ મેં કહ્યું કે માનસિક શક્તિ મેળવવાની જે વાત છે, એની સાથે આનો સંબંધ નથી. આ એક શુદ્ધ આધ્યાત્મિક પ્રયોગ છે. અને આ રીતના પ્રયોગ માટે બ્રહ્મવિદ્યા-મંદિર શરૂ કર્યું છે. અહીં મનના પ્રયોગ કરો; અને મન સમૂહરૂપે બદલાય છે, તે સિદ્ધ કરીએ. વ્યક્તિગત રીતે તો થાય જ છે, અને થયા પણ છે. અનેક મહાપુરુષો થઈ ગયા, જેમણે પોતાના મનનો ઉચ્છેદ કરીને તેનાથી ઉપર ઊઠ્યા છે. પંરતુ સમૂહરૂપે પ્રેરણા થાય, સમાજ બને – આ પ્રયોગની વાત છે.

## સામૂહિક ચિત્ત – સહચિત્ત – ઈશ્વરમય ચિત્ત

અહીં મેં મનને બદલે 'સામૂહિક ચિત્ત' – શબ્દનો પ્રયોગ કર્યો છે. એ એટલા માટે કે મન તો મરી ગયું છે. અને મનના ખતમ થઈ ગયા પછી જે સામૂહિક પ્રેરણા થશે, તેને બતાવવા માટે 'સામૂહિક ચિત્ત' શબ્દ જ ઉચિત છે. મનમાં વિકાર રહે છે, ક્ષોભ રહે છે; જ્યારે ચિત્તમાં ચિંતન રહે છે. અને આ ચિંતન એક એવી વસ્તુ છે જેને ક્ષોભ સાથે એકદમ વિરોધ હોય છે.

મેં હમણાં તમારી આગળ એક બહુ મોટી વાત કહી કે આ બ્રહ્મ-વિદ્યા મંદિર આશ્રમ એ એક સામૂહિક ચિત્ત નિર્માણ કરવા માટે છે. આપણે ત્યાં ઘણાં બધાં લોકો એવા છે કે જેમણે વ્યક્તિગત ચિત્તનું નિર્માણ તો કર્યું જ છે – જેમ કે મેં તમને મીરાંબાઈનો દાખલો આપેલો. મારે તમને એ કહેવું છે કે શું આખો સમૂહ મીરાબાઈ બની શકે ખરો ? મીરાંબાઈને આત્માનુભવ થયો માટે તે મીરાંબાઈ બની. એવી રીતે સામૂહિક ચિત્તને આત્માનુભવ થઈ શકે ખરો ? મારું માનવું છે કે ચોક્કસ થઈ શકે અને સરળતાથી થઈ શકે. આ માટે ઉત્તમ ઉપાય એ છે કે આ વિચારથી પ્રેરિત જે સમાજ છે, તે સમાજની આગળ પોતાનું સમર્પણ કરી દેવું. મેં અહીં 'એ જ વિચારોથી પ્રેરિત' આટલું જોડી દીધું. કેમ કે આપણે જોઈએ છીએ કે જે સર્વસામાન્ય સમાજ છે તેનું પોતાનું એક સ્તર હોય છે. માટે જ આવો એક વિચારથી પ્રેરિત સમાજ હશે તો આત્માનુભવ સરળ થઈ શકે.

અત્યારે આપણે પરીક્ષા કરવાના નથી કે આખી દુનિયા સાથે મેળ પડે, પરંતુ અહીં સાધના કરવા માટે જે સમૂહ એકઠો થયો છે, તે બધાની અંદરોઅંદર સમાન મૈત્રી હોવી જોઈએ. તુકારામે સમજાવ્યું કે एका देहाचें अवयव । – જેમ કે કાન દુખતો હોય ત્યારે આંખો રડે છે – તેમ સમૂહમાં રહેનારાં બધાંનો પારસ્પરિક સંબંધ સાહજિક હોવો જોઈએ. અને આના માટે મનથી ઉપર ઊઠવું જરૂરી છે. શરીરમાં એવું તો હોતું નથી કે ફલાણા અંગને ફલાણા અવયવ સાથે વધુ ફાવે. સમૂહમાં આવું જો થતું હોય તો બરાબર સમજી લેવું કે હજી આપણે બધાં મનના સ્તરે જ જીવી રહ્યા છીએ. અને તે વેળાએ બ્રહ્મવિદ્યા એ તો માત્ર ને માત્ર નામપૂરતી જ છે. માટે જ આવા સમૂહમાં પારસ્પરિક અન્યોન્ય અનુરાગ જેટલો વધશે, તેટલો વ્યકિગત મનનો લોપ થશે. માટે આવા સમૂહમાં જોડાયેલાં બધાંના ચિત્તમાં એકબીજા માટે અનુરાગ હોય. બધાં જ અન્યોન્યમય થઈ જાય. આનાથી વધુ સરળ સુલભ સાધન અનુભવમાં આવ્યું નથી.

હવે આપણી આગળ જે યુગ આવી રહ્યો છે, તે ગણસેવકત્વનો યુગ રહેવાનો છે. આ યુગ પાસે આપણે આખા સમાજના ચિત્તને ઉપર ઉઠાવવાનું કામ કરવાનું છે. ભલે સમાજ એટલી ઊંચાઈએ ન હોંચી શકે, જેટલું વ્યક્તિનું ચિત્ત એ ઊંચાઈએ પહોંચી ગયેલું, પરંતુ આમ થવાથી સમાજની શક્તિ વધુ જોવા મળશે. અને મેં કહ્યું કે ચિત્તને ઉપર ઉઠાવવાના કામમાં, જો એક જ પ્રેરણાથી પ્રેરાયેલો સમાજ કામ કરતો રહેશે તો આ કામમાં સરળતા રહેશે. આ વસ્તુનું વિશ્લેષણ શબ્દોથી નહીં, પણ અનુભવોથી થશે, એના આવા પ્રયોગો થશે, અને એ પ્રયોગો દ્વારા અનુભવ સાંપડશે.

એક પ્રશ્ન પુછાયો છે કે કોઈ એક વ્યક્તિને જેમ ઈશ્વર સાથે સંપર્ક થઈ શકે, તો તેવી રીતે આખા સમૂહનો ઈશ્વર સાથે સંપર્ક શક્ય છે ? આનો ઉત્તર તો આ જ મળવો જોઈએ કે હા, સમૂહનો ઈશ્વર સાથે સંપર્ક હોઈ શકે. સમૂહનો પણ ઈશ્વરની સાથે સંબંધ હોવો જોઈએ. આ સમૂહ એવો હોય કે જે એકદમ તાલથી તાલ મેળવીને કદમ સાથે કદમ મેળવીને ચાલતો હોય, સમૂહની અંદર પરસ્પર કોઈ અંતર ન રાખતું હોય, બધાંનાં હૃદય એકરૂપ થઈ ગયાં હોય તો આ પ્રકારના સમૂહને પરમેશ્વરનો સંપર્ક મહેસુસ થઈ શકે. પરંતુ ભલે આવો સમૂહ જોડાયેલો તો હોય, પણ એકરસ ન થયો હોય. પ્રેમ હોય, પણ આત્મરસ ન હોય. આ આત્મરસ એટલે શું ?– પ્રેમ, આદર અને વિશ્વાસ, બે-ચાર મિત્રોમાં

### આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | મનને જાણીએ (૧૪) |
| મનસુખ સલ્લા | ૫ | માણસની કેળવણી |
| મીતા ઝવેરી | ૭ | કેળવણી માટે મથનારા : રશ્મિભાઈ કાપડીયા |
| મધુરેશ કુમાર | ૧૦ | એન.એ.પી.એમ.ના ત્રીસ વર્ષ |
| હીરજીભાઈ ભીંગરાડીયા | ૧૨ | ધ્યેય સિદ્ધિ માટે માંહ્યલો હોય તો કોઈનો કહ્યે ભાંગી પડાય... |
| સહિયર ટીમ | ૧૪ | ડૉ.તૃપ્તિ શાહ સ્મૃતિ વ્યાખ્યાન શ્રેણી-૯ |
| કલૈચ્યાસન અને જેફરલોટ | ૧૫ | સંસદીય વિસ્તારોના પુનઃસીમાંકનની દક્ષિણના રાજ્યો પર..... |
| અશ્વિનકુમાર કારીઆ | ૧૬ | આધુનિક સમયમાં રાજ્યપાલના બદલે બંધારણ તજજ્ઞની જરૂર |
| આનંદ માઝગાંવકર | ૧૭ | આજના સમયમાં શાંતિવાદ : યુક્રેન યુદ્ધના વિકલ્પો વિશે સંવાદ |
| ઉર્વિન શાહ | ૧૯ | ગુજરાતની વિશિષ્ટ સંસ્થાઓની ગાથા |
| દિલીપભાઈ શાહ | ૨૦ | ભારતીય લોકશાહી : દશા અને દિશા |
| હીરલ સવાઈ | ૨૧ | સર્જકના સાથીદાર |
| સંકલિત | ૨૩ | મુંબઈ સર્વોદય મંડળ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | ફીલી બ્લેક |

પણ જો આ ત્રણેય વસ્તુઓ હોય અને બધાં જ પરમેશ્વરમાં શ્રદ્ધા રાખનારા હશે, તો યે એમને એકસાથે અનુભૂતિ થશે. ભલે બુદ્ધિની ગ્રહણક્ષમતા વત્તી ઓછી હોય, તો પણ ઈશ્વરનો સમાન અનુભવ આવી શકે. જો કે આ વાત પણ સાવ જુદી છે કે આ પ્રકારના સમૂહો પણ વિરલા (ભાગ્યે જ જોવા મળે) જ હોય છે. સામાન્ય રીતે તો આ પ્રકારના સમૂહો હોતા જ નથી. સમૂહની જગ્યાએ એમાં એક એંજિન અને બાકીના બીજા બધા ડબ્બાઓ હોય છે. ડબ્બાઓ એંજિનની સાથે સાથે જાય છે જરૂર, પણ છેવટે એંજિન એ એંજિન અને ડબ્બા તે ડબ્બા છે. આપણે એવો સમૂહ ચાહીએ છીએ કે જે એકરસ, એકદિલ હોય અને આખેઆખા સમૂહને ઈશ્વરપ્રાપ્તિની ઇચ્છા હોય.

### સહચિત્ત

ઋગ્વેદના અંતમાં આ શબ્દ આવ્યો છે, सहचित्तम् । ઋગ્વેદનો આ એક ખાસ શબ્દ છે. समानो मंत्रः समितिः समानी समानं मनः सहचित्तमेषाम् – આપણા સહુની બેઠક, આપણાં સહુનું મન એકસમાન હોય. વેદે અહીં 'સમાન' શબ્દનો પ્રયોગ કર્યો, પણ સહચિત્ત – આ એક નવો શબ્દ બનાવ્યો છે.

એકચિત્ત, સમાનચિત્ત અને સહચિત્ત – આ ત્રણેય વિશેષ પારિભાષિક શબ્દો છે. 'એકચિત્ત' શબ્દ એ પ્રલયનું લક્ષણ છે અને આ પ્રકારના પ્રલય સંભવિત થઈ શકે. 'સામન ચિત્ત' શબ્દ – સમાન કાર્યક્રમ બનાવવામાં મદદરૂપ થઈ શકે છે. અને 'સહચિત્ત' એ શબ્દ છે, જેમાં પરસ્પર એકબીજાની સામે એકબીજાનાં હૃદય ખૂલી જાય છે. સાધનામાં એકચિત્ત અવસ્થા એકદમ વ્યક્તિગત હોય છે. દરેક માણસે ભલે થોડા સમય માટે પણ થોડો સમય પ્રલયાવસ્થામાં જવું જોઈએ. પોતાનામાં લીન રહેવું જોઈએ. આમ થવાથી માણસને પોતાના તમામે તમામ વિકારોના મૂળમાં, કે જે મૂળ સ્રોતમાંથી વિકારો જન્મ્યા છે, ત્યાં સુધી પહોંચવાની એને તક મળે છે. એકચિત્ત થયા બાદ માણસને વિવિધતાનો લાભ તો નહીં મળે, બલ્કે એકતાનતા આવી જશે. વિચારમાં વૃદ્ધિ નહીં થાય, વિચારોનું સંશોધન નહીં થાય. આવું એટલા માટે થશે કે જે વિચાર મારો છે એ જ તમારો પણ છે તો પછી આપણે શા માટે ભેગા થઈશું ? પછી તો વિચાર માટે કે ચિંતન કરવા માટે મળવાની જરૂર જ રહેતી નથી. બીજાં કામો માટે ભલે મળતા રહીએ. માટે જો એકચિત્ત થશે તો સમજવું રહ્યું કે પ્રલય થવાનો છે.

ચિત્તનો લય થશે અને ચિત્તના લીન થવા પર દુનિયાનો લોપ થશે, લય થશે. આ સામ્યાવસ્થામાં ગુણક્રિયા સમાપ્ત થઈ જશે. જ્યાં દરેકનું એકચિત્ત હોય છે, તે સમાજમાં સામાજિક પ્રલય થાય છે. આ કંઈ ખરાબ વાત તો નથી, પણ વિશ્વનો પ્રલય થશે, તો પ્રકૃતિનો લય થશે. અર્થાત્ આપણી કોઈ જીવનચર્યા રહેશે નહીં, આ છે એકચિત્ત.

હવે સારા કામ માટે બધાંનું જો એકચિત્ત થશે, તો બધાને મુક્તિ મળશે. પણ જો સાવ મામૂલી એવાં કામોમાં ભૌતિક દૃષ્ટિથી એકચિત્ત થશે તો પ્રલય થશે.

વ્યક્તિગત રીત એકચિત્ત આપણે કરી શકીએ છીએ, એને એકાગ્ર ચિત્ત કહે છે. આ ચિત્તનાં અનેકવિધ પાસાઓ છે અને એની અનેકાનેક કલ્પનાઓ છે. એમાંની એકાદ કલ્પનાને પકડવાથી એમાંથી માણસને શાંતિ અને શક્તિ મળે છે, આના દ્વારા 'સમાન ચિત્ત' બનવામાં મદદ મળી રહે છે. એટલું જ નહીં, આ સિવાય અન્ય સામાજિક કાર્યોમાં 'સમાનચિત્ત' બનવામાં મદદ મળી રહે છે. એટલું જ નહીં, આ સિવાય અન્ય, સામાજિક કાર્યોમાં 'સમાનચિત્ત'નો વધુ ઉપયોગ નહીં થાય. 'સમાનચિત્ત' એટલે કોઈ એક પ્રસંગે બધાંનું એક થઈ જવું, એક સામાન્ય કાર્યક્રમ નક્કી થઈ જાય, તો સમાનચિત્ત થઈ ગયું સમજવું. સમાન ચિત્ત અર્થાત્ સર્વસામાન્ય કાર્યક્રમ. આમાં રહેલો સર્વસાધારણ અંશ સમાન રહે છે. પણ બહુ નાની વસ્તુ છે. સમાનચિત્ત સમાન કાર્યક્રમ ઘડવામાં મદદરૂપ થાય છે. સમાનચિત્તમાં એક કોમન પ્રોગ્રામની સંભાવના પડેલી હોય છે, પણ જો સહચિત્ત નહીં હોય તો તે કામ કરવા માટે જોશ, ઉત્સાહ રહેશે નહીં.

એકચિત્ત અને સમાનચિત્તથી ભિન્ન એવો આ 'સહચિત્ત' શબ્દ છે. આ ઘણો શક્તિશાળી શબ્દ છે. ખૂબ સારો શબ્દ છે. ભક્તનું આ બહુ મોટું લક્ષણ હોય છે કે વારેવારે ભેગાં મળવું, સહચિંતન કરવાની પ્રક્રિયાની જરૂરિયાતને અનુભવવી. પરસ્પર એકબીજાની સાથે સલાહ-વિમર્શ કરતા રહેવું – આ ભક્તનું લક્ષણ છે. ગીતાએ આને નામ આપ્યું છે – बोधयन्तः परस्परम् । આમ અન્યોન્ય બોધદાનની ક્રિયા થવી જરૂરી છે. તમે મને બોધ આપો અને હું તમને. તો અહીં ભક્તિમાર્ગ થઈ જાય છે. કુરાનમાં કહેવાયું છે કે, अमरुहुम शूरा बैनहुम – અંદરોઅંદર સલાહ-પરામર્શ કરીને કામ કરવું જોઈએ. પછી બધાનું સહચિત્ત થશે. આનો અર્થ એ થયો કે તમે મારા ચિત્તને બરાબર જાણો છો અને હું તમારા ચિત્તને. અને એટલા માટે જ પરસ્પર અન્યોન્ય વિશ્વાસ રહે છે.

આજે તો દુનિયામાં અન્યોન્ય વિશ્વાસનો ભારે મોટો અભાવ જણાઈ રહ્યો છે. એકબીજાને ઊંડાણપૂર્વક સમજવાના પ્રયત્નો પણ જણાતા નથી. આપણું ચિત્ત એ લોકો નથી જાણતા અને આપણે એમના ચિત્તને જાણતા નથી. બહુ થયું તો એકાદ અંશ જાણી લઈએ, બાકી શેષ બધું ગેરસમજના ક્ષેત્રમાં રહી જાય છે. જરાક અમથું જાણી સમજી લીધા પછી – એના આધારે વધારે તો અનુમાન કરી લેવાય છે અને આવાં અનુમાનોને લીધે એકબીજા માટે વધુ ને વધુ ગેરસમજ વધતી રહે છે. અને પછી એકબીજા પર એમના ખોટા – અવળા આશયોનું આરોપણ થાય છે. અને આમ પારસ્પરિક સંબંધોમાં અવિશ્વાસ કામ કરે છે. હકીકતમાં તો ગેરસમજ દૂર કરવા માટે અન્યોન્ય વિચાર વિમર્શ થવા જોઈએ. પણ વાસ્તવિકતા તો એ હોય છે કે માણસને પોતાના ચિત્તનો પણ પૂરો પરિચય હોતો નથી. માટે ગેરસમજણને કારણે ક્યારેય આપણે પ્રેમ ગુમાવવો ન જોઈએ. સમૂહમાં પ્રેમ હોય અને વિશ્વાસ હોય કે સામેવાળો જાણી જોઈને ક્યારેય ખોટાં કામ કરશે નહીં. અને ત્યારબાદ પ્રશ્નના નિરાકરણની દિશામાં પણ મદદ મળશે.

જો આપણી અંદરોઅંદર પ્રેમ, વિશ્વાસ અને આદર – આ ત્રણેય તત્ત્વ હશે તો દરેક સ્થિતિમાં આપણને હલ મળી જ આવશે. આદર એટલા માટે જરૂરી છે કે પરમાત્મા સર્વત્ર વિરાજમાન છે. પછી કોઈપણ

વ્યક્તિનો અનાદર થવો ન જોઈએ. આ મૂળભૂત પાયાની વસ્તુ છે.

તમે જે લોકો સાથે પ્રાર્થનામાં બેસો છો, એના માટે મનમાં કોઈ પણ પ્રકારનો દૂરીભાવ ન હોવો જોઈએ. અને આટલું થશે તો પ્રભુ તમારી પ્રાર્થના સાંભળશે. કેટલાક મિશનરીઓએ નક્કી કર્યું કે દર રવિવારે પ્રાર્થના માટે જવાનું છે, તો શનિવારે બધાંએ ભેગા થઈને મળવું અને ત્યારે મનમાં એકબીજા માટે જેટલા પણ સંશય હશે, તો તે બધાં ખોલીને રાખી દઈશું અને ત્યારબાદ સ્વચ્છ મનથી પ્રાર્થના કરીશું.

કોઈ પણ વ્યક્તિને આધ્યાત્મિક કામ માટે સહચિત્તની જરૂરિયાત રહેતી હોય છે. જેમાં સંપૂર્ણ હૃદય એકબીજાની સામે ખૂલતું હોય છે. જેવી રીતે આપણી સામે સૃષ્ટિ ખુલ્લી છે. નગ્નરૂપેણ સામે દેખાય છે, એવી જ રીતે આપણું હૃદય ખુલ્લું હશે, તો સહચિત્ત બનવામાં મદદ મળશે.

સહચિત્તના આધ્યાત્મિક લાભ પણ છે. મનુષ્ય પોતાના ગુણ-દોષ સહિત સૃષ્ટિ સામે ખુલ્લો છે, આ મામૂલી વાત નથી. આમ, આવી રીતે સાધક લોકો કોમન ગ્રાઉન્ડ પર આવે અને સહચિત્ત બનાવે. આમ થવાથી ગુણોનું સંકલન થશે. જેટલા ગુણો છે તેનો યોગ થશે અને દોષ-નિરસન માટે મદદ મળશે.

આપણા ચિત્તનાં અનેક સ્તર હોય છે. એકદમ ઉપલા સ્તરે આપણા અભિપ્રાય રહેતા હોય છે. આ અભિપ્રાય માટે તર્ક-દલીલ વગેરે રજૂ કરાતાં હોય છે ક્યારેક ક્યારેક આ દલીલો ગળે ઊતરતી નથી, તો ત્યારે 'કોમન ગ્રાઉન્ડ' રહેતું નથી. આનાથી સહચિત્ત બનવામાં મદદ મળતી નથી. પરંતુ આ બધી હલચલો ચિત્તના ઉપર-ઉપરના સ્તર પર રહેતી હોય છે. ચિત્તના અંતઃસ્તલમાં એકદમ ગૂઢતમ ભાવના હોય છે. સહચિત્તમાં માણસ જીવનની ગૂઢતમ ભાવનાને બીજાની સામે ખોલતો હોય છે. આ જે વસ્તુ છે તે સંસારમાં દુર્લભ તો છે જ, પરમાર્થમાં પણ દુર્લભ છે. કુટુંબમાં માતા, પિતા, બહેનો વરસો સુધી એકસાથે રહે છે, પણ તેમનાં સહચિત્ત બની શકતાં નથી. ઉપર-ઉપરના સ્તર પર એકતા હોય છે. પણ અંદરના ગૂઢતમ ભાવમાં એકતા આવી શકતી નથી. પ્રેમ છે, માટે વ્યવસ્થા ચાલે છે, પણ તે સહચિત્ત નથી. એટલા માટે જ કહેવાયું છે કે સંસારમાં સહચિત્ત દુર્લભ છે.

પારમાર્થિક ક્ષેત્રમાં પણ સહચિત્ત દુર્લભ જ છે. કેમ કે સાધકો પણ ઉપર-ઉપરના સ્તર પર જ એક હોય છે. સાધકો વિચારની ચર્ચા કરે છે. કાર્યક્રમની ચર્ચા કરે છે. આ બધું જ ઉપરનાં સ્તરો પર થાય છે. પરંતુ ભાવના સ્તર પર એક થતા નથી. અને આ ભાવ-સ્તરની નીચે એક બીજું પણ સ્તર છે, જેને અભાવ કહે છે ત્યાં માણસ આત્માની ભૂમિકામાં આવે છે. અહીં વિકાર, વિચાર, ભાવ કાંઈ પણ નહીં, આ અભાવ અર્થાત્ આત્મા. અહીં પહોંચવા માટે સહચિત્તની જરૂર પડે છે. પરંતુ સાધક તો ભાવના સ્તર પર પણ સહચિત્ત હોતા નથી. આના પરિણામે મનુષ્યના ગૂઢ આશય અવ્યક્ત રહી જાય છે. અને આ જે ગૂઢ રહે છે, તેને ખુદ માણસ પોતે પણ સમજી શકતો નથી. પોતાના ખુદના ભાવને તે પોતે જાણી-સમજી શકતો નથી. અથવા તો જેટલું પણ જાણે-સમજે છે, તેને વ્યક્ત કરી શકતો નથી. અથવા તો તે અનેક કારણોને લીધે વ્યક્ત કરવા ઇચ્છતો નથી. આપણી આવી સ્થિતિ થઈ જાય છે. એક પછી એક એટલી બધી અડચણો, અવરોધો અડંગો બનીને આવે છે. અને તે કારણે આપણને સમ્યક્ દર્શન થતું નથી.

આમાં એવું છે કે આપણે જેને 'ઓપન બુક' (ખુલ્લી કિતાબ) કહીએ છીએ, તે આપણા માટે 'ઓપન' તો છે. પણ તેમ છતાંય તે એકદમ ખૂલતી નથી. પુસ્તક છે, ખુલ્લું છે, છતાં એની ભાષા કાંઈક એવી છે કે સમજમાં આવતી નથી. એવી રીતે 'ઓપન બુક'ની જેમ જીવનારા ભાઈઓના અંતરમાં પણ કેટલાક ભાવ રહેલા હોય છે, પણ બીજા લોકો એને સમજી શકતા નથી. દુનિયામાં ભાવ-પ્રકાશનના પ્રયત્નો થતા રહેતા હોય છે. પણ તેમ છતાં એવું બિલકુલ ન માનવું કે ભાવનું સંપૂર્ણ પ્રકાશન થયું જ છે. લોકોને ઘણી બધી ગુપ્તતાઓ રાખવી પડે છે. જેવી રીતે રાજનૈતિક લોકો હોય છે. પરંતુ જે સાધક હોય છે, એમની પાસે આવું ગોપનીય શા માટે હોવું જોઈએ ? સાધકોનો તો અરસપરસનો સંબંધ જ એવો હોવો જોઈએ કે તેઓ એકબીજાની આગળ પોતાના ગૂઢતમને ખોલે. જીવનના ગોપનીય અંશને પ્રકટ કરે. જો આવું થાય તો એ ભાવ-પ્રકાશનને જરૂર મદદ મળશે. નહીં તો શું થશે ? એકબાજુ બીજાની સામે પ્રકટ કરી શકતા નથી, એટલા માટે એનું પડીકું બાંધીને રાખવું અને બીજી બાજુ એને ભૂલવાનું પણ નહીં, યાદ રાખવું. કહેવાનું પણ નહીં અને ભૂલવાનું પણ નહીં, આની બેવડી જવાબદારી આવી જાય છે. અને આ હાલતમાં પૂરેપૂરું ભાવપ્રકાશન થતું નથી. એટલા માટે જેનો ભાવ પૂર્ણ રીતે પ્રકાશિત થયો છે તેવો મનુષ્ય આખી દુનિયાને પ્યારો હશે. તે લોકોની સાથે એકાત્મ થઈ જશે.

સહચિત્તમાં આપણા હૃદયના જે અંતર્ભાવ છે, તે સાથીમિત્રો સામે ખૂલી જાય, ભલે સાથીમિત્રોના ભાવ ન ખુલ્યા હોય. 'એના ભાવ પણ મારી પાસે ખૂલશે, તો જ મારા ભાવ એની પાસે ખૂલશે.' આવું ન હોવું જોઈએ. આરંભ તો જાતથી જ કરવો જોઈએ. સાધુ પુરુષ પોતાનાથી જ આરંભ કરે છે અને સૃષ્ટિની સામે પણ એમના ભાવ ખુલ્લા રહેતા હોય છે. આખી સૃષ્ટિ સાથે આપણા ભાવ ખુલ્લા હોય, તો બહુ મોટી વાત ગણાશે.

ઋગ્વેદનો છેલ્લો મંત્ર સમરસતાનો મંત્ર છે -

समानी व आकूतिः समाना हृदयानि वः

समानमस्तु वो मनः यथा वः सुसहासति (10.24.13)

-તમારી ભાવના સમાન હો, તમારા હૃદય સમાન હો, તમારા ચિત્ત સમાન હો, જેનાથી તમારી ઉત્તમ સંગઠના થશે.

आकूतिः અર્થાત્ ભાવના, સંકલ્પ. सुसह અર્થાત્ સંગઠના, સંઘશક્તિ.

કાર્યકર્તાઓ વચ્ચે વચ્ચે મળતા રહે, સાથે મળીને સહચિંતન, સહજીવન, સહભોજન, સહભજન કરતા રહે તો સહદર્શન પણ થઈ જશે. એટલા માટે આ સમાપ્તિ-મંત્રમાં ઋષિ કહે છે - તમારો સંકલ્પ, તમારું હૃદય, તમારું મન સમાન હો, જેનાથી તમારી શક્તિ વધશે.

સૌથી મહત્ત્વની વાત એ કહી કે, ભાવના સમાન હોવી. બધાં પર વિશ્વાસ હોવો, આ બહુ મોટી વાત છે. વિશ્વાસ, ઘણા પ્રકારના હોય, પરંતુ મુખ્ય વસ્તુ તો એ છે કે હૃદય પરનો વિશ્વાસ.

(ક્રમશઃ)

# માણસાઈની કેળવણી

**મા**ણસજાતની યાત્રામાં શિક્ષણનો વિકાસ રસપ્રદ ઘટના છે. માણસ ઝાડ પર રહેતો હતો ત્યાં સુધી જીવન હતું પરંતુ અત્યંત પ્રાકૃત દશામાં. ઝાડ પરથી માણસ નીચે ઉતર્યો પછી ક્રમશ : કૃષિ સંસ્કૃતિનો વિકાસ થયો. કૃષિ સંસ્કૃતિમાં બે નયા આયામ ઉમેરાયા : (૧) પશુઓ સાથેની નિકટતા અને (૨) બાળકોની ઉછેરની કાળજી.

બાળઉછેરની કુટુંબની રીત અનોખી છે. બાળક કશું પેદા નથી કરતું અને છતાં સૌથી વધુ કાળજી લેવામાં આવે છે. કારણ કે પરિવારનું માધ્યમ પ્રેમ છે. પરિવાર વૈદિક કેળવણી નથી આપતું, પરંતુ પ્રેમ દ્વારા સદ્‌ગુણ વિકાસ કરાવે છે. એટલે મહાન ગ્રીક વિચારક એરિસ્ટોટલે કહ્યું છે કે, 'કુટુંબ એ સદ્‌ગુણોનું ઘરુવાડિયું છે.'

માણસજાતના શ્રેષ્ઠ વિચારકોને સમજાયું કે બાળક માટે વૈદિક કેળવણીની પર જરૂર છે. એના જગતભરમાં અનેક પ્રયોગો થયા છે. પશ્ચિમના એવા ત્રણ મહાન શિક્ષકો થયા છે. સોક્રેટીસ, પ્લેટો અને એરિસ્ટોટલ. બાઈબલ અને તાઓ ઉપનિષદ એના જ ગ્રંથો છે. ભારતમાં ઉપનિષદો અને ગીતા એનું જ શિક્ષણ આપે છે. ઉપનિષદ એટલે પાસે બેસવું. શિષ્ય ગુરુની પાસે રહીને તેમના જીવનમાંથી જીવનવિદ્યા શીખે તે ખ્યાલ છે. ગીતા તો ગુરુ-શિષ્યનો સંવાદ જ છે. આ સૌની શોધ એ છે કે સારો માણસ કેવી રીતે તૈયાર થાય. એના મનુષ્યત્વને અવરોધનારાં બળો દૂર થાય અને વિકસાવનારાં બળો પ્રબળ થાય એની ખોજમાંથી વૈદિક કેળવણીનો પ્રારંભ થયો છે. પ્રાચીનકાળના આશ્રમોથી એજના સ્માર્ટક્લાસ સુધીમાં શોધ તો આ જ છે. એટલે આ પૃથ્વી પર લાખો પ્રજાતિઓ છે. પરંતુ વિદ્યાલયની રચના (વૈદિક કેળવણી) માત્ર મનુષ્યજાતમાં છે.

વિદ્યાલય (પૂર્વ પ્રાથમિકથી કૉલેજ - યુનિવર્સિટી કક્ષાનું) કેટલાક ઉદ્દેશો સિદ્ધ કરવા માટે છે. તેને નીચે મુજબ ગણાવી શકાય :

વૈદિક શિક્ષણનું માધ્યમ જ્ઞાન અને પ્રેમ છે. તેના પણ બે હેતુ છે : ૧) જ્ઞાન દ્વારા જીવન જીવવા માટેનાં કૌશલ્યો શીખવવા. ૨) પ્રેમ દ્વારા સદ્‌ગુણ વિકાસ કરવો. એ માટે હૃદયની કેળવણી કરવી. માણસમાં સવળાઈ છે અને અવળાઈ પણ છે. માણસ એનું મિશ્રણ હોય છે. વાતાવરણ, ઉછેર, અનુભવ તેમાં ભાગ ભજવે છે. અવળાઈના મોટામાં મોટા પ્રતિનિધિઓ રાવણ, દુર્યોધન અને હિટલર છે. રાવણે સીતાજીનું હરણ કર્યું અને કર રૂપે ઋષિઓનું લોહી લીધું. પરિણામમાં રામ સાથેનું યુદ્ધ થયું અને કુળ-નાશ થયો. દુર્યોધનની અહંકાર, ઈર્ષા અને અવિચારીપણાને કારણે મહાભારતનું યુદ્ધ થયું. અઢાર અક્ષૌહિણી લોકો મરાયા. હિટલરે બીજું વિશ્વયુદ્ધ જગત ઉપર થોપ્યું. જર્મનીમાં ૬૦ લાખ યહુદીઓને મોતને ઘાટ ઉતાર્યા. વિશ્વયુદ્ધમાં ૪ કરોડ માણસો મર્યા.

એટલે પ્લેટોએ કહ્યું કે જે સમાજમાં શિક્ષણ ઉત્તમ તેમાં જેલ ઓછી અને શિક્ષણ નબળું કે વિકૃત તેમાં જેલ વધારે. આપણે વિદ્યાલય કેવળ પગાર કે થોડા બાળકો ભણીને ડીગ્રી મેળવે એટલા માટે ન ચલાવવું જોઈએ. આથી ઉલટું થાય છે ત્યારે દેશમાં જેલ વધારવી પડે છે. એ પણ નોંધપાત્ર છે કે જેલની રચના આ પૃથ્વી ઉપરનીકોઈ પણ પ્રજાતિમાં નથી. માત્ર માણસજાતમાં જ છે. એટલે ગુનાહિત માનસનું, અપરાધભાવનું નિવારણ કરવાનું કામ પણ વિદ્યાલયોએ કરવાનું છે. એ પણ સ્પષ્ટ થવું જોઈએ કે ગુનાહિત માનસ વારસાગત નથી, વાતાવરણ અને સંબંધગત છે. હિરણ્ય-કશ્યપને ઘેર પ્રહ્‌લાદ જન્મી શકે છે.

આપણી સ્પષ્ટતા હોય કે જ્યારે બાળક કે વિદ્યાર્થીનું અપમાન, તિરસ્કાર, પક્ષપાત કે અન્યાય થાય છે ત્યારે અસામાજિક પાકે છે. કોઈ શિક્ષકે આવી ભૂલ ન કરવી જોઈએ. એનો વિખ્યાત દાખલો કર્ણનો છે. કર્ણ અર્જુનનો બરોબરિયો હતો, મહાન બાણાવળી હતો, એવો જ દાનવીર હતો, પોતાનું મૃત્યુ થઈ શકે તો પણ ઇન્દ્ર ભિક્ષુક થઈ આવ્યા તો કવચ-કુંડલ ઉતારી આપ્યા. આવો કર્ણ સતત અપમાન અને તિરસ્કારને કારણે કૌરવોને પક્ષે રહ્યો. મહાભારતના યુદ્ધનું નિમિત્ત બન્યો.

એથી મેડમ મોન્ટેસોરીને કહેવામાં આવ્યું કે 'ઇઝરાયેલે એવી મધમાખી શોધી છે જે મધ તો બનાવે છે, પણ ડંખ નથી મારતી.' એ સાંભળીને મેડમ મોન્ટેસોરીએ કહેલું કે 'આ સારા સમાચાર છે, પણ મારી શોધે તો ડંખ વગરનો માણસ તૈયાર કરવાની છે.' શિક્ષકનું જ્ઞાન વિદ્યાર્થીને નવી દૃષ્ટિ આપે છે. નવું દર્શન આપે છે. અને તેનો પ્રેમ વિદ્યાર્થીના હૃદયને વિકસાવે છે, જે કામ માતાનો પ્રેમ કરે છે.

ભારતના મહાભાગ્યે પ્રાચીનકાળના ઋષિ-પરંપરાના શિક્ષણનો નવો અવતાર ગાંધીજીએ કરાવ્યો. તેમણે કેટલું બધું આ દેશ માટે કર્યું છે ? છતાં તેમણે કહ્યું કે 'નઈ તાલીમ એ ભારતને મારી મોટામાં મોટી ભેટ છે.' કારણ કે નઈ તાલીમ સર્વાંગી કેળવણી છે, માણસાઈની કેળવણી છે. એ અર્થમાં ગાંધીજી મહાન શિક્ષક છે. આપણી કેળવણી ખંડિત છે. તેમાં માત્ર મગજનો જ ઉપચાર થાય છે. બાળકોની સ્મૃતિનો વિકાસ થાય તેના પર જ બધો ભાર દેવાય છે. હાથ અને હૈયાની કેળવણીની બાદબાકી થઈ ગઈ છે. શ્રી અરવિંદે કહ્યું છે કે 'પૂર્ણ માનવની કેળવણી અપેક્ષિત છે.' નઈ તાલીમમાં હાથ, હૈયું અને મન ત્રણેની સમન્વિત કેળવણીનો વિચાર થયો છે માટે એ શ્રેષ્ઠ કેળવણી છે. પરંતુ આપણને એની કદર નથી, ભૂલી ગયા છીએ. સમજવું પડશે કે આ ત્રણે તત્ત્વોમાંથી કોઈ એકનો વિકાસ એ અધૂરપ છે. શરીરમાં માત્ર પગનો વિકાસ થાય તો હરખાવા જેવું નથી, એ રોગ છે, હાથીપગું છે. એમ મનુષ્યની એકાંગી કેળવણી એ વિકૃતિ છે. ત્રણે તત્ત્વોને ટૂંકમાં સમજીએ.

(૧) હાથનો વિકાસ એટલે કૌશલ્ય વિકાસ. કરતાં કરતાં શીખવું. આજે માણસ ભણે એટલે નકામો થઈ જાય છે. કરવાની તેની ક્ષમતા મર્યાદિત થઈ જાય. કૌશલ્યદિવસ માટે પરિશ્રમનું ગૌરવ ઊભું કરવું પડશે. દુનિયાના જેટલા દેશો વિકસ્યા છે, સમૃદ્ધ થયા છે તેમણે શ્રમનું ગૌરવ કર્યુ છે. પરિશ્રમથી બીજા બે ગુણો વિકસે છે. (૧) આત્મવિશ્વાસ વધે છે. પરિશ્રમી મનુષ્ય વિપત્તિઓ, પ્રતિકૂળતાઓથી ભાંગી પડતો નથી. ઝઝૂમી શકે છે. (૨) પરિશ્રમ કરનાર શ્રમનું મહત્ત્વ સમજે છે. તો શ્રમિકની કદર કરી શકે છે. પરંતુ આ દેશમાં શ્રમનું ગૌરવ ન હોવાથી શ્રમિકો, સ્ત્રીઓ, ગરીબો, ગ્રામીણોને હલકા અને તૂચ્છ ગણવામાં આવે છે. આ બદલવું હોય તો વિદ્યાલયોમાં પરિશ્રમની પ્રતિષ્ઠા કરવી જરૂરી છે.

વિદ્યાર્થી શ્રીકૃષ્ણ-સુદામા સાંદીપનિ ઋષિના આશ્રમમાં લાકડા કાપવા જેવા કઠણ કામ કરતા હતા. આજે વિદ્યાર્થીઓ સફાઈ કરે તો છાપાવાળા ખોટા પાડી ટીકા કરે છે. બહુ તો શિક્ષકો સફાઈમાં નથી જોડાતા એની ટીકા કરી શકે, પરંતુ શ્રમની કે સફાઈની ટીકા તો ના જ કરી શકાય. નઈ તાલીમ એવો ઉત્તમ વ્યવહાર શીખવે છે.

(૨) હૈયાની કેળવણી. એટલે કે સંવેદનશીલતાની કેળવણી. એમાંથી કરુણાની કેળવણી થાય છે. તો સૌને સમાન ગણતા થઈએ, સૌના સુખનો વિચાર સ્વીકાર્ય બને. ગાંધીજી ચંપારણમાં હતા ત્યારે પ્રાર્થનામાં આવવા ઘેર ઘેર જઈને બહેનો નિમંત્રણ આપતી હતી. એક ઘરમાં ત્રણ બહેનો હતી, પણ એક જ બહેન પ્રાર્થનામાં આવી શકશે તેમ કહ્યું. કારણ કે ઘરમાં એક જ સાડી હતી. આ વાત જાણીને ગાંધીજીએ (જેઓ ઘણાં કપડાં પહેરતા હતા) બે જ કપડાં પહેરવાનું વ્રત લીધું. આ સંવેદનશીલતા છે. તો સ્ત્રીઓ, દલિતો, વનવાસીઓ અને ગરીબોના હક્ક અને સમાન તકનો વિચાર આપણે સ્વીકારી શકીએ. આજે ભણેલા લૂંટારા પેદા થાય છે. ખ્યાતિ હોસ્પિટલ, છ વર્ષની બાળકી પર બળાત્કાર અને લાંચ આપો તો જ કામ થાય એ હૃદયહીનતાને કારણે છે. એટલે કલા, સાહિત્ય, ઉત્સવો, સમૂહજીવન, પ્રવાસ, સંગીત, માંદગીમાં સારવાર, જવાબદારી લેવી, બાગની સંભાળ જેવા માધ્યમોને કાળજીપૂર્વક અમલી બનાવવાની જરૂર છે.

(૩) મન (માઈન્ડ)ની કેળવણી. એટલે કે તીવ્ર અને પૃથક્કરણાત્મક બુદ્ધિનો વિકાસ. જો ભારતની વસ્તી ૧૪૦ કરોડની હોય તો એના કોયડાના ઉકેલો શોધવા તીવ્ર-તીક્ષ્ણ બુદ્ધિમત્તાની જરૂર છે. પરંતુ કેવળ યાદ રાખવાનું શીખવવાથી એ સિદ્ધ નહિ થાય. એ માટે વિદ્યાર્થીઓ શોધનાર, પૃથક્કરણ કરનાર, પ્રશ્ન પૂછનાર બને એવીરચના જરૂરી છે. આજે આપણે વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછતા કરતા નથી, પ્રશ્નો પૂછતા બંધ કરીએ છીએ. પ્રશ્નોને વિઘ્ન ગણીએ છીએ. એ બદલવું પડશે. એટલે બંધ ચોકઠાના (પરીક્ષામાં ઉત્તીર્ણ કરનારા) જ્ઞાનની જગ્યાએ મુક્ત, વિશાળ, જીવનલક્ષી જ્ઞાનની આવશ્યકતા છે. અર્જુને શ્રીકૃષ્ણને સતત પ્રશ્નો પૂછીને ગીતાનું જ્ઞાન મેળવ્યું હતું. શ્રીકૃષ્ણ અર્જુનને ફરીફરી અને અનેક રીતે સમજાવતા થાક્યા ન હતા. ગીતાનીઆરતી ઉતારવી પૂરતી નથી. એમાંથી બોધ લેવાની જરૂર છે.

મન, હૃદય અને હાથની સમન્વિત કેળવણી જ નવી કેળવણી છે, ભારતના ઉત્કર્ષની કેળવણી છે. એને પરિણામે આપણે વ્યક્તિ, સમાજ અને સમષ્ટિના સંબંધને વાજબી રીતે સમજી શકીશું. ગાંધીજીના જીવનમાંથી જાગેલું આ દર્શન છે.

દરેક માણસ અંગનું, વાણીનું અને મનનું કર્મ કરે છે. આ ત્રિવિધ કર્મોમાંથી કોઈ બાદ નથી, એટલું તો આપણને સમજાય છે, પણ દરેક કર્મોનાં પરિણામો પણ આવે છે. તે અંગે આપણે જાગ્રત નથી. આ ત્રિવિધ કર્માની ત્રિવિધ અસર થાય છે. (૧) કર્મ કરનારના ચિત્ત ઉપર એના સારા-ખરાબ કર્મોની અસર થાય છે. એ પ્રમાણે ચિત્ત સારું કે ખરાબ થાય છે. (૨) બીજી અસર સમાજ ઉપર થાય છે. વ્યક્તિના કર્મોનું પરિણામ સમાજ ઉપર આવે છે. વ્યક્તિઓ બગડે તો સમાજ પણ બગડેછે. સ્વસ્થ સમાજનું, ન્યાયી સમાજનું, સંવાદી સમાજનું નિર્માણ કરવું હોય તો દરેક વ્યક્તિએ પોતાનાં કર્મો અને તેનાં પરિણામ અંગે જાગ્રત થવું જોઈએ.

(૩) ત્રીજું પરિણામ પ્રકૃતિ ઉપર આવે છે. મનુષ્યના લોભ, અહંકાર, અન્યાય, શોષણથી છેલ્લા ત્રણસો વર્ષમાં પર્યાવરણમાં અયોગ્ય પરિવર્તનો આવ્યાં છે. અણધાર્યા ફેરફારો થાય છે.

આ સમજીએ તો આપણે આપણાં કર્મો અંગે સાવધ બનીએ. તો સમજાય કે કર્મોનાં પરિણામો માટે હું પણ જવાબદાર છું. આ જવાબદારી શીખવવી, વિદ્યાર્થીઓ જવાબદારીપૂર્વક વર્તતા થાય એ વિદ્યાલયની મૂળ કેળવણી છે. એ માટે વિદ્યાલયે પોતાના તમામ અભ્યાસક્રમો, કાર્યક્રમો અને રચનાઓ કરવાનાં છે. આવી કેળવણી એ નઈ તાલીમ છે. એ રાષ્ટ્રોદ્ધારક કેળવણી છ્ષ.

આ ત્યારે શક્ય બનશે જ્યારે દરેક શિક્ષક ભારત માટે, પોતાના રાષ્ટ્ર માટે કાર્ય કરતો હશે. શિક્ષક કાર્ય તો એક શાળામાં કરતો હશે, પરંતુ તેની આંખ રાષ્ટ્રના વિકાસ ઉપર હશે. તો કેળવણીનાં તમામ પાસાં માણસાઈનું ઘડતર કરતાં હશે. તો શોષણ, અન્યાય કે હિંસાનું સ્થાન નહિ રહે. સૌના સુખનો વિચાર કરીને જીવવું એ જ માણસાઈ છે.

ભારત આજે ગાંધીજીની શીખ ભૂલી રહ્યું છે. એનાથી તો સામાજિક અને પર્યાવરણીય પ્રશ્નો વધુ ગંભીર બનશે. એનો ઉકેલ છે ગાંધીજીએ સૂચવેલ શિક્ષણ રચના અમલમાં મૂકવી. તો નવા ભારતનું સર્જન કરી શકીશું.

**- મનસુખ સલ્લા**

(ગુજરાતી કેળવણી પરિષદ દ્વારા કસ્તુરબા સ્ત્રીવિકાસ ગૃહમાં યોજાયેલ જામનગર જિલ્લાના શિક્ષકોના 'શિક્ષણ વિમર્શ'માં આપેલ વક્તવ્ય, તા. ૧૨-૧-૨૦૨૫)

## કેળવણી માટે મથનારા...

(પાન ૯નું ચાલુ)

તો છે જ અને નવા મિત્રો પણ જોડાતા જાય છે. આવો મિત્રસમૂહ ભેગો કરી શકાયો તે દર્શાવે  છે કે કેટલીયે સંવેદનશીલ વ્યક્તિઓ બહોળી તકોથી વંચિત માનવ મહેરામણ માટે કામ કરવા તત્પર હોય જ છે. દેખીતી રીતે આવી બધી મથામણોનો અંત શક્ય હોય જ નહીં. આપણી મથામણ -બાળકોની મથામણ -સારું શિક્ષણ આપવા માંગતી વ્યક્તિઓ અને શિક્ષકોની મથામણ એ બધું ભેગું થાય તો જ કંઈક દષ્ટિ ખોલી આપતી કેડી કંડારાય.''

રશ્મિભાઈ, યુવા વયે મનમાં ઊઠેલા પ્રશ્નોના ઉકેલ મેળવવા માટે નવી કેડી કંડારનાર આર્ચ સંસ્થા સાથે જોડાયા અને આજે પણ તેઓ એ કંડારેલી કેડીને વધુ ને વધુ બાળકો અને લોકો સુધી પહોંચવા માટે લંબાવવાનું અદ્‌ભુત કામ કરી રહ્યા છે. આપણે જોયું કે- મનમાં ઊઠતો એક પ્રશ્ન કે એક વિચારમાં જ્યારે માનવતાની નિસ્બત ભળે છે ત્યારે એ મથામણ ઉત્તમ પરિણામમાં પરિણમે છે. કેળવણીની ખરી સમજ અને કામ વ્યક્તિને કેટલી નમ્ર બનાવે છે એ જોવા, સમજવા તો હુંકાર રહિત, વિનમ્ર અને મૃદુભાષી રશ્મિભાઈને મળવું જ રહ્યું.

**- રશ્મિભાઈ કાપડિયા, મિતા ઝવેરી**

# 'કેળવણી માટે મથનારા'



કેળવણીના અર્થને જે એક વખત સમજી લ્યે છે તેના હૈયે વસતી માણસ માત્ર માટેની સંવેદના એને સમાજમાં સ્થાપિત રૂઢિ અને વિચારોથી સાવ અલગ નિર્ણયો લેવાની હિંમત આપે છે અને બસ પછી શરૂ થાય છે, ડિગ્રી વગરના શિક્ષકની શિક્ષણયાત્રા, માણસને ખરા અર્થમાં 'માણસ' બનાવવાની કેળવણીની પ્રક્રિયા.

વર્ષો પહેલાં, મેડિકલ કોલેજમાં આરોગ્ય શાસ્ત્રનો અભ્યાસ કરતાં કરતાં મનમાં ઊઠેલા કેટલાક પ્રશ્નોના ઉકેલ માટે આજ સુધી કેળવણીની રાહે મથામણ કરી ઘણાં સારાં પરિણામ મેળવનાર રશ્મિભાઈ કાપડિયાની વાત આજે કરવી છે. રશ્મિભાઈનું બાળપણ અને યુવાની વીત્યાં મોહમયી મુંબઈ નગરીમાં. મકાન ચાલીવાળું. ચાલનાં બધાં બાળકોએ ભેગાં થઈ રમવાનું, ભાઈ-બહેનો સાથે દક્ષિણ મુંબઈના દરિયાકિનારે રખડવાનું, ફિલ્મો જોવાની ને ભણવું હોય એટલું જાતે ભણવાનું. વાંચવાની સામગ્રીથી ભરપૂર એવાં મુંબઈનાં સમૃદ્ધ પુસ્તકાલય ઘરની આજુબાજુ જ. દાદી સહિત ઘરમાં બધાંને વાંચનનો શોખ. એટલે બાળ રશ્મિ પણ એમાંથી બાકાત શી રીતે રહે?!

બાળપણમાં શાળાએ જવું ગમતું નહીં, પણ શાળાએ લઈ જનારા ઈબ્રાહિમભાઈ જે 'મજા'થી શાળાએ લઈ જતા એ 'મજા'નું તત્ત્વ આ નાનકડા રશ્મિને હૈયે વસી ગયેલું. ખૂબ આનંદથી ભણાવતાં શાળાનાં શિક્ષકોનો આનંદ પણ તેઓને સ્પર્શી જતો. આચાર્ય પણ કેળવણીના 'ક' ના જાણકાર. બોર્ડના વર્ષમાં પણ અન્ય શાળાઓના કડક વ્યવહારની સરખામણીએ અહીં વર્ગો ભરવા વિશે કોઈ દાબદબાણ નહીં. વિદ્યાર્થી જાતે ભણે, ન સમજાય તો શિક્ષકને પૂછે અને પુસ્તકાલયનો ભરપૂર ઉપયોગ કરે એ માટે પ્રોત્સાહિત કરે. જે પાઠ કે કવિતા 'શીખવાનાં' હોય તેમના લખનાર કવિઓ હરીન્દ્ર દવે, મનસુખલાલ ઝવેરી, વેણીભાઇ પુરોહિત એમ ઘણા સર્જકોને જ શાળામાં લઈ આવે! પોતે વર્ગ લ્યે ત્યારે અંગ્રેજીનો તાસ હોય તો પણ વિષયના અનુસંધાનમાં ફિલ્મ દેવદાસ કે મેઘાણીનાં ગીતો પણ ગવડાવે! આમ, શિક્ષણ શું ને કેળવણી શું? - તેની સમજ વિકસતી રહી.

પરીક્ષાનાં ટેન્શન ન શાળાએ શિખવાડેલાં કે ન મા-બાપે આપેલાં. આજના જેવી આતંકિત સ્પર્ધાનું તો તે વખતે નામોનિશાન જ ન હતું!

ઇન્ટરની પરીક્ષામાં, સારા શિક્ષકોએ જે શિખવાડેલું, પોતે જાતે વાંચેલું ને અભ્યાસ કરી સમજેલું, થોડું કંઈ જરૂરી ગોખેલું તે લખેલું તેથી મેડિકલમાં એડમિશન મળી ગયું ને શરૂ થઈ એક નવી સફર. ઘર અને લાયબ્રેરીની સહી-સલામત જગ્યા સિવાયની દુનિયાના લોકોને જાણવાની સફર. આ સફર રશ્મિભાઈના ભાવસભર શબ્દોમાં જ માણીએ :

''રોગ-બીમારી-તકલીફો લઈને આવતો માનવ મહેરામણ, સરકારી મોટી હૉસ્પિટલની ઓ.પી.ડી.ની ભીડમાં અટવાતા લોકો, પરાંની ટ્રેનોમાં એકબીજાને ટેકે ને એકબીજાના પરસેવાથી સુગંધાઈને રોજ ધક્કે ચડતા લોકો, હોસ્ટેલ હોય કે ઓફિસ- કોઈ ભૂખ્યું ન રહે તે માટે ટિફિન પહોંચાડનારાં લોકો ! અને પછી તો નજરમાં ઘણાં ચડવા લાગ્યાં. જોકે હૉસ્પિટલમાં રોજે રોજ નજીકથી જે જોવા મળતા તે તો દૂર દૂર ગામડેથી કે શહેરની વસ્તીઓમાંથી સારવાર માટે આવતા લોકો. પૂરતી આવકથી વંચિત, પાયાના ભણતરથી વંચિત ને કોઈપણ જાતની પદ્ધતિસરની સારવારથી વંચિત આ લોકોને સરકારી દવાખાના સિવાય કોઈ આરો ન હતો. પોતાના ઉપાયો કરી છૂટે પણ રોગ ગંભીર બને ત્યારે તો મોટા શહેરમાં જવું જ પડે. ઘણી વાર ખોટા ઉપાયોથી પણ પરિસ્થિતિ બગડી હોય. જો તેમને સામાન્ય પણ વિજ્ઞાનના અભ્યાસ આધારિત ઉપાયોની જાણકારી હોય તો તેઓ તે ઘરઆંગણે પણ અટકાવી શક્યા હોત. જેમ જેમ આ પરિચય થવા માંડ્યો તેમ તેમ મન ચકરાવે ચડવા માંડ્યું, માની લો કે ડૉક્ટર થઈ પણ ગયા, રોગોનું અને સારવારનું શિક્ષણ લઈ પણ લીધું. જો સાચી સમજ કેળવાઈ હોય તો પણ એ તો રોગનું નિદાન કરી લીધું અને દવાનું પ્રિસ્ક્રીપ્સન લખી આપ્યું એટલે કામ પૂરું. પણ પછી શું? અને માઇલોના માઈલો સુધી આવી જાણકારી કે સારવાર આપનાર જ ન હોય તો? ટી.બી. જેવા રોગોમાં બેથી ત્રણ દવાઓ એકસાથે ૯ મહિના સુધી લેવી પડે તે કેવી રીતે સમજાવવું? કે પછી બહેનોને પ્રજનનતંત્રની કોઈ જ સમજ ન હોય તો તેમની કાળજીની કે સારવારની સમજ કઈ રીતે આપવી? -એવા કેટલાય પ્રશ્નો વિશે કેળવણી જાણે મળી જ નહોતી. હા, ડૉક્ટરી અભ્યાસમાં એ વિષયો ખરા પણ એનું પરીક્ષામાં કંઈ મહત્ત્વ નહીં તો શું કામ જાણવું? અને એ વિષયનું ભણાવવાનું તો વાત જ શું કરવી? જે વિષયની ઉપયોગિતા દેશની મોટા ભાગની વસ્તીની સારવાર કે કાળજી માટે જરૂરી હોય તેની કેળવણીની કંગાળ હાલત આંખે ઊડીને વળગવા માંડી. રોગ ઊથલો મારે ને દર્દી પાછો આવે તો એટલું જ કહેવાતું કે,'તને આટલી પણ સમજણ નથી પડતી તો ડૉક્ટર શું કરે?' એને જ વઢ પડે કે દવા કેમ ન લીધી! દર્દી અને સારવાર આપનાર વચ્ચે જાણે કંઈ સંબંધ જ નહીં ને સંવાદ પણ નહીં! એ લોકોની પોતાની સમજ શું છે તે જાણવાનો કે સમજવાનો વિચાર પણ ક્યાંય દેખાતો ન હતો.

એ સમયમાં શાળાએ ન જનારો એક મોટો સમૂહ. જ્યાં શાળા હતી ત્યાં પણ શું? પોતાના શરીર વિશે કે તેની કાળજી વિશેનો અભ્યાસક્રમ તો શાળામાં આવી જ જાય. પણ એને શિખવાડે કોણ? વિજ્ઞાનની બોલબાલા તો એ સમયે પણ ખૂબ થતી પણ એ કોને અને કેટલાને પહોંચે છે તે અંગે ખૂબ ઓછી ફિકર થતી. આમ, આ પરિસ્થિતિમાં ઊભા થતા સવાલોને લીધે મૂંઝવણો જ વધતી ગઈ અને મન ઊઠતું ગયું ને આવ્યું વર્ષ ૧૯૭૫. દેશમાં 'કટોકટી'ની ઘોષણા થઈ ત્યારે ખબર પડી કે 'લોકો' માટે નીતિ-નિયમો ને તેમના વિકાસ માટે પગલાં લેવા માટેની વ્યવસ્થા માટે રાજકારણીઓથી ચલાવાતું કોઈ તંત્ર જેવું છે ખરું. પણ પેલો માનવ-મહેરામણ તો તેના માટે એક હાથવગું હથિયાર છે. આ 'કટોકટી'માં તો દેશના માનવ-મહેરામણના પ્રશ્નોના ઉકેલ માટે મથતા કેટલાયે લોકોને જેલમાં ધકેલવામાં આવ્યા અને એ લોકોનાં કાર્યો તરફ ધ્યાન દોરાવા લાગ્યું. એ લોકો કે જેઓ તકો ને અવસરોથી વંચિત દેશની મોટા ભાગની વસ્તીના પ્રશ્નોના ઉકેલના પ્રયત્નો કરવા પોતાનું જીવન અર્પિત કરી રહ્યા હતા. 'કટોકટી' તો પૂરી થઈ પણ તે પછી જે વાતાવરણ ઊભું થયું તેમાં એક નવો જુવાળ ઊઠ્યો. જયપ્રકાશજી અને તેમના જેવી ઘણી સંનિષ્ઠ વ્યક્તિઓની પ્રેરણાથી 'ગામડાં શું છે? તેના પ્રશ્નો શું છે?' તે સમજવા અને તે માટે મથવા યુવાનોનો એક મોટો સમૂહ ઊભો થયો. આ જ વાતાવરણમાં એવા મિત્રોનો પરિચય થતો ગયો કે જેઓ શહેરની વસ્તીઓમાં કે ગામમાં જઈને પ્રશ્નોના મૂળમાં જઈ, લોકોને સમજી, તેમના પ્રશ્નોને સમજી તેને ઉકેલવા માંગતા હતા. મુંબઈમાં ઊભો થયેલો સમૂહ એટલે 'છાત્ર-યુવા-સંઘર્ષવાહિની' કે 'મેડીકો ફ્રેન્ડઝ સર્કલ'. આ જાત કેળવણીમાં દાદા ધર્માધિકારી, જે. કૃષ્ણમૂર્તિ, વિનોબા, જે.પી., ઇવાન ઇલિચ વગેરે વિચારકોના કેળવણી વિશેના વિચારો મન સમક્ષ ઊઘડવા લાગ્યા. ભણેલા શિક્ષણની પાર કેળવણી જુદી છે તેનો ફરક સમજાવા લાગ્યો. અને નવેસરથી શરૂ થઈ એક કેળવણી. ને પેલું ઊઠી ગયેલું મન કંઈક સમાધાન મેળવવા માંડ્યું.

શિક્ષણને કેળવણી તરફ લઈ જવા માટેનું એક ખૂટતું પાસું દેખાવા માંડ્યું - જેમના પ્રશ્નો છે તેમની સાથે 'પરિચય' કેળવીને, તેમની સાથે બેસીને તેમના પ્રશ્નોનો અભ્યાસ ને તેના વૈજ્ઞાનિક ઉપાયો સાથે મેળ પાડતાં પાડતાં ઉકેલો શોધવા.

જોયું કે જે બાળકોને નગણ્ય ગણવામાં આવે છે, તેઓને આજુબાજુ સિવાયની બીજી દુનિયા પણ જોવી જ છે ને માણવી પણ છે. વાર્તાઓમાં અને તેનાં નાટકોમાં ઓતપ્રોત થઈ જતાં બાળકોનું એક નાનકડું ઉદાહરણ યાદ આવે છે. એક નાટકમાં બે બાળકોને એક પાત્ર સોંપેલું, રાજાની પાછળ ઊભા રહીને પંખો નાખતા સૈનિકનું. એક બાળકને ઝોકું આવી ગયું ને બીજો બાળક તરત બોલી ઊઠ્યો,'અલા ઊઠ, નોકરી જશે'. કોણ કહે છે કે તેમને નવું નવું શીખવું નથી. આ તો હજી પૂણીનો પહેલો દોરો - નક્કી કર્યું કે પૂણી, આંટી ને કપડું વણવા સુધી કેવી રીતે પહોંચવું, તેની કેળવણીની મથામણ પહેલી તો જાત માટે જ કરવી પડશે. પછી તે આરોગ્યના પ્રશ્નો હોય કે શાળાકીય શિક્ષણના. અને તેનો જ ભાગ બની, નાની-નાની પણ નવી દિશા ઉઘાડી શકે તેવી ખુલ્લા મને થતી પ્રવૃત્તિઓ.

સૌથી નજીકનો જ સમૂહ હતો અમારી હૉસ્પિટલના સફાઈ કામદારોનો - હૉસ્પિટલના કમ્પાઉન્ડમાં જ તેમનાં ઝૂંપડાં. લાઇટ પણ ઘણી વાર ન હોય. તેમનાં બાળકોને લઈને ખૂબ સામાન્ય લાગતી પ્રવૃત્તિ શરૂ કરી. અઠવાડિયામાં એકવાર વાર્તાઓ અને એક દિવસ એવો કે તેમને તેમના વિષયોમાં કોઈ તકલીફ પડતી હોય તે સમજાવવાનો પ્રયત્ન. હૉસ્પિટલ સુપ્રિટેન્ડન્ટની મંજૂરી લીધી અને તેમણે રાત્રે રોજ એક બે કલાક એ બાળકો જાતે ભણે તેવી ઓ.પી.ડી.માં બેસવાની સગવડ કરી આપી ને એટલામાં તો બાળકો ખીલી ઊઠ્યાં ! એ પણ ખ્યાલ આવ્યો કે આવી 'શિક્ષણ'ની પ્રવૃત્તિઓમાં આપણું મન પણ આનંદ માણી શકશે. એમાં સંજોગવશાત્ મુંબઈથી ગુજરાત આવવાનું થયું ને પરિચય થયો, આર્ચના મિત્રોનો. જેઓ નર્મદા કિનારે એક નાના ગામમાં બેઠેલા. માંગરોળ એક હજારની વસ્તીવાળું ગામ ને આજુબાજુની વસ્તી તડવી - વસાવા વગેરે સમૂહોની. એક બાજુ તબીબી વિજ્ઞાનના મૂળ સિદ્ધાંતો સમજીને આરોગ્ય સારવાર ઊભી કરવાની પ્રવૃત્તિઓ ને બીજી તરફ આંખો ઉઘાડી રાખી, માનવીય સંવેદનાઓને સમજીને પ્રશ્નોના સતત અભ્યાસ અને ઉકેલોની મથામણવાળું અહીંનું વાતાવરણ એક નવો દૃષ્ટિકોણ આપતું હતું. તેમાં શિક્ષણના પ્રશ્નો પણ ખરા, મૂળભૂત હક્કોના પ્રશ્નો પણ ખરા, કેટલાયે નવા વિચારકોના વિચારો પણ કાને પડવા માંડ્યા. ગાંધી-વિનોબા-જે. પી. ને માર્કસના વિચારોની સમજણ કેળવાતી ગઈ. તેમાં ઉમેરો થતો ગયો કાર્લ પોપર ને સાથે સાથે શિક્ષણ ક્ષેત્રે, 'જો પ્યાઝે'નો. માંગરોળમાં આરોગ્યની સમસ્યાઓ અંગેની પ્રવૃત્તિઓની સાથેસાથે આ બધું જાણવાનો, સમજવાનો ચસ્કો લાગવા માંડ્યો. જાતે વાંચવાનું ઓછું પણ કાને ખૂબ સંભળાય. કેળવણીનું પણ ઘડતર થવા લાગ્યું.

સમજાવા માંડ્યું કે શાળામાં નહીં ગયેલા લોકોને તેમની સમજના સ્તરે જઈ તેમના આરોગ્યના પ્રશ્નો કેમ છે? એ માટે શું કરવું? તે સમજાવવાની પ્રક્રિયા ઊભી કરીએ તો ઘણી હદે ઉકેલ લાવી શકાય છે. જોકે તેમના સામાજિક ને આર્થિક પ્રશ્નોનું જે નડતર હોય તે તો ઊભું જ રહે. એ પણ જોયું કે તેમને ઊભી થતી રોજ-બરોજની તકલીફો અને તેમાંથી ક્યારેક ગંભીર બની જતી તકલીફોનું નિવારણ તેમની સમજણમાં ઉમેરો કરીને કરી શકાય છે. લોકોની અંધશ્રદ્ધા, નુકસાનકારક માન્યતાઓ ઘણે અંશે દૂર થવા માંડે છે અને પોતાની સારવારની સમજણ પણ કેળવાવા લાગે છે.

બીજી બાજુ, બાળકોની પોતાની આવડતોનો ઉપયોગ કરી, આનંદ આપતી પ્રવૃત્તિઓમાં સાંકળીને આ જ બાળકોને ભણતરમાં રસ લેતાં કરી શકાય તેવું શાળામાં ભાગ્યે જ જોવા મળતું. તેમના વિષયોની કોઈ સમજણ વધે નહીં ને ફરી એ જ આક્ષેપ, 'આટલું પણ નથી આવડતું? તમને ભણવું જ નથી.'

પણ જ્યારથી બાળકો સાથેની પ્રવૃત્તિઓમાં જોડાવાનું થયું તો એ જ અનુભવ વારંવાર થવા માંડ્યો,'બાળકોને મજા પડે, રસ લેતાં થાય' તો તેઓ તો બધું સમજવા, ગ્રાહ્ય કરવા તત્પર જ હોય છે. પણ આવી

મથામણો તરફ તેમને પ્રેરવા આપણી મથામણો પૂરતી સક્ષમ હોય તો જ આ શક્ય થાય. એ પણ એટલું જ જરૂરી લાગતું કે એમણે મોટા થઈ જીવનના સંઘર્ષ સામે તો ઝઝૂમવાનું છે. એટલે બોલાતી ભાષામાંથી લખાતી ભાષા તરફ જવું - કુદરતની ઘટનાઓને સમજવા માટેના વિજ્ઞાનની સમજ મેળવવી અને ગણિતનો ડર દૂર કરી એનો પાયો પાકો કરવાનો. આ બધું પોતાની સમજમાં ઉમેરવાનું છે, તો એને પણ અસરકારક શિખવાડવું કઈ રીતે તે રસ્તા પણ શોધવા જ પડે.

આર્ચ, માંગરોળના અનુભવોનો નિચોડ ધરમપુરમાં શરૂ થયો આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે. કેળવણીની વાત કરી તો તેમાં નવા અભ્યાસ ઉમેરાયા ભોપાલની એકલવ્ય સંસ્થાના, મુંબઈ સ્થિત નવનિર્મિતિ સંસ્થાના અને મહારાષ્ટ્રના નાના ગામમાં કાર્ય કરતી ક્વેસ્ટ સંસ્થાના. આંગણવાડીથી માંડીને ધોરણ ૧ થી ૮ સુધીનાં બાળકોના ભાષા, ગણિત-વિજ્ઞાન ક્ષેત્રે ખેડાણ કરીને અમલ કરતી આ સંસ્થાઓના કાર્યક્રમ આજના શિક્ષણ ક્ષેત્રે ખૂબ મોટું પ્રદાન આપી રહ્યા છે. અહીં આ બધા પ્રયત્નોમાં ઉમેરો થયો ધ્રુવભાઈ ભટ્ટના સાથનો. તેમની સાથેની બાળકોની શિબિરોથી એક નવું જ પરિમાણ ઉમેરાયું. દરિયાકિનારે-નારગોલ -માધોપુર અને ગીર વગેરે જગ્યાઓએ જ્યારે બાળકોને લઈને તેઓ નીકળી પડે ત્યારે એ રખડુ ટોળીનાં બાળકોને કંઈક શીખવાડવાનું છે તેવો કોઈ ભાર ન હોય. શું શીખ્યા તે પણ પૂછવાનું ન હોય. તેવી જ રીતે યોજાતી વાંચન-શિબિરો. જે વાંચ્યું તેમાંથી શું બોધ મળ્યો તે તો કદી  પૂછવાનું જ ન હોય! બાળકો ખીલતાં જાય તે આપણને દેખાય.

ધરમપુરમાં શરૂ થયેલી સમજણ આપવાની પ્રવૃત્તિઓ દરમ્યાન બાળકોને આનંદ આપતાં આપતાં ખૂબ બધા અનુભવ થતા ગયા. પણ મૂળ વાત મનમાં ખૂંપી ગયેલી કે ઊગતાં બાળકો પોતાની રીતે આસપાસની દુનિયા માણતાં જ હોય છે, ગામમાં હોય કે શહેરમાં. તેમાં જો આપણે તેમના અનુભવોથી મેળવેલા શિક્ષણમાં, તેમને આનંદ મળે તે રીતે કંઈક ઉમેરો કરી શકીએ તો પેલું કપડું વણવાનું શરૂ કરી શકાય. પછી મૂળે આખું વણાટ તો એ બાળકો જ કરી શકે. ધ્રુવભાઈએ તેમની સ્મૃતિ નવલમાં લખ્યું છે કે, 'નિશાળેથી ચોપડી ઘરે લઈ જવાની જે મોજ પડતી તે અવર્ણનીય હતી.' ને 'પુસ્તકાલયોમાં, પુસ્તકોની દુકાનોમાં, રસ્તા પર વેચાતાં પુરાણાં પુસ્તકોના ઢગલામાં જેણે એક પણ વખત પ્રવેશ કર્યો છે તે ચોપડી નામના કાગળોની સુગંધ ક્યારેય ભૂલી શકવાના નથી.'

શિક્ષણ-કેળવણી -ભણતર-ગણતર એ બધા શબ્દોની જંજાળમાં પડ્યા વગર પહેલું તો એ કે જેવી તકો મને અને ઘણાંને મળેલી તેવી જ તકો તેમને કઈ રીતે આપવી. વિચાર્યું કે તેમની સમક્ષ સુંદર બાળસાહિત્ય રજૂ કરવું તે એ એક પાયાની પ્રવૃત્તિ હોવી જોઈએ. તેવી જ રીતે વિષય શિક્ષણ ફક્ત આનંદદાયક જ નહીં અસરકારક પણ હોય અને તેને અનુરૂપ સાહિત્ય શું હોય અને તે તેમની સમક્ષ કઈ રીતે રજૂ કરવું તેની મથામણ પણ કરવી જ પડશે. ધરમપુરના પહેલા જ અનુભવને અહીં રજૂ કરવાનું અસ્થાને નહિ હોય. એક આશ્રમશાળામાં જ્યારે વર્ગના સમયે જઈએ ને બાળકોને  કોઈપણ પ્રશ્ન પૂછવામાં આવે તો ઊંધા ફરી અદબ વાળીને ઊભા રહે અને પછી જવાબ આપે. અને રાત્રે મુક્ત ગપ્પાં મારવા બેસીએ ત્યારે ટોળે વળીને પ્રશ્નોની ભરમાર. એવા સવાલો કે મને થાય હું શું ભણ્યો છું?'ઉમરાના ઝાડને ફૂલ હોય?' એક મોટો પડકાર. ને એમાંથી શરૂ થયું નાનું ચોપાનિયું, 'ચાલને પૂછીએ' ! કોણ કહે કે આ બાળકોમાં જિજ્ઞાસા નથી ને તેમને જાણવું નથી ? હા, 'ભણવું' નથી તે શક્ય હોય. કેમ? બાળકોને સમજાવતા જોઈને શિક્ષકો જ બોલ્યા કે, ભાઈ આ બધું તો અમને જ નથી આવડતું તો પહેલાં અમને જ શિખવાડોને! એમાંથી શરૂઆત થયા શિક્ષકો સાથેના સંવાદો અને તાલીમો.

એકલવ્યના પિટારામાં હતો બાળસાહિત્યનો ખજાનો. ભારતભરની સંસ્થાઓ - N.B.T, CBT, PRATHAM વગેરે તો ખરાં જ પણ એકલવ્યનાં પોતાનાં પ્રકાશનો અને પાછળથી ઉમેરાયેલાં 'એકતારા'ના પ્રકાશનો કોઈક જુદી જ દુનિયા તરફ બાળકોનાં મન ઉઘાડી આપે છે. આમ, આર્ચ તરફથી આ પિટારો માથે ઊંચકીને ફેલાવવાની શરૂઆત કરી ને બાળકોના અદ્‌ભુત પ્રતિસાદથી એને વેગ મળતો ગયો. વળી, એકલવ્યનાં તેમજ અન્ય પ્રકાશનોનું ભાષાંતર કરી એનું પ્રકાશન ગુજરાતીમાં પણ શરૂ કર્યું. આ જ બાળ સાહિત્યને ધોરણ પ્રમાણે વર્ગીકૃત કરી વર્ગમાં જ ડિસ્પ્લે કરવા, બાળકોને જ્યારે વાંચવું હોય તેની છૂટ આપવી અને તેની આસપાસ પ્રવૃત્તિઓ ગોઠવવી તેનો પ્રતિસાદ બાળકો તરફથી જોરદાર મળવા માંડ્યો. તેમની પોતાની બોલી-ભાષા ભલે અકબંધ રહે પણ તેમને લેખિત ભાષા શીખવાની છે અને વિવિધ જ્ઞાનનો ખજાનો પણ લૂટવાનો છે તે દૃષ્ટિએ પણ આ સાહિત્યને રજૂ કરવું. એકલવ્ય દ્વારા જ ખૂબ જ મોટા સ્તરે પ્રયોગો થયા હતા - વિજ્ઞાનશિક્ષણના. પાઠ્યપુસ્તકના જ વિષયો પરંતુ એને  એ રીતે રજૂ કરવા કે બાળક-વિદ્યાર્થી પ્રવૃત્તિઓ કરતાં સૈદ્ધાંતિક સમજ જાતે જ ઊભી કરે અને આગળ જતાં આ પાકી થયેલી સમજણના આધારે જે તે વિષયમાં આગળ વધી શકે. આમ બાળસાહિત્ય અને ઉંમરને અનુરૂપ પ્રવૃત્તિઓ જે ભાષા શિક્ષણ તેમજ ગણિત શિક્ષણનો પ્રારંભિક તબક્કો હતો, તેમાં ઉમેરાઈ વિજ્ઞાન શિક્ષણની અસરકારક પ્રક્રિયાઓ. ગણિતને તો કેમ ભુલાય? એક ભયજનક અને પહેલેથી જ બાળકો અને શિક્ષકો પણ અળગા રહેવા માંગે તેવો મનાતો વિષય. બાળકોને ગણિતનું વ્યાવહારિક જ્ઞાન હોય તેને બાજુમાં રાખી ગણિત જેવા રસપ્રદ વિષયને ચોક એન્ડ ટોકમાં ઢાળી દેતી પ્રક્રિયા ગણિતના ડર સિવાય બીજું શું ઊભું કરી શકે? ગણિતશિક્ષણ વિશે જે ખેડાણ થયું છે તે સમજી અને તેનો અમલ કરવા પ્રયત્ન કરીએ તો તરત ખ્યાલ આવવા માંડે કે પ્રવૃત્તિ, વ્યવહારુ કોયડા અને રમતો એવી પ્રક્રિયાઓથી તો ઘણાંખરાં બાળકો ગણિતનો પાયો સમજી શકે છે અને આગળ જતાં જેટલું વધવું હોય તેટલું વધવા સક્ષમ બની શકે છે.

આ માટેની આપણી સક્ષમતાની કેળવણી તો કદાચ કયારેય પૂરી ન થાય. જાત-જાતનાં સંશોધનો આવે તે જાણવા પણ પહોંચી ન વળાય. તે ઉપરાંત આજે ઘણાં બધાં આ જ રીતના પ્રયત્નોમાં લાગેલા છે. તેમના અભ્યાસ પણ જરૂરી. આ રીતે આગળ વધતાં વધતાં જૂના મિત્રોનો સાથ

(જુઓ પાન નં. ૬)

# એન.એ.પી.એમ.નાં ત્રીસ વર્ષ : લોકશક્તિ અને જન રાજનીતિની યાત્રા - ૨

● **વિશ્વીકરણ અને હિંદુત્વનો મજબૂત હુમલો :**

વર્ષ ૧૯૯૮માં પહેલી વાર રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધન (એન.ડી.એ.)ની કેન્દ્રમાં સત્તા આવી. અટલ બિહારી બાજપેઈ વડાપ્રધાન બન્યા. તેની સાથે જ સાંપ્રદાયિક રાજકારણ અને નવી આર્થિક નીતિઓને બળ મળ્યું. થોડા જ મહિનાઓમાં, મે ૧૯૯૮માં પોખરણમાં પરમાણુ અખતરો કરીને એક રાષ્ટ્રવાદી પરમાણુ એજંડા સામે મૂકવામાં આવ્યો, જેને કારણે ભારત-પાકિસ્તાનની વચ્ચે અણુશસ્ત્રોની હોડની શરૂઆત થઈ. આવા માહોલની વિરુદ્ધ અવાજ ઉઠાવતા એન.એ.પી.એમ.ના મુખ્ય સાથીઓમાંના એક શાંતિ કાર્યકર સંદીપ પાંડેએ પોખરણથી સારનાથની ચાર મહિના લાંબી 'ગ્લોબલ પીસ માર્ચ'નું નેતૃત્વ કર્યું.

૧૯૯૯માં થયેલ કારગીલ યુદ્ધને કારણે બંને દેશો વચ્ચે તણાવ વધ્યો, જેનો ઉપયોગ તત્કાલીન સરકારે જનતાનું ધ્યાન હટાવીને પોતાના નવઉદારવાદી એજંડાને આગળ વધારવા માટે કર્યો. કુદરતી સંસાધનો પર કોર્પોરેટ કબજો વધતો ગયો. અને ગામો-કસ્બાઓમાં વસતી ગરીબ વસ્તી પર આર્થિક તેમજ સામાજિક પ્રહાર વધુ તીક્ષ્ણ બન્યા.

આ એ જ સમયગાળો હતો જ્યારે અણુશસ્ત્રોની વિરુદ્ધની મુહિમને નવું બળ મળ્યું અને વર્ષ ૨૦૦૦ના નવેમ્બર મહિનામાં જયપુરમાં કોઆલિશન ફોર ન્યુક્લિયર ડિસઆર્મામેન્ટ એન્ડ પીસ' (સીએનડીપી)નું ગઠન થયું, જેમાં એનએપીએમની મોટી ભૂમિકા હતી. મીઠી વીરડી (ગુજરાત), હરિપુર (પશ્ચિમ બંગાળ), કોવાડા (આંધ્રપ્રદેશ) જેવાં સ્થળોએ એનએપીએમની ભાગીદારીએ ઘણી પરમાણુ પરિયોજનાઓને રોકવા અથવા તેની ગતિ ઓછી કરવામાં મદદ કરી. સાથે સાથે, કુડનકુલમ (તામિલનાડુ) અને જૈતાપુર (મહારાષ્ટ્ર)ની જનતાનાં વિરોધ પ્રદર્શનોમાં પણ એનએપીએમએ મજબૂત સમર્થન આપ્યું.

● **બડવાની અધિવેશન ૨૦૦૦ : આવનારી લડતોની દિશા**

આવા રાજકીય માહોલમાં વર્ષ ૨૦૦૦માં એનએપીએમનું રાષ્ટ્રીય સંમેલન મધ્યપ્રદેશના બડવાની જિલ્લાના નાનકડા ગામ છોટા બડદામાં નર્મદાના કિનારે યોજવામાં આવ્યું. આ અધિવેશન આનવારાં વર્ષોની રણનીતિઓ તેમજ કાર્યક્રમોનો પાયો બની ગયું.

સંમેલનના કેન્દ્રમાં જમીનના પુનઃવિતરણ તેમજ કોર્પોરેટ કંપનીઓ દ્વારા જમીન હડપવાની યોજનાની વિરુદ્ધ સંઘર્ષનાં આયોજનો હતાં. તત્કાલીન કેન્દ્ર સરકાર દ્વારા ખૂબ ઝડપમાં હાઈવે તેમજ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રોજેક્ટસ આગળ વધી રહ્યા હતા, જેને કારણે વિસ્થાપનનો વેગ વધી રહ્યો હતો. સંમેલનમાં નક્કી કરવામાં આવ્યું કે ઉજ્જડ, સરકારી અને મોટી જમીનદારીની જમીનો ભૂમિહીનો, દલિતો, આદિવાસીઓ તેમજ હાંસિયા પરના સમુદાયોમાં વહેંચાવી જોઈએ. તેને માટે એક વ્યૂહરચના બનાવવામાં આવી. સરકારી જમીનના રેકોર્ડ એકત્ર કરીને સ્વતંત્ર સર્વેક્ષણ કરી, ગેરકાયદેસર જમીનના કબજાને ખુલ્લા પાડવા તેમજ જમીનના અધિકાર માટે લોકોને સંગઠિત કરવા. આ જ વ્યૂહરચના આગળ જઈને ૨૦૦૫ પછી એસઈઝેડ (સ્પેશિયલ ઈકોનોમિક ઝોન) વિરોધી આંદોલનોની ભૂમિકા બની.

કૃષિ સમસ્યા, જે WTO ની નીતિઓ તેમજ બિયારણના બજાર ઉપર કોર્પોરેટ કબજાને લીધે વધુ ને વધુ વિકટ થતી જતી હતી તેના ઉપર પણ ચર્ચા થઈ. સંમેલનમાં નક્કી કરવામાં આવ્યું કે ભારતે આવી આંતરરાષ્ટ્રીય સંધિઓમાંથી બહાર નીકળી જવું જોઈએ અને ખેડૂતો માટે સામાજિક સુરક્ષા, ન્યૂનતમ મજૂરી અને જમીન પરના અધિકાર સુનિશ્ચિત કરતો 'રાષ્ટ્રીય કૃષિ મજદૂર કાનૂન' બનાવવો જોઈએ. જી.એમ. પાકોનો વિરોધ અને સજીવ ખેતીને પ્રોત્સાહન આપવાની પણ વ્યૂહરચના બનાવાઈ.

મજૂરોના અધિકારો અંગે સંમેલને દઢતાપૂર્વક કહ્યું કે ખાનગીકરણ અને કોન્ટ્રેક્ટ વ્યવસ્થા મજૂરોને હાંસિયા પર ધકેલી રહી છે. અસંગઠિત મજૂરો માટે એક સમગ્ર કાયદો, જેમાં ન્યૂતનમ વેતન, પેંશન અને પરાણે છૂટા કરવાના કિસ્સાઓમાં સુરક્ષાની ગેરંટી હોય તેવી માંગણી મૂકવામાં આવી. કૃષિ, માછીમારી તેમજ ખાણકામનાં ક્ષેત્રોમાં મજૂરી છીનવી લેતા યંત્રીકરણની નીતિનો પણ વિરોધ કરવામાં આવ્યો.

સૌથી મહત્ત્વની ચર્ચા હતી તત્કાલીન સરકારની બંધારણ પર સમીક્ષા અંગેની. એનએપીએમએ તેને લોકશાહીના મૂળભૂત સ્તંભો પરનો હુમલો જ માન્યો - ધર્મનિરપેક્ષતા, સામાજિક ન્યાય અને બંધારણીય અધિકારોને નબળા પાડવાની કોશિશ. આ ચેતવણી છેક ૨૦૦૦ની સાલમાં આપવામાં આવેલી પરંતુ આજે તો આ જોખમ ખૂબ જ વિકટ થતું જતું દેખાય છે.

● **દેશ બચાઓ, દેશ બનાવો અભિયાન : એક રાષ્ટ્રીય આહ્વાન**

NAPM એ હંમેશા બંધારણની સમીક્ષાનો વિરોધ કર્યો છે. અમારું માનવું છે કે બંધારણમાં જે સામાજિક ન્યાયની જોગવાઈ છે, તેને સંપૂર્ણપણે લાગુ કરવાની જરૂર છે - તેને કોર્પોરેટ્સ અને દક્ષિણપંથી હિતો સાચવવા બદલવાની જરૂર નથી જ નથી. આ વિચારની સાથે આંદોલને એ નિર્ણય લીધો કે તે આખા દેશમાં એક જન-અભિયાન શરૂ કરશે, જેથી લોકોને પોતાના બંધારણીય અધિકારો વિશે માહિતી આપી શકાય તેમજ લોકશાહી ઉપર જે હુમલાઓ થઈ રહ્યા છે તેનો સામનો થઈ શકે.

વર્ષો વીતતાં કોર્પોરેટ શક્તિઓ મજબૂત બની અને સાંપ્રદાયિક શક્તિઓના શાસનમાં હસ્તક્ષેપ વધ્યો. એ સ્પષ્ટ થઈ ગયું કે છૂટાછવાયા વિરોધ અને વિકેન્દ્રિત ગઠબંધન, ભલે પછી તે પ્રભાવશાળી હોય, આ સંકટની વ્યાપકતા સામે લડવા માટે પૂરતું સાબિત નહીં થાય. આ જરૂરિયાતને કારણે જ ૨૦૦૨માં પાલઘર, મહારાષ્ટ્રમાં યોજાયેલી અસાધારણ રાષ્ટ્રીય બેઠક પછી 'દેશ બચાઓ, દેશ બનાવો' અભિયાનનો વિચાર મુકાયો.

૨૬ જાન્યુઆરી ૨૦૦૩ના દિવસે પ્લાચીપાડા, કેરળથી આ અભિયાનની શરૂઆત થઈ, જ્યાં કોકા-કોલા ફેક્ટરીના વિરોધમાં એક જોરદાર પ્રદર્શન યોજવામાં આવ્યું. આ વિરોધ વિશ્વિકરણની સામે એક પ્રતીકાત્મક શરૂઆત હતી. બે મહિનાથી વધુ સમય માટે ચાલેલ આ અભિયાનમાં ૧૯ રાજ્યોમાં ૩૫૦થી વધુ રેલીઓ તેમજ જનસભાઓ થઈ. ૩૦મી માર્ચે લખનઉમાં

તેનું સમાપન સંમેલન થયું, જેમાં કિશન પટનાયક, સ્વામી અગ્નિવેશ, થોમસ કોચેરી તેમજ અન્ય વરિષ્ઠ સાથીઓએ ભાગ લીધો. અભિયાનનું અંતિમ ચરણ અયોધ્યામાં થયું – જે હિંદુત્વની ઉગ્ર રાજનીતિને સીધો પડકાર હતો. ૩૧મી માર્ચે ફૈજાબાદથી ''અયોધ્યા ઘોષણા'' જાહેર કરવામાં આવી. અને 'દેશ બચાઓ દેશ બનાવો'ના નારા સાથે એક રાષ્ટ્રીય આંદોલનની પણ ઘોષણા કરવામાં આવી. આ આંદોલન એક ઐતિહાસિક ક્ષણ બની રહ્યું. તેણે NAPM ની એ પ્રતિબદ્ધતાને દોહરાવી જેમાં આર્થિક, રાજનૈતિક તેમજ સાંપ્રદાયિક સંઘર્ષોને એક સંયુક્ત રાષ્ટ્રીય લડતના સ્વરૂપમાં જોડવામાં આવી.

- **ચૂંટણીની રાજનીતિ સાથે જોડાણ : પીપલ્સ પોલિટીકલ ફ્રંટની સ્થાપના**

રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન-૧ના કાર્યકાળમાં જ્યારે પડકારો વધવા માંડ્યા ત્યારે સપ્ટેમ્બર ૨૦૦૩માં મહારાષ્ટ્રના રાલેગણમાં યોજાયેલ NAPMની રાષ્ટ્રીય બેઠકમાં ઠરાવવામાં આવ્યું કે માત્ર જન આંદોલનોથી કામ નહીં ચાલે – ચૂંટણીના રાજકારણમાં પણ હસ્તક્ષેપ જરૂરી છે. દેશના મુખ્ય પ્રવાહના પક્ષો જનતાની આકાંક્ષાઓનું પ્રતિનિધિત્વ કરવામાં અસફળ રહ્યા છે તેવું આકલન કરવામાં આવ્યું અને તેની સાથે આંદોલને એક બહુરાષ્ટ્રીય વ્યૂહરચના અંગે વિચાર કર્યો.

એવું નક્કી કરવામાં આવ્યું કે 'લોકમંચ'ના કાર્યક્રમ રાજ્ય તેમજ રાષ્ટ્રીય સ્તર પર આયોજિત કરવામાં આવશે. જ્યાં દલિતો, આદિવાસીઓ, માછીમારો તેમજ શ્રમિકોના મુદ્દાઓ પર આધારિત આંદોલનોના માધ્યમથી રાજકીય પક્ષોને પ્રશ્નો પૂછવામાં આવશે. સાથેસાથે 'લોકસંવાદ'નાં પણ આયોજન થયા, જ્યાં ચૂંટાયેલા પ્રતિનિધિઓને જનતાની સામે જવાબદાર ઠેરવવામાં આવશે. પરંતુ માત્ર જવાબદારીથી કામ ચાલવાનું ન હતું. એ બાબત પણ ધ્યાનમાં આવી કે જનતાનાં આંદોલનોનું સંસદ અને વિધાનસભાઓમાં સીધું પ્રતિનિધિત્વ હોવું જોઈએ. તેને માટે ઘણી વ્યૂહરચનાઓનો વિચાર કરવામાં આવ્યો – જન આંદોલનો સાથે જોડાયેલા ઉમેદવારોને સમર્થન આપવું, મુખ્ય રાજકીય પક્ષો સાથે સંવાદ તેમજ જન-જાગૃતિ અભિયાન ચલાવવું. પરંતુ એક ચિંતા એ પણ હતી કે ચૂંટણીના રાજકારણમાં ઊતરવાથી આંદોલનની સ્વાયત્તતા પર તો અસર નહીં થાય ને !

ડિસેમ્બર ૨૦૦૩માં દિલ્હીમાં એક રાષ્ટ્રીય વિચાર-વિમર્શનું આયોજન કરવામાં આવ્યું જેમાં સિદ્ધરાજજી, કિશન પટનાયકજી, મેધા પાટકર, અરુણા રૉય, થોમસ કોચેરી વગેરે વરિષ્ઠ સાથીઓએ મળીને ચર્ચા કરી. ૨૦૦૪ની ચૂંટણી નજીક હતી. પરંતુ ઉતાવળ ન કરવાનું નક્કી કરવામાં આવ્યું. આખરે નિર્ણય થયો કે NAPM પોતાની સ્વતંત્ર ઓળખ કાયમ રાખશે અને ચૂંટણીમાં હસ્તક્ષેપ કરવા માટે એક જુદો પરંતુ NAPM સાથે જોડાયેલ મોરચો બનાવવામાં આવશે. આમ ૨૦૦૪માં પીપલ્પસ પોલિટીકલ ફ્રંટ (PPF)ની રચના કરવામાં આવી, જેમાં NAPMના કેટલાક સંયોજકોએ સક્રિય ભૂમિકા અદા કરી. જોકે આ મોરચો બહુ લાંબા સમય સુધી સક્રિય નહીં રહ્યો પરંતુ ચૂંટણી તેમજ રાજનૈતિક સુધારા સાથે NAPM સતત સક્રિય રહ્યું.

- **રાષ્ટ્રવ્યાપી સંઘર્ષોથી વૈશ્વિક મુદ્દાઓ સુધી : ૨૦૦૪નું વર્લ્ડ સોશિયલ ફોરમ**

આ સમય દરમ્યાન જંગલોમાંથી આદિવાસીઓને જબરદસ્તીથી બહાર કાઢવા તેમજ કોર્પોરેટ્સ દ્વારા જંગલો પર કબજા કરવાની વિરુદ્ધમાં દેશભરમાં મજબૂત આંદોલનો ઊભાં થયાં. આ સંઘર્ષ મુખ્યત્વે બે ગઠબંધનના અંતર્ગત સંગઠિત થયા. ૧૯૯૮માં બનેલું નેશનલ ફોરમ ઑફ ફોરેસ્ટ પીપલ એન્ડ ફોરેસ્ટ વર્કર્સ (NFFPFW) અને ૨૦૦૩માં શરૂ થયેલ કેંપેન ફોર સર્વાઈવલ એન્ડ ડીગ્નીટી (CSD). આ જ સમયગાળામાં મજૂર આંદોલનને પણ વેગ પકડ્યો હતો. ખાસ કરીને નેશનલ કેંપેન કમિટી ફોર કન્સ્ટ્રક્શન લેબર (NCC - CL)ની આગેવાનીમાં જે નિર્માણમજૂરો માટે સામાજિક સુરક્ષા કાયદાની માંગણી કરી રહ્યા હતા. આમાં તામિલનાડુના NAPM ના સદસ્ય સંગઠન નિર્માણ મજૂર પંચાયત સંગમ (NMPS) ની ભૂમિકા મુખ્ય હતી.

ઝડપથી થઈ રહેલા શહેરીકરણ રીટેલ ક્ષેત્રમાં વિદેશી રોકાણ (FD) ના વધવાથી ગરીબોને ઉજાડવાનું તેમજ લારી-ગલ્લા વાળા તેમજ નાના દુકાનદારો પર સીધો પ્રહાર થયો. જેના જવાબમાં નેશનલ હૉકર ફેડરેશનની રચના કરવામાં આવી, જેણે આજીવિકાના અધિકારના રક્ષણ માટે સંઘર્ષ છેડ્યો. દરમિયાન ૨૦૦૧માં રાજસ્થાન પીયુસીએલ દ્વારા ભૂખ તેમજ કુપોષણ-ના મુદ્દે સુપ્રીમ કોર્ટમાં જનહિત યાચિકા દાખલ કરવામાં આવી. અને ત્યાર બાદ નેશનલ રાઈટ ટુ ફુડ કેંપેનની શરૂઆત થઈ. NAPM આ આંદોલનનું સંસ્થાપક સભ્ય છે અને આ ગઠબંધને દેશની ખાદ્ય સુરક્ષા નીતિ ઉપર પ્રભાવ પાડ્યો.

એ જ વર્ષે NAPM જનસ્વાસ્થ્ય અભિયાન (JSA)નું પણ સંસ્થાપક સદસ્ય બન્યું. જે ૧૮ રાષ્ટ્રીય નેટવર્ક એકસાથે જોડાવાથી બન્યું હતું. JSAએ ડિસેમ્બર ૨૦૦૦માં ઢાકામાં આયોજિત ગ્લોબલ પીપલ્સ હેલ્થ એસેમ્બલીને માટે આખા દેશમાં (ભારત) સંલગ્ન કાર્યક્રમો કર્યા. આની સાથેસાથે નવા સમયનાં દલિત આંદોલન પણ શરૂ થઈ રહ્યાં હતાં, જેમાં ૧૯૯૮માં બનેલો નેશનલ કેંપેન ફોર દલિત હ્યુમન રાઈટ્સ (NCDHR) અને ૨૦૦૧માં સ્થાપિત નેશનલ કન્ફેડરેશન ઑફ દલિત ઓર્ગેનાઈઝેશન (NACDOR) મુખ્ય હતાં. આ મંચોએ દલિત અધિકારોના અવાજને બુલંદ કર્યો અને નીતિગત ફેરફારો માટે મજબૂત અભિયાન ચલાવ્યાં.

આ બધા નેટવર્ક અને આંદોલનોએ રેલીઓ, યાત્રાઓ, જનજાગૃતિના કાર્યક્રમો અને કેમ્પેનનું સંગઠન કર્યું, જે ૨૦૦૪ના જાન્યુઆરી મહિનામાં મુંબઈમાં આયોજિત વર્લ્ડ સોશિયલ ફોરમ (WSF)માં મોટા પ્રમાણમાં એકત્રિત થયેલા લોકોના જમાવડામાં પરિણમ્યું. આ મંચ, જે પહેલાં ૨૦૦૧માં બ્રાઝિલના પોર્લો એલેગ્રેમાં મળ્યું હતું તેનું બીજું સંમેલન ભારતમાં યોજાયું. ભારતમાં જનઆંદોલનોની આટલી મોટી ભાગદારી અગાઉ ક્યારેય જોવા મળી ન હતી. 'એક બીજી દુનિયા સંભવ છે !'નો નારો હવે માત્ર સપનું નહીં, પરંતુ નક્કર સંભાવના બની ગઈ હતી. આ આયોજનને કારણે વિશ્વીકરણ, રાજ્ય તરફથી થતું દમન અને કોર્પોરેટ કબજા સામે થતાં આંદોલનોને નવી ઊર્જા મળી. દેશમાં જે રાજકીય પરિવર્તનો આવ્યાં તેમાં પણ આ આયોજનોનો ફાળો હતો એવું પણ માનવામાં આવે છે

(ક્રમશઃ)

**– મધુરેશ કુમાર**

# ધ્યેયસિદ્ધિ માટે માંહ્યલો હોય તો કોઈના કહ્યે ભાંગી ન પડાય

**વાત છે ૧૯૫૬ની સાલની :**

''શું ભીખુભાઈ ! આ દુદોભાઈ વાત કરે છે ઇ હાચી કે તમે તમારા હીરકાને માલપરે ભણવા મૂકવાના છો ?''

''હા ટપુભાઈ ! આપણી નિહાળ્યમાં એણે ૪ ચોપડી તો ભણી લીધી. અને મારું મન કહે છે કે હવે જમાનો ભણતરનો આવી રહ્યો છે. આપણે તો ન ભણી શક્યા, પણ આવતી પેઢીની જિંદગી સુધારવી હોય તો એને વધુ ભણતર કરાવવું જોઈએ. અમારો છોરો ભણવામાંયે પાવરધો, એમ આપણા માસ્તર પ્રતાપભાઈ વાત કરે છે. વળી માલપરે માટલિયાભાઈ અને લાલજીકાકા બેયનો આગ્રહ છે કે છોકરાને આગળ ભણાવો જ. અને બને તો અમારી માલપરાની લોકશાળામાં જ મોકલો.''

''પણ ભીખામામા ! હું થોડા દિ' પેલા ઘોઘાસમડી ગયો હતો ત્યારે માલપરાને પાદર નીકળવાનું થયેલું તંઇ ન્યાં બધાં નિહાળિયા ધોળે દિ'એ ભગડતૂતી, હતૂતૂ અને લંગડી રમતા'તા. અને શું વાત કરું તમને! મોટા ઢાંઢા-આ મારા ભાઇ બાઘલા જેવડા જેવડા છોકરાંવને મોટા તરબૂચ જેવડો દડો આમથી તેમ ને તેમથી આમ પાટાવાળી કરી ભોંય પર દોડાવતા જોયા છે. એવી નિહાળ્યમાં તો છોકરો વાંદરા જેવો થઈ જાહે હોં ! આ બાબતે કાનામામા તમારું શું માનવાનું છે. સમજાવો ભીખામામાને !'' ધનાભાઈએ વડીલને ભેરે લીધા.

''જો ભીખા ! ધનો હાચુ કે છે હો ! અને આપણા આ ગામડા ગામમાંથી અટાણ લગણમાં કોઈ છોકરું બહારગામ ભણવા ગયું હોય એવું બન્યું છે ક્યારેય ? તો પછી તારે આવો નવતર કેડો પાડવાની શી જરૂર છે ? અને આપણે તો રહ્યા ખેડૂ ! ઇ છોકરા પાંહે કરી કરીને કરાવવાની છે તો ખેડ્ય કે બીજું કંઈ ? ખેડ્યમાં વળી ભણતરની શી જરૂર હોય? જો ને આપણે કોઈ ભણ્યા છીએ ? તોયે ખેડ્ય તો કોઈ ભાત્યુની કરીએ છીએને ? અમારું તો આવું કેવાનું છે ભાઈ ! પછી ધણીનો કોઈ ધણી થોડો છે ? તારા મનમાં આવે એ સાચું !'' કાનાભાઈએ મીઠા ઠપકા સાથે ખેડૂતને કંઈ ભણવાની જરૂર ન હોવાનો અભિપ્રાય કહી સંભળાવ્યો.

''કાનાભાઈ ! આપણી ખેડ્ય અને ભણેલાની ખેડ્યમાં સો-છ નો ફેર પડે એવું માટલિયાભાઈ કહે છે. અને મારે મન તો માટલિયાભાઈનું વેણ એટલે વેદવાક્ય ! તમે બધા ભલે ના કહો, મેં તો નક્કી કરી જ વાળ્યું છે અને છોકરોયે બહારગામ ભણવા જવા તૈયાર થઈ ગયો છે. એટલે હું તો આગળ ભણવા હાલ માલપરે અને એની ઇચ્છા હશે તો આગળ ઇ કહેશે ત્યાંયે મોકલીશ. અને એને ભણવું હશે એટલું ભણાવવાની પૂરેપૂરી ઇચ્છા છે મારી તો કાનાભાઈ !'' ભીખાભાઈએ મક્કમતાથી ઉત્તર વાળ્યો.

આ ભીખાભાઈનો હીરકો એટલે હું હીરજી ભીંગરાડિયા ! જો ભીખાભાઈએ ગામલોકોની નકારાત્મક વાતોને ધ્યાનમાં લીધી હોત તો હું માલપરાની વાત્સલ્યધામ લોકશાળામાં અને ત્યાંથી આગળ નાનાભાઈ ભટ્ટ અને મનુભાઈ પંચોળી-દર્શકની ગ્રામવિદ્યાપીઠ લોકભારતીમાં ભણી કૃષિનો સ્નાતક બની પંચવટીબાગ જેવી સૌના ધ્યાન પર આવેલી વાડી ન બનાવી શક્યો હોત !

તમને બધાને પણ અનુભવ તો હશે જ કે કોઈ નવું કામ હાથમાં લઈએ ત્યારે સમાજમાં, અને એમાંય ગ્રામીણ સમાજમાં નિષ્ફળતાનો ડર દેખાડનારા ઘણા માણસો મળી આવતા હોય છે. અને ભાઈઓ ! ક્યારેક એવું પણ બને કે ''કાગનું બેસવું અને ડાળનું ભાંગવું'' જેમ એક સાથે બની રહે તેમ કોઈ એકાદ બાબતમાં થોડીકેય નિષ્ફળતા જો મળી જાય, તો આપણા મનમાં પણ એમની વાત સાચી હોવાનું લાગી જવાનું.

**એવું જ ખેતીમાં :** ખેતીમાં પણ કોઈ નવો પ્રયોગ કે કાર્યક્રમ અમલમાં મૂકતાં પહેલાં જો આપણે એના વિશે પૂરતો અભ્યાસ કર્યો હોય; એ નવતર કાર્યક્રમ પાછળ થવાના ખર્ચનો અંદાજ, એ માટેની જરૂરી મૂડીની સોઇ, એ માટે જરૂરી મજૂરો-માણસો, ઉત્પાદિત માલનું બજાર અને એ કાર્યક્રમ સામેનાં જોખમો-બધાની ઝીણવટભરી ગણતરી કર્યા પછી કાર્યક્રમ વાયેબલ બનશે જ, એવું આપણું ગણિત અને મન જો ખાતરી આપતાં હોય તો પછી અન્ય લોકો ભલે વિરોધ કરતા, આપણે એની વાતો એક કાને સાંભળી બીજા કાને કાઢી નાખવાની. સાહસ વિના કોઈ સફળતા મળતી નથી.

**એક નાનકડો પ્રસંગ :** ''શું કરે છે હીરજી ?'' મને શેઢાની ચણી બોરડી સાથે મથામણ કરતો જોઈ શેઢાપાડોશી પોપટલાલ પૂછે છે. ''ચણી બોરડીના પીલા પર મોટાં બોર આપતી બોરડીની આંખ-કલમ કરું છું.'' ''કંઈ સમજાય એવું બોલને ! શું ચણી બોરડી આંધળી હોય ? શું તું એને દેખતી કરવા નીકળ્યો છો ? તમારા ભણેલાઓનાં બધાં ગતકડાં આવાં વિચિતર જ હોય ! બોરડીનાં ઝાળાંને આંખ્યું લગાડી દેખતાં કરવાનાં હોય કે એને તો મૂળિયાસોતાં ખોતીને વાડી બહાર કાઢવાનાં હોય ? ગામ વાતું કરે છે કે ભણીને ખેતી કરવા આવ્યો છે ! આમ થતાં હશે ખેતાં ?'' બબડતા બબડતા પોપટલાલ ચાલ્યા ગયા.

પણ... પછીના વરસે જ્યારે એ જ બોરડીનું થડ મોટાં મૂઠી મૂઠી જેવડાં બોરથી લચી પડેલું ભાળ્યું અને પોપટલાલ અચંબો પામી બોલી ઊઠ્યા કે ''એલા ભાઈ હીરજી ! કમાલ કરી હો તારા ભણતરે ! આ તો 'કલમ' નહીં, 'ઇલમ' થયો કહેવાય ! આ જાદુ અમને ન શીખવે?'' પોપટલાલની ટીકાથી હિંમત હારી મેં જંગલી બોરડીઓ પર કલમ કરવાનું માંડી વાળ્યું હોત તો મારો શેઢે તો ઠીક, પણ ખુદ પોપટલાલની વાડીના શેઢે અને ચોસલાના બધા ખેડૂતોની વાડીઓને શેઢે જંગલી બોરડીનાં ઝાળાંને ગોલા અને ઉમરાન બોરનાં વૃક્ષોમાં ન ફેરવી શક્યો હોત. અરે ! બાળકો અને મોટેરાં સૌને પોતાની વાડીનાં બોર ખાતાં ન કરી શક્યો હોત.

**વાંચેલી વાર્તા :** તળાવની વચ્ચો વચ્ચ એક લીલ-શેવાળથી લથબથ અને ચીકણો બનેલ થાંભલો. એ થાંભલાની ટોચે જે ચડી બતાવે એનું સન્માન કરવું એવી મેઢક સમાજમાં હરીફાઈ ગોઠવાઈ. પણ બની રહ્યું હતું એવું કે થાંભલો એટલો બધો ચીકણો થઈ ગયેલો હતો કે જે દેડકો

ચડવાનો પ્રયત્ન કરે એ થોડેક સુધી ચડે ત્યાં લપસીને નીચે પટકાઈ પડતો હતો. ઘણા જુવાન દેડકાઓ પ્રયત્ન કરી કરી, નાસીપાસ થઈ, પટકાઈ જઈ હવે શરમના માર્યા દૂર ખસી ગયા હતા. અને હાજર સૌ બસ એવી જ વાતો કરી રહ્યા હતા કે ''આવા ચીકણા થઈ ગયેલા થાંભલા પર તો ચડી શકાય જ નહીં, જે ચડવા જશે તે લપસીને એવા ભૂંડાઈના પડશે કે એના તો ટાંટિયા જ ભાંગવાના !'' આવી વાતો સાંભળીને જે કેટલાકની થાંભલે ચડવાની ઇચ્છા હતી તેવાઓએ પણ માંડી વાળ્યું હતું.

પણ એક નાનુકડો દેડકો વારે વારે પડી જવા છતાં ફરી ફરી ઉપર ચડવાનો પ્રયત્ન કરતો જોઈ હાજર સૌ કહેવા માંડ્યા કે ''રહેવા દે ! પડી જઈશ તો નેવકો મરી જઈશ ?'' પણ ધ્યાનમાં લે એ બીજા! ''જીવ યત્ન તો ઈશ્વર કૃપા'' એ ન્યાયે કેટલીય વાર લપસી પડવા છતાં પ્રયત્ન ચાલુ રાખ્યો તો આખરે એ થાંભલાની ટોચ પર પહોંચી વિજયી બન્યો !

સન્માન વખતે પત્રકારે પૂછ્યું, ''તમારા વિજયનું રહસ્ય સમજાવો'' તો પણ દેડકો માત્ર હસ્યો. પત્રકારે દેડકાની માને પૂછ્યું કે ''આ તમારો બચ્ચો વારંવાર નિષ્ફળ જઈ રહ્યો હતો ત્યારે એ કેમ કોઈની વાત માનતો નહોતો ?'' ત્યારે એની માએ કહ્યું કે એ ક્યાંથી કોઈનું માને ? કારણ કે એ 'બહેરો' છે. એને કંઈ સંભળાતું જ નથી.'' એમ યત્ન કરનારે ક્યારેક ''બહેરા'' બની જવું પડે.

આ કોઈએ રચેલી વાર્તા હકીકતે વાસ્તવિકતા છે. જગતમાં આવા ઘણા દાખલાઓ જોવા મળતા હોય છે. કે જે માણસ કોઈની નકારાત્મક વાતોને ધ્યાનમાં લઈને પોતાના ધ્યેયને આંબવા મથતો રહે તે એક દિવસ ચોક્કસ ધ્યેય પ્રાપ્ત કરીને જ રહે છે.

**મને થયેલા અનુભવ : (૧) નવાં બીજ બાબતે :** ૧૯૬૫માં કૃષિનો સ્નાતક થઈ મેં જે દિ' ખેતી શરૂ કરી ત્યારે ''મઠિયો'' અને ''સી.જે.૭૩'' નામક કપાસની જાતો વવાતી અને એ પણ અઢી-ત્રણ ફૂટના સાંકડે પાટલે. અને બે છોડ વચ્ચે તો માંડ ચાર આંગળનો ગાળો રખાતો. એટલે કપાસ ઊગ્યા ભેળું પડું લીલકાઈ જતું. પણ નવું સંશોધિત કપાસબીજ સંકર-૪ બહાર પડ્યાભેળું મેં એ મેળવી ૬ બાય ૩ ફૂટના ગાળે બીજ ચોપી વાવેતર કર્યું. નવી જાતનો કપાસ વાવેલો સાંભળી ખેડૂતો જોવા આવે પણ છોડ બધા મોટા ગાળે ઊગેલા હોઈ પડું આખું ખાલી ખાલી જોઈ ઠપકો આપે કે, ''ભાઈ ! આપણી હાષઈ ઇ ની ઇ હાલ્ય હલાય ! આ હંસની હાલવા જતાં ક્યાંક આપણી મૂળ કાગડાની પણ ખોવાઈ જતાં વાર લાગે એવું નથી હો હીરજી ! હજી કાંઈ મોડું થઈ ગયું નથી, આ પારવા પારવા ઊગેલા છોડવા સામું મોઢું કાઢી બેસી ન રહેવાય. મેલ્ય રપટો ને પાડી દે આ બધો ઉગાવો, ને દંતાળ જોડી વાવી દે આપણો મૂળ કપાસ સી.જે.૭૩ ! બે દિ' મોડો મોડો યે એ દિ' વાળશે.''

પણ એવી સલાહ કંઈ મારા મગજમાં તો ન જ ઊતરે ! અને આ તો સંશોધન કેંદ્રનું શોધેલું સંકર બીજ હતું. અને તે પર મને વિશ્વાસ હતો. કપાસનો ઘેરો જામીને બન્યો જોવા જેવો ! આ સફળ અખતરાની વાત પહોંચી તાલુકે અને તાલુકા પ્રમુખ શ્રી લક્ષ્મણભાઈ ગોટીએ વાડી પર સંમેલન બોલાવી તાલુકાભરના ખેડૂતોને કપાસનો પ્લોટ નજરોનજર દેખાડી ''ભણેલ ખેડૂત કેવી ખેતી કરી શકે છે. તેનો આ નમૂનો છે'' કહી વાંહો થાબડ્યો.

એવું જ દેશી બાબાપુરી બાજરાની બાજુમાં મેં નવું સંશોધિત બીજ સંકર બાજરી 'સી.જે-૧૦૪' ઉગાડીને અખતરો કરેલો. બાબાપુરી બાજરો તો હોય ૭-૮ ફૂટ ઊંચો અને ડૂંડાંયે હોય મોટા હાથ હાથ લાંબાં અને જાડા ધોકા જેવાં ! જ્યારે સંકર બાજરી થઈ માંડ છાતી સમાણી, ને ડૂંડિયું યે પાતળી ને માંડ ફૂટ ફૂટ લાંબી ! આ જોઈ ગામમાં તો વાતોએ એવું જોર પકડ્યું કે ''ક્યાં રાજા ભોજ અને ક્યાં ગંગો તેલી?'' બાબાપુરીની સરસાઈ આ બાજરડી થોડી કરી શકવાની છે ?'' પણ મિત્રો, એની ખરી ખબરું તો ખળે પડી ! બાબાપુરીના બાજરા ખળે મોટો ઢગલો થયો ઢુંઢાનો અને સંકર બાજરડીને ખળે મોટો ઢગલો બન્યો દાણાનો !

**(૨)....ટપક સિંચાઈ બાબતે :** સૌરાષ્ટ્રમાં ૧૯૮૫-૮૬ અને ૮૭માં ઉપરા ઉપરીના પડેલા ૩ દુકાળ વખતે પંચવટી બાગનાં ૪૦૦૦ ફળઝાડો પાણીવાંકે મરવા પડેલાં. ખામણાં-ઢાંકણનાં, મૂળવિસ્તારનાં માટલાં દાટી તેમાં પાણી ભરી જોવા જેવા ઘણા પ્રયત્નોમાં કારી નહીં ફાવ્યા પછી, તે દિવસોમાં નવી બહાર આવેલી 'ટપક સિંચાઈ'ની વાત સાંભળી. તેનો અભ્યાસ કર્યા પછી પાણીવાંકે મરતા બાગને બચાવવા આ યોજના જ કારગત નીવડે એવું લાગતાં બેંકની લોન મેળવવાની વિધિ શરૂ કર્યા ભેળી વાતો થવા માંડી કે ''ભૂખ ભેળા થવાનાં એંધાણ છે આ બધાં'' અરે! એક વડીલે તો ત્યાં સુધી કહ્યું કે ''તું એકલો નહીં, તમે પતિ-પત્ની બેઉ ગાંડાં થઈ ગયાં છો ! આવડી મોટી લોન, અને એના વ્યાજને ઘોડાયે નહીં આંબે હો ! રહેવા દે આ ઊંઘબળ કરવાનું, આ ટીપે ટીપે પાણી ટોચે ઝાડવાં નો જીવે ! સુકાઈ જવા દ્યો આ ઝાડવાં, નહીં તો તમે સુકાઈ મરશો !''

પણ અમને ટપકના વિજ્ઞાનમાં ભરોસો હતો. બેંકની લોન લઈ ટપક બેસાડી અને માત્ર દસમા ભાગના પાણીથી ૬૦ વીઘાનો મરતો બાગ બચ્યો. આ બાબરાભૂતની ચોટલી જેવી 'ટપક' હાથ લાગ્યાને આજ ૩૨-૩૩ વરસ થઈ ગયાં છે પણ અમે એનો છેડો મૂક્યો નથી. પણ અહીંનું જોઈને ઘણાએ ટપક સિંચાઈ બેસાડી છે. દરવાજાથી ૧૦૦ ફૂટ છેટે કાળુભારનો ડેમ ભર્યો હોવા છતાં ૧૦૦ વીઘાની આખી વાડી ટપકથી જ પાણી પીવે છે અને સરસ ઉત્પાદન આપે છે.

**(૩)....સજીવ ખેતી બાતે :** ટીકાકારો તો આજેયે બસ વગર માગ્યો અભિપ્રાય આપ્યે જ રાખતા સંભળાય છે કે, ''રા.ખાતર અને ઝેરી દવાઓ વગર ઓછું પાકતું હશે ? વાતું સાંભળીને મારાભાઈ ! ઇ દિહાળે નહીં પણ રાત-વરત ઘબેડી દેતા હોય ! એ બધાની ગાડીયું ભોંમાં હાલતી હોય ભાઈ !'' પણ સંતશ્રી મોરારિબાપુ કહે છે તેમ ''ખેડૂતોને તો નિંદામણ કરવા દાડિયા કરવા પડે છે, જ્યારે આ બધા તો આપણા મનમાં ક્યાંકથી થોડાકેય નબળા વિચારો આવી ગયા હોય તો તેઓ ''નિંદા'' રૂપી નિંદણ

(જુઓ પાન નં. ૧૮)

# ડૉ. તૃપ્તિ શાહ સ્મૃતિ વ્યાખ્યાન શ્રેણી-૯

**વિષય : આંતર જોડાણો અને સમાવેશી નારીવાદ**

સહિયર (સ્ત્રી સંગઠન) વડોદરાએ સંવેદનશીલતા, સમાનતા, ન્યાય અને શાંતિ આધારિત નારીવાદી વિચારધારાને વિસ્તૃત કરવાના હેતુથી ત્રણ તબક્કામાં ખાસ તાલીમનું આયોજન કર્યું. ડૉ. તૃપ્તિ શાહ સ્મૃતિ વ્યાખ્યાન શ્રેણી ૯ અંતર્ગત આ તાલીમ યોજાઈ. તેમાં આગેવાન બહેનો અને ટીમ જોડાઈ.

ડૉ. તૃપ્તિ શાહના સ્મૃતિ દિવસ તારીખ ૨૬મી મેએ તેમનાં કાર્યો અને જીવનશૈલીની વાત સહિયરના ટ્રસ્ટી હેતલ પરમારે કરી. વધુમાં જણાવ્યું કે તેઓ શરીરરૂપે આપણી સાથે ભલે નથી પણ અલગ અલગ વ્યક્તિઓમાં એક વિચાર સ્વરૂપે જીવંત છે. ભલે બધા અલગ અલગ વ્યક્તિઓની કે વિચારોની વાત કરતાં હોય પણ અહીં તો તૃપ્તિ એ એક વિચાર જ છે. એ વિશે વિગતે પોતાના અનુભવોની વાત કરી. તેઓ માનતા હતા કે વંચિત, દબાયેલી, લઘુમતી, દલિત આદિવાસી કે અસંગઠિત ક્ષેત્રની બહેનોનો અવાજ આગળ આવે. આ મહિલાઓ સંઘર્ષની સાથે મજબૂતાઈથી નેતૃત્વમાં આવે તે જરૂરી છે. આ સંદર્ભમાં આ તાલીમ ગોઠવાઈ હતી.

સમાવેશી નારીવાદને સમજીને તેનું intersectional (આંતર જોડાણવાળું) રૂપ ઊંડાણપૂર્વક જાણી, વિચારીને વ્યક્તિત્વ અને કાર્યશૈલીમાં લાવવાનો ઉદ્દેશ્ય હતો. પિતૃસત્તાક સમાજ વ્યવસ્થામાં બહોળા પરિપ્રેક્ષ્યમાં મહિલાઓ પર થતી હિંસાને રોકવા સમજ ઊભી કરવી. જુદી જુદી પરિસ્થિતિઓમાં મહિલાઓને આગળ વધવા પર આવતા અવરોધોને દૂર કરવા, સમુદાયમાં બહેનોને એકબીજાનો સાથ સહકાર મળે, મહિલાઓ આગેવાની કરે તેમાં પુરુષોનો પણ સાથ રહે. ધર્મ અને સમાજની સાથે નેતૃત્વમાં તાલમેલ બનાવવો અને સામૂહિક એક અવાજમાં સહભાગિતા વધે તેવા પ્રયત્નોના ભાગરૂપે આ તાલીમ યોજાઈ હતી. જે આગેવાન મહિલાઓ સંગઠન સાથે જોડાઈને પોતાના સમુદાય, કુટુંબ અને ઘરમાં બદલાવ લાવવામાં સંઘર્ષ કરી રહી છે, તેઓને કામગીરી દરમિયાન અને વ્યક્તિગત રીતે નડતા પ્રશ્નો સમસ્યાઓ અને સમાધાન મળે તેવો પણ આશય હતો. નારીવાદી દષ્ટિકોણથી વિચારીએ ત્યારે વિવિધ સમુદાય, વર્ગ, જ્ઞાતિ, ધર્મના આતંરિક જોડાણો ખૂબ મહત્ત્વનાં છે.

**Pluralism : એટલે કે બહુલતાવાદ** એક એવી વિચારધારા જેમાં વિવિધ ધર્મો, સંસ્કૃતિઓ, માન્યતાઓ, ભાષાઓ કે જીવનશૈલીઓનું સહઅસ્તિત્વ અને પરસ્પર સન્માન સ્વીકારવામાં આવે. દરેક ધર્મ માનવતાવાદી છે અને તેનો અમલ પણ જરૂરી છે. ધાર્મિક પુસ્તકોને પણ મહિલાઓના દષ્ટિકોણથી સમજવાની જરૂર છે. જો સમાજમાં પરિસ્થિતિ બદલવી હોય તો દરેક સમાજે પોતાના સમુદાયની મહિલાઓને સાંભળવી જોઈએ.

**આપણી ઓળખ** : જ્યારે એક માનવી કે સ્ત્રી તરીકે વિચારીએ તો જોડનારી અને તોડનારી ઓળખની સાથે કુદરતી ઓળખ અને થોપેલી ઓળખ વચ્ચેના ભેદને પણ સમજવો જરૂરી છે. જન્મ કે જ્ઞાતિ આધારિત નહીં પણ પોતે મહેનતથી બનાવેલ ઓળખ માટે ગર્વ હોવો જોઈએ. મહિલાઓની પ્રગતિને રૂંધનાર પરંપરા, રીતરિવાજ, ભાષાપ્રયોગ અને કહેવતો, ગાળો, તહેવારો સમયે મહિલાઓની પરિસ્થિતિ વગેરે બાબતો પર પણ ચર્ચા કર્યા બાદ સ્પષ્ટતા થઈ કે જ્યારે સમાજમાં મહિલાઓ સ્વતંત્રતા, સમાનતા અને સુરક્ષાનો અનુભવ કરશે ત્યારે જ સ્વસ્થ સમાજ કહેવાશે.

ધર્મ આદર્શ છે પણ સમાજ વાસ્તવિક છે, બંધારણ આદર્શ છે પણ હકીકત વાસ્તવિક છે.

**સમાવેશી નારીવાદ** : દરેક સમાજ કે સમુદાય વચ્ચેના સંબંધો, સંસાધનોની સમાન વહેંચણી, સમાન વિકાસની તકો અને વર્તન વ્યવહાર વિશે ચર્ચા થઈ. સમાવેશી નારીવાદ સમાજના તમામ વર્ગો માટે સમાનતા પર ભાર મૂકે છે. આપણા સમાજમાં હાંસિયામાં રહેલા પીડિતોના અધિકાર સાથે તેના અધિકારોના ઉપયોગ પર ભાર મૂકે છે એવી સમજ કેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.

**નારીવાદી તર્ક** : કારણ વગર કંઈ થતું નથી. વહેમ, અંધશ્રદ્ધાથી મુક્ત થઈએ. પ્રશ્ન પૂછવાની, જવાબ આપવાની શરૂઆત કરીએ, તર્ક સાથે વાત કરીએ, સમજીએ અને તાર્કિક બનીને ના કહેવાની, સાંભળવાની હિંમત કેળવીએ. જાણકારી મેળવી આત્મવિશ્વાસ કેળવીએ. આર્થિક ભાવનાત્મક આત્મનિર્ભરતા કેળવીએ. મક્કમ બનીએ. આપણાથી જુદી વ્યક્તિ અને સમુદાયોને જાણી સંવાદ કરીએ. દરેક વ્યક્તિ અનેક ઓળખોનો સમૂહ છે. એક ઓળખથી તેના વિશે ધારણા ન કરીએ. સમનાતા આધારિત સમાજ માટે, બદલાવ માટે કામ કરીએ.

**નારીવાદી નેતૃત્વ** : નારીવાદી નેતૃત્વ સીધી અને વ્યવસ્થિત રીતે માનસિક, સામાજિક અને રાજકીય સ્તરે સમાનતા સ્થાપિત કરવા માટે કામ કરે છે. આગેવાનોને સંસ્થા દ્વારા સંબોધવામાં આવતા મુદ્દાઓની વ્યાપક જાણકારી હોવી જોઈએ. નેતૃત્વ ત્યારે જ ટકાઉ બને છે જ્યારે સ્ત્રીઓ જીવનનાં તમામ પાસાઓને સંતુલિત કરી શકે. સંસ્થા, સંગઠનોના તમામ સભ્યોએ પોતાની ભૂમિકા જાણવી જોઈએ અને કેટલાક નિર્ણયોમાં સંસ્થાના માળખાના વિકાસમાં સામેલ થવું જોઈએ.

આપણે સૌ સાથે મળી સ્ત્રી, પુરુષના માળખામાંથી બહાર નીકળી એક માનવી અને વ્યક્તિ બનીએ. એકબીજાને સાથ-સહકાર આપી દરેકના વ્યક્તિત્વ વિકાસમાં સહભાગી બનીએ.

ત્રણ તબક્કામાં થયેલ બહુવિધતા અને સહઅસ્તિત્વ વિશે ઊંડી સમજણ વિકસાવવામાં આવી. વિષય નિષ્ણાત સોફિયાખાન ઉપરાંત દરેક તબક્કામાં આગેવાન મહિલાઓની સહભાગિતા, જિજ્ઞાસા અને અનુભવો મહત્ત્વપૂર્ણ રહ્યા. પોતાના જીવનમાં સહિષ્ણુતા અને સંવેદનશીલતા મહત્ત્વની છે, તેનો સૌએ અહેસાસ કર્યો. તાલીમમાં મહિલાઓએ ખૂબ આત્મવિશ્વાસ સાથે પોતાના અનુભવો રજૂ કર્યા અને પોતાના પરિવાર અને સમુદાયમાં બહુવિધતાને સ્વીકાર કરવાની વાત કરી. દરેક જ્ઞાતિ, જાતિ, ધર્મના લોકોને સ્વીકારવાની, કોઈપણ જાતના દ્વેષ કે તણાવ વગર સંબંધો જાળવી રાખવા બાબતે પણ સ્પષ્ટ સમજ ઊભી કરી. આ તાલીમથી ફક્ત માહિતી નથી મળી પણ સામૂહિક સહભાગિતાની સાથે આવનારા ભવિષ્યમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે પ્રેરણા પણ મળી છે.

**– સહિયર ટીમ**

# સંસદીય મતવિસ્તારોના પુનઃસીમાંકનની દક્ષિણનાં રાજ્યો પર શી અસર પડશે ?

(હાલ પુનઃસીમાંકનની ચર્ચા પૂરજોશમાં ચાલુ છે અને દક્ષિણનાં રાજ્યો તે સંદર્ભે પોતાની ચિંતા જ વ્યક્ત કરી નથી રહ્યાં પણ પોતાના રાજ્યની પ્રજાને તેના ઉકેલ માટેના સંભવિત ઉપાયો પ્રયોજવાનાં સૂચન પણ કરે છે – વધુ બાળકો પેદા કરી દક્ષિણનાં રાજ્યોની વસ્તી વધારો – આ બાબત દેશ માટે ચિંતાજનક છે. તે સંજોગોમાં આ એક થોડો જૂનો લેખ આ બાબતે સારી માહિતી પૂરી પાડે છે.)

કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં ભાજપની હારથી ભારતમાં ઉત્તર/દક્ષિણ વિભાજન રાજકીય દૃષ્ટિએ વધુ સ્પષ્ટ થયું છે. કેન્દ્રમાં સત્તા પર રહેલ પક્ષ વિંધ્ય પર્વતમાળાથી નીચેના કોઈપણ રાજ્ય પર શાસન કરતું નથી. વિધાનસભા ચૂંટણીમાં કૉંગ્રેસને પણ વિજય બદલ અભિનંદન આપતાં, તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને કહ્યું કે, ''દ્રવિડ પરિવારનો ભૂમિભાગ ભાજપથી દૂર થયો છે.'' કૉંગ્રેસની જીત ખરેખર સંસ્કૃતિ, ભાષાના રાજકારણ, આર્થિક વિકાસ અને સામાજિક પરિવર્તનની દૃષ્ટિએ ઉત્તર-દક્ષિણ વિભાજનને તીવ્ર બનાવવાના પરિણામ તરીકે જોઈ શકાય છે.

ઘણા લોકો અંગ્રેજીને ગોરા લોકોના શાસનના વારસા તરીકે જોતા હોવા છતાં, અંગ્રેજી ઘણા લોકો માટે મુક્તિનું સાધન બની રહી છે. દક્ષિણે અંગ્રેજીના આ પાસાને માન્યતા આપી, જ્યારે ઉત્તરનાં ઘણાં રાજ્યોએ અંગ્રેજીના ઉપયોગને નાબૂદ કરવાનો પ્રયાસ કર્યો. બધી રીતે, અંગ્રેજી માધ્યમનું શિક્ષણ નોકરીઓ મેળવવા, કુશળતા પ્રાપ્ત કરવા અને સેવા-સંચાલિત આધુનિક અર્થતંત્રમાં પ્રવેશવામાં ફાયદા પૂરા પાડે છે. NSSO (નેશનલ સેમ્પલ સર્વે)ના શિક્ષણ સર્વે (૨૦૧૮) મુજબ, દક્ષિણ ભારતમાં બહુમતી શાળાઓમાં ધોરણ ૧૨ સુધી શિક્ષણનું માધ્યમ અંગ્રેજી છે – તેલંગાણામાં ૬૩ ટકા, કેરળમાં ૬૦.૭ ટકા, આંધ્રપ્રદેશમાં ૫૭ ટકા, તમિલનાડુમાં ૪૪ ટકા અને કર્ણાટકમાં ૩૫ ટકા. તેનાથી વિપરીત, બિહારમાં ૬ ટકા છે અને યુ.પી.માં ૧૪ ટકા શાળાઓમાં જ અંગ્રેજી માધ્યમ છે. પશ્ચિમ ભારતમાં, મહારાષ્ટ્રમાં બાળકોને શિક્ષણ આપવાની દક્ષિણની રીત તરફ ઝુકાવ વધારે છે (૨૯ ટકા લોકો અંગ્રેજી માધ્યમ પસંદ કરે છે), જ્યારે ગુજરાત (૧૨.૮ ટકા) ઉત્તરીય રાજ્યોને અનુસરે છે.

અંગ્રેજી માધ્યમનું શિક્ષણ નોકરીઓ મેળવવામાં મદદરૂપ થવા અને વ્યાપક વિશ્વમાં પ્રવેશવા માટે મદદ કરે છે. ઉચ્ચ શિક્ષણને આધુનિક અર્થતંત્રમાં ભાગીદારી દ્વારા પરંપરાગત સત્તાના પુનઃવિતરણ કરવાના સાધન તરીકે જોવામાં આવતું હતું. ઓલ ઇન્ડિયા સર્વે ઓન હાયર એજ્યુકેશન (AISHE) ૨૦૨૦-૨૧ મુજબ, દક્ષિણનાં રાજ્યોમાં ઉચ્ચ શિક્ષણમાં કુલ નોંધણીનો ગુણોત્તર (GER) ઉત્તરનાં રાજ્યો કરતાં ઘણો વધારે છે. દક્ષિણમાં, ૧૮-૨૩ વર્ષની વયજૂથના લગભગ ૫૦ ટકા યુવાનો ઉચ્ચ શિક્ષણ સંસ્થામાં નોંધાયેલા છે – આ સંદર્ભમાં અખિલ ભારતીય સરેરાશ ૨૭ ટકા છે. તમિલનાડુમાં સૌથી વધુ નોંધણી (૪૭ ટકા) છે, ત્યારબાદ કેરળ (૪૩ ટકા) અને તેલંગાણા (૩૭ ટકા) છે. ૧૬ ટકા સાથે બિહાર અને ૨૩ ટકા સાથે યુ.પી. નોંધણીની દૃષ્ટિએ સૌથી નબળું પ્રદર્શન કરનાર છે. વિંધ્ય-પર્વતમાળાથી નીચેના કોઈપણ રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થામાં નોંધણી રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઓછી નથી. હરિયાણા અને હિમાચલ સિવાયના હિંદી પટ્ટાનાં તમામ રાજ્યો – ગુજરાત, દેશના પૂર્વ અને ઉત્તર-પૂર્વીય ભાગોમાં નોંધણી રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઓછી છે.

સાર્વજનિક પુસ્તકાલયોની સ્થાપના કરીને વાંચનની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવામાં પણ દક્ષિણ અગ્રણી રહ્યું છે. ભારતમાં ૨૭,૬૮૨ જાહેર પુસ્તકાલયોમાંથી ત્રણ ચતુર્થાંશ દક્ષિણનાં રાજ્યોમાં સ્થિત છે.

ઉત્તર અને દક્ષિણનાં રાજ્યો વચ્ચે આર્થિક અસમાનતા ઊંડી છે તેનાં અન્ય કારણો ઉપરાંત એક કારણ એ છે કે રોકાણકારો સારી માળખાકીય સુવિધાઓ અને તાલીમ પામેલા માનવ બળની જ્યાં વધુ ઉપલબ્ધિ હોય તેવાં સ્થળો તરફ આકર્ષાતા હોય છે.

માથાદીઠ આવકના સંદર્ભમાં આંતરરાજ્ય અસમાનતાનો સૂચકાંક ૨૦૦૦માં ૦.૨૫ થી વધીને ૨૦૨૦માં ૦.૩૦ થયો છે – જો આપણે કર્ણાટક અને બિહારની માથાદીઠ આવકનો ગુણોત્તર લઈએ, તો આ ગુણોત્તર ૧.૯ થી વધીને ૩.૯૧ થઈ જાય છે. આજે, બિહારની સરખામણીએ કર્ણાટકમાં વ્યક્તિ ૫.૫ ગણી વધુ કમાણી કરે છે. આંધ્રપ્રદેશ (રૂ.૧,૧૪,૩૨૪), કર્ણાટક (૧,૫૪,૧૨૩), મહારાષ્ટ્ર (૧,૩૩,૩૫૬), કેરળ (૧,૩૪,૮૭૮) અને તમિલનાડુ (૧,૪૫,૫૨૮)ની માથાદીઠ આવક; બિહાર (૨૮,૧૨૭), છત્તીસગઢ (૭૨,૨૩૬), મધ્ય પ્રદેશ (૫૮,૩૩૪), રાજસ્થાન (૭૪,૦૦૯) અને ઉત્તર પ્રદેશ (૩૯,૩૭૧)ની માથાદીઠ આવક કરતાં ઘણી વધારે છે.

સંસદીય મતવિસ્તારની સીમાંકન કરવાની કવાયત ઉત્તર-દક્ષિણ વિભાજનને વધુ ઊંડી બનાવી શકે છે. દક્ષિણે કેન્દ્ર સરકારની નીતિઓને અનુસરીને વસ્તી વૃદ્ધિને નિયંત્રિત કરી છે. દક્ષિણમાં મહિલા શિક્ષણ પરના સતત ભારને કારણે આ પ્રદેશમાં કુલ પ્રજનન દરમાં દેશનાં અન્ય રાજ્યો કરતાં ઘણો ઘટાડો થયો હતો અને હવે તે ફેરબદલીના (રિપ્લેસમેન્ટ) દર કરતાં પણ ઓછો છે. પરિણામે, આ રાજ્યોની વસ્તી ઉત્તરનાં રાજ્યોની સરખામણીમાં ઘણી ધીમી ગતિએ વધી રહી છે. ભારતની વસ્તીમાં દક્ષિણના રાજ્યોનો હિસ્સો ૧૯૭૧માં ૨૪.૮ ટકા હતો ત્યાંથી ઘટીને ૨૦૨૧માં ૧૯.૯ ટકા થઈ ગયો છે જ્યારે યુ.પી. અને બિહારનો ૨૩ ટકાથી વધીને ૨૬ ટકા થયો છે. તેથી સીમાંકનમાં ફેરફાર કરવાની પ્રક્રિયામાં દક્ષિણનાં રાજ્યોનો રાજકીય દબદબો ઘટાડી શકે છે.

મીલન વૈષ્ણવ અને જેમી હીંટસન નામના રાજ્યવિજ્ઞાનના નિષ્ણાતોના અંદાજ દર્શાવે છે કે સીમાંકનમાં ફેરફાર બાદ સંસદની ૮૪૮ બેઠકોમાંથી ઉત્તર પ્રદેશને ૧૪૩ બેઠકો મળે તેમ છે જે હાલની બેઠકોમાં ૭૯ ટકાનો વધારો સૂચવે છે. કેરળનું પ્રતિનિધિત્વ યથાવત્ રહેશે અને તમિલનાડુમાં માત્ર ૧૦ બેઠકોનો વધારો થશે. વસ્તી વિષયક કારણોસર દક્ષિણની આ રાજકીય હાજરી હાંસિયામાં ચાલી જવાને કારણે દેશમાં તાણ પેદા કરી શકે છે, જેમાંથી નાણાંકીય વિષયે કેટલાક મુદ્દે હાલ તાણ દેખાઈ રહી છે.

(જુઓ પાન નં. ૧૬)

# આધુનિક સમયમાં રાજ્યપાલના બદલે બંધારણ તજ્જ્ઞની જરૂર

**સ**ર્વોચ્ચ અદાલતે તામિલનાડુ રાજ્યપાલ આર.એન. રવિના કેસમાં કરેલ હુકમ અને નિરીક્ષણો અને તેના અનુસંધાને ઝારખંડના ૪ મુદતથી સંસદ સભ્ય નિશિકાંત દુબે તેમ જ ભાજપના અન્ય સાંસદ દિનેશ શર્માનાં ઉચ્ચારણોએ સંસદ અને ન્યાયતંત્ર હેઠળ બંધારણીય સંસ્થાઓ સંબંધમાં વિવાદ પેદા થયો છે. સર્વોચ્ચ અદાલતે આ કેસમાં ઠરાવેલ છે કે રાજ્યપાલ તેમને અનુમતિ (assent) માટે મોકલાવાયેલ ખરડાઓ પર અચોક્કસ કે લાંબા સમય સુધી વીટો ધરાવતા નથી. સર્વાચ્ચ અદાલતે વધુમાં કહ્યું છે કે ત્રણ માસના સમયમાં ખરડાને અનુમતિ મળવી જોઈએ. ઉપરાંત સર્વોચ્ચ અદાલતે કહ્યું છે કે રાજ્યપાલે રાષ્ટ્રપતિની વિચારણા માટે મોકલાવેલ ખરડાએને પણ આ સમયમર્યાદા લાગુ પડે છે.

નિશિકાંત દુબે અને દિનેશ શર્માએ સર્વોચ્ચ અદાલતના આ નિર્ણય સામે વાંધો ઉઠાવેલ છે. દુબેએ તો એટલે સુધી કહ્યું છે કે સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે, તો તેમનાથી રાષ્ટ્રપતિને હુકમ થઈ જ કેવી રીતે શકે ? નિશિકાંત દુબેએ તો સર્વોચ્ચ અદાલત વિરુદ્ધ દેશમાં ગૃહયુદ્ધ ભડકાવવાનો આક્ષેપ કરીને હદ વટાવી દીધી છે. અલબત્ત, તેમની સામે સર્વોચ્ચ અદાલતની અવમાનાની અરજી થયેલ છે. ભાજપે આ નિવેદનોથી અંતર રાખેલ છે અને તે વ્યક્તિગત નિવેદનો સાથે પોતાને નિસ્બત ન હોવાનું જાહેર કરેલ છે. ભાજપ શિસ્તબદ્ધ પક્ષ ગણાય છે. તેથી તેણે ખરેખર આ નિવેદનો બદલ તેમના સભ્યો સામે શિસ્ત પગલાં લેવાં જોઈતાં હતાં, ભાજપની આ નિષ્ક્રિયતા આશ્ચર્ય સર્જે છે.

આ વિવાદ બીજા એક પ્રશ્ન તરફ દોરી જાય છે કે આધુનિક સમયમાં રાજ્યપાલ હોદ્દાની જરૂર છે ખરી ? કારણ કે વર્ષોથી એ સ્પષ્ટ થઈ ચૂક્યું છે કે આ રાજકીય નિમણૂક છે અને રાજ્યપાલ બહુધા સત્તાધારી પક્ષને રાજકીય વફાદાર રહે છે. રાજ્યપાલ હોદ્દાની શરૂઆત બ્રિટિશ શાસન દરમ્યાન થઈ હતી. તેનો મૂળ ઉદ્દેશ સ્વાતંત્ર્યસેનાનીઓની પ્રવૃત્તિઓ પર નજર રાખવાનો હતો. સ્વતંત્ર ભારતમાં રાજ્યપાલ કેન્દ્ર સરકારની રાજ્ય પરનાં આંખ-કાનની સ્થિતિ ધરાવે છે. કોઈ રાજ્યમાં બંધારણીય મશીનરી નિષ્ફળ જાય ત્યારે રાજ્યપાલ રાષ્ટ્રપતિને રાષ્ટ્રપતિશાસન દાખલ કરવાની ભલામણ કરે છે.

રાજ્યપાલે અનેક પ્રસંગોએ હોદ્દાનો દુરુપયોગ કરેલ છે. ૧૯૭૭માં મોરારજી દેસાઈ વડપણ હેઠળની સરકારે ૯ રાજ્યોમાં ધારાસભા ભંગ કરી રાષ્ટ્રપતિ શાસન દાખલ કરી નવેસરથી ચૂંટણીઓ કરાવી હતી. ૧૯૮૦માં ઇંદિરા ગાંધીની જીત બાદ તે રાજ્યોમાં ફરીથી આ જ કવાયત હાથ ધરાઈ હતી. આમ રાજ્યપાલને રાજકીય એજન્ડા પાર પાડવાનો હાથો બનાવાયા હતા. બિનભાજપી રાજ્યોના રાજ્યપાલો કેન્દ્ર સરકારના ઈશારે રાજ્ય સરકારોને હેરાન કરી રહ્યાના અહેવાલો છે. કેરળ રાજ્યમાં પણ રાજ્યપાલે ખરડાઓ પર લાંબા સમય સુધી અનુમતિ પ્રદાન ન કર્યાનો કેસ સર્વોચ્ચ અદાલતમાં વિચારાધીન છે. મમતા સરકારને હાલના રાષ્ટ્રપતિ અને એક સમયે પ.બંગાળના રાજ્યપાલ જગદીશ ધનખડે અવરોધો પેદા કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું.

હાલે સર્વોચ્ચ અદાલતમાં વકફ સુધારા કાયદાની બંધારણીયતા પર સુનાવણી યોજાઈ રહી છે. સર્વોચ્ચ અદાલતે ખુદ ત્રણ મુદ્દાઓ બાબતે પોતાની આશંકા પ્રગટ કરી હતી અને તેના પર સ્ટે મૂકવાની તૈયારી બતાવી હતી. પરંતુ કેટલીક બાબતોમાં કેન્દ્ર સરકારે પગલાં ન ભરવાની લેખિત ખાતરી આપતાં સર્વોચ્ચ અદાલતે તે તકરારી મુદ્દાઓ પર 'સ્ટે' મૂકેલ નથી. મુદ્દાની વાત એ છે કે અનેક કાયદાઓ બંધારણીયતાની દષ્ટિએ ટકી શકતા ન હોવાથી સર્વોચ્ચ અદાલતને તે રદ-વ્યર્થ જાહેર કરવાની ફરજ પડે છે. તેનાથી ન્યાયતંત્ર પર બોજો પડે છે અને સંસદે કાયદો પસાર કરવા કરેલ કવાયત નકામી જાય છે. તેથી સૂચન એવું છે કે કેન્દ્ર સરકાર તેમ જ દરેક રાજ્યમાં રાજ્યપાલના બદલે બંધારણ તજ્જ્ઞ (Expert) હોવા જોઈએ. દરેક ખરડા પર તેમ જ કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારના દરેક ધારાકીય (Legislative) પગલા પર તેમની સાથે પરામર્શ થવો જોઈએ. તેનાથી સંસદ અને ન્યાયતંત્ર વચ્ચેનો સંભવિત સંઘર્ષ અટકાવી શકાય. કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારનું દરેક પગલું બંધારણીય મર્યાદામાં જ હાથ ધરાવું જોઈએ. બંધારણીય તજ્જ્ઞની મદદથી દરેક બંધારણીય તંત્ર પોતાની હદરેખામાં જ રહેશે અને સંસદ કે ન્યાયતંત્ર સર્વોચ્ચ હોવાનો સવાલ રહેશે નહીં. કારણ કે બંધારણ જ સર્વોચ્ચ હોવાનો ખ્યાલ જ પ્રવર્તશે.

**– પ્રો. અશ્વિનકુમાર ન. કારીઆ**

---

સંઘીય વિસ્તારોના... (પાન ૧૫નું ચાલુ)

જ્યારે ૧૫મા નાણાંપંચે ૨૦૧૧ની વસ્તી ગણતરીનો ઉપયોગ કેન્દ્ર સરકાર પાસેથી રાજ્યોને કરના વિનિમય માટેના આધાર તરીકે કરવાનો નિર્ણય લીધો, ત્યારે દક્ષિણની સરકારોએ આ પગલા અંગે ચિંતા વ્યક્ત કરી – કરના વિનિમયમાં દક્ષિણનો હિસ્સો ૧૪મા નાણાંપંચમાં ૧૭.૯૮ ટકાથી ઘટીને ૧૫મા નાણાંપંચમાં ૧૫ ટકા થયો.

જીવનધોરણમાં આ તફાવતો આંતરરાજ્ય સ્થળાંતર તરફ દોરી ગયા છે, મોટાભાગે ઉત્તરીય રાજ્યોમાંથી વધુ સમૃદ્ધ દક્ષિણી રાજ્યોમાં સ્થળાંતર થાય છે. દક્ષિણે, અલબત્ત, સંકુચિત દેખાય ત્યાં સુધી પોતાની વાતને ચગાવવી ન જોઈએ કારણ – સ્થળાંતરિત મજૂરોએ તે પ્રદેશની સમૃદ્ધિમાં મોટો ફાળો આપ્યો છે.

જ્યારે લોકશાહી પ્રક્રિયામાં વ્યક્તિના સમાન અવાજને માન્યતા આપવી મહત્ત્વપૂર્ણ છે, ત્યારે સંઘીય માળખામાં સત્તાના પ્રાદેશિક સંતુલનને ઓળખવું પણ જરૂરી છે. આથી જ, ઉદાહરણ તરીકે યુ.એસ.એ.માં કેટલાંક રાજ્યોએ તેમની એક સંસદમાં તમામ એકમોને સમાન સંખ્યામાં બેઠકો આપી છે. ભારતીય સંસ્થાઓમાં આવા સુધારા કરવા માટે, અલબત્ત, ચર્ચાની જરૂર પડશે. બધાને સાથે લઈને ચાલવાના પ્રયત્નો કરવા જોઈએ.

(ઇંડિયન એક્સપ્રેસના ૩-૮-૨૩ના અંકમાં પ્રકાશિત લેખ)

અનુ : જગદીશ પટેલ **– એ.કલૈય્યારસન/ક્રીસ્ટોફર જેફરલોટ**

# આજના સમયમાં શાંતિવાદ : યુક્રેન યુદ્ધના વિકલ્પો વિશે સંવાદ

લેખિકા માઇકિન જુલ સોરેનસન, જેઓ સ્વીડનની એસ્ટફોલ્ડ યુનિવર્સિટી કૉલેજ તેમજ કાર્લસ્ટાડ યુનિવર્સિટીમાં સમાજ વિજ્ઞાનના એસોસીએટ પ્રોફેસર છે. તેઓ કહે છે :

''હું શાંતિવાદી કેમ છું, તે પ્રશ્નના જવાબને ત્રણ ભાગમાં વિભાજિત કરી શકાય તેમ છે. સૌ પ્રથમ, મને લાગે છે કે બીજા લોકોની હત્યા કરવી તે અયોગ્ય છે, અને યુદ્ધમાં લોકો મરે છે, સૈનિકોની સાથોસાથ નાગરિકો પણ. બીજું, યુદ્ધ લડવાની જે કીમત લોકો ચૂકવે છે તે ખરેખર ખૂબ જ ઊંચી હોય છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર (માળખાકીય વ્યવસ્થાઓ)ને તોડી પાડવામાં આવે છે અને જે મૂલ્યોની રક્ષા કરવા લોકો મથતા હોય છે તેમને યુદ્ધના સમયમાં જાળવી રાખવાં વધુ અઘરું બની જાય છે, જેમ કે માનવ-અધિકારોનું સન્માન. પાછલી સદીઓ દરમિયાન, રાજ્ય દ્વારા શાંતિ સ્થાપનાના હેતુ સાથે લડાયેલાં બધાં જ યુદ્ધોને ધ્યાનમાં લઈને, જો માત્ર યુદ્ધ એ જ સમાધાન હોય, તો આપણને અત્યાર સુધી વિશ્વશાંતિ મળી ચૂકી હોવી જોઈતી હતી. જોકે સૌથી મહત્ત્વનું છે મારા જવાબનો ત્રીજો ભાગ : આજે આપણે અહિંસક રીતે લડવા વિષે ઘણું જાણીએ છીએ અને આ સમજને અવગણવી માત્ર અતાર્કિક જ નહીં, તેમ કરવાથી માનવજાતિને બહુ મોટાં નુકસાન ભોગવવાં પડી રહ્યાં છે. અહિંસા અને શાંતિવાદમાં મારી વ્યક્તિગત રુચિ ઉત્પન્ન કરનાર બાબત અંગે આપણે આગળ વાત કરીશું, મને લાગે છે કે આપણે યુદ્ધના વિકલ્પોમાંના કેટલાક વિશે વાત કરીને શરૂઆત કરવી જોઈએ.''

માઇકિન આગળ કહે છે,

''મારા શૈક્ષણિક જીવનમાં, એક સામાજિક વિજ્ઞાની તરીકે હું અહિંસક પ્રતિકાર અને સંઘર્ષના ગતિશાસ્ત્ર વિષે સંશોધન અને લેખનકાર્ય કરતી રહી છું. અને એક શાંતિવાદી હોવાથી કોઈ પણ પ્રકારના યુદ્ધમાં કે તેની તૈયારીમાં જોડાવાનો ઇન્કાર કરું છું. ૨૦૨૨માં રશિયા દ્વારા યુક્રેન પર આક્રમણ કરવામાં આવ્યાના એક વર્ષ બાદ, 'શું હું શાંતિવાદી તરીકે ખરેખર આગળ વધી શકું છું ? – એ વિષે મેં પોતાની સાથેના આ સંવાદનું લેખન શરૂ કર્યું હતું. જ્યારે એનો જવાબ દૃઢ રીતે 'હા'માં પરિણમ્યો ત્યારે મેં આ સંવાદને પ્રકાશિત કરવાનું તથા શાંતિવાદ અને યુદ્ધના વિકલ્પો વિષેના સંવાદમાં વારંવાર આવતા કેટલાક પ્રશ્નોના જવાબ આપવા તેને થોડું વધુ નાટ્યાત્મક બનાવવાનું નક્કી કર્યું. 'પ્રશ્નકર્તા' જે આ ગદ્યમાં પ્રશ્નો કરે છે તે કોઈ ખરું વ્યક્તિત્વ નથી, પણ મારી શાંતિવાદી સ્થિતિમત્તા પર વ્યક્તિગત રીતે કે લખાણ દ્વારા પ્રશ્ન ઉઠાવતા તે દરેકનું પ્રતિનિધિત્વ કરનાર 'સમરૂપક' છે.

''આ પુસ્તકમાં અભિવ્યક્ત થયેલ બધા વિચારો મારા પોતાના છે. હું બધાં જ શાંતિવાદીઓના પ્રતિનિધિ તરીકે પોતાને રજૂ કરવાનો અને જેમના શોધકાર્યને હું સંદર્ભિત કરું છું તે બધાં જ વિદ્વાનોના શાંતિવાદી તરીકે હોવાનો દાવો કરતી નથી. મને આશા છે કે તમારામાંથી જેઓને અંદરથી લાગે છે કે યુદ્ધ એ યોગ્ય નથી અને જેઓ માને છે કે તેના અન્ય ઉપાયો હોવા જ જોઈએ તે સહુને મારા આ સંવાદમાં, તમે જે દલીલો (કે જવાબો) શોધી રહ્યાં હશો, તે મળી શકશે.''

એક અંદાજ મુજબ ૨૦૦૧ થી ૨૦૨૩ દરમ્યાન વિશ્વમાં ચાલતાં જુદાં-જુદાં યુદ્ધોમાં આશરે નવ-સાડા નવ લાખ લોકો મૃત્યુ પામ્યા છે. વર્ષ ૨૦૨૪માં યુક્રેનમાં તોત્તેર હજાર, મ્યાનમારમાં વીસ હજાર, સુડાનમાં પાંચ હજાર તથા ઇથિયોપિયામાં અને નાઇજીરિયામાં દસ-દસ હજાર લોકો માર્યા ગયા છે. આ પુસ્તક છપાવવા જાય છે ત્યાં સુધી ઈઝરાઇલના ગાઝા પર ચાલી રહેલા હુમલામાં લગભગ બાસઠ હજાર લોકો મૃત્યુ પામ્યા છે. દસ-વીસ-પચીસ હજાર લોકોના જાન લઈને થોડા ચો.કિ.મી. જમીન જીતી લેવાને યુદ્ધ જીતેલું કહી શકાય ખરું ?

એક વ્યક્તિ તરીકે આપણે મનની શાંતિ, સ્થિરતા ઇચ્છતા હોઈએ છીએ, પરિવારમાં અને પાડોશમાં પણ આપણને શાંતિ ગમે છે. જો દરેક વ્યક્તિ એવું ઇચ્છતી હોય તો હિંસા આવે છે ક્યાંથી ? હિંસા થાય છે કેમ ? કોણ કરાવે છે ? કોઈ સ્થાપિત હિતો ?

### હિંસાથી કયા પ્રશ્નો, કોના પ્રશ્નો ઊકલે છે ?

સ્ટોકહોમ આંતરરાષ્ટ્રીય સંશોધન સંસ્થાના (SIPRI) અહેવાલ મુજબ વર્ષ ૨૦૨૩માં વિશ્વભરમાં સૈન્ય પાછળ ૨૪૪૩ અબજ ડોલર ખર્ચાયા.

વિનોબાજી કહેતા, ''સામુદાયિક જીવનમાં અહિંસા જ અસરકારક નીવડશે એવો વિશ્વાસ હજી લોકોને બેસતો નથી. હિંસક ઉપાયો ઉપર જ મદાર રાખીને તેઓ બેઠા છે. પરંતુ હું એમ પૂછું છું કે હિંસા ઉપર આટલો મૂઢ વિશ્વાસ શા માટે ? હિંસામાં તમે એવું તે શું ભાળી ગયા છો ? હિંસાએ તમારો કયો સવાલ કાયમ માટે ઉકેલી દીધો ? હિંસાથી સારાં પરિણામ નથી આવતાં, છતાં ફરી-ફરીને એ જ હિંસાનો આશરો તમે શું કામ લો છો ?

''તો હું કહું છું કે હિંસા ઉપરનો આવો આંધળો વિશ્વાસ જરીક ઢીલો કરો અને એમ વિચારો કે હિંસાને આટલી બધી ટ્રાયલ આપી છતાં પણ જો કોઈ પરિણામ ન આવ્યું હોય, તો હિંસાના માર્ગમાં જ કાંઈક મૂળભૂત દોષ હોવો જોઈએ.''

### વિનોબા અહિંસાના માર્ગની અજમાયશ કરી જોવાની હાકલ કરે છે

એક ઉન્નત વિચાર, જે માનવઉત્ક્રાંતિમાં આગળનું ડગલું લેવામાં મદદ કરનાર કોઈ મૂલ્ય હોય તે કોઈની અંગત માલિકીનું ન હોઈ શકે. એના પડઘા-પ્રતિબિંબ આપણને દુનિયામાં ઠેકઠેકાણે જોવા મળે જ. અહિંસાના પ્રયોગ બુદ્ધ, મહાવીર, ઈશુ ખ્રિસ્ત, ગાંધી જેવા લોકોએ કર્યા. એ પ્રયોગ આજે પણ દુનિયામાં ઠેક-ઠેકાણે થઈ રહ્યા છે – ભારતમાં ભલે વિશ્વ ગુરુ બનાવવાની ખેવના હોય પણ અહિંસા માટે 'ડરપોક', 'નપુંસક', 'મજબૂરી કા નામ મહાત્મા ગાંધી' એવાં લાંછન લગાડવામાં આવતાં હોય, પણ આ પુસ્તિકામાં માયકેન સોરેનસન છેલ્લાં ૧૦૦-૧૨૫ વર્ષના સંશોધનને

ટાંકીને જણાવે છે કે અહિંસાનો પ્રયોગ જો વિશ્વાસપૂર્વક થાય તો હિંસા કરતાં વધુ અસરકારક નીવડી શકે. પશ્ચિમના દેશોમાં અહિંસાનો પદ્ધતિસરનો અભ્યાસ, વિશ્વવિદ્યાલયમાં ડિગ્રી કોર્સ, શાંતિ અને અહિંસાનું વૈજ્ઞાનિક સંશોધન વગેરે ખાસ્સાં વિકસ્યાં છે.

દુનિયાભરમાં સરકારો ચલાવનારાં, વિશ્વનાં બજારો પર આધિપત્ય જમાવનારાં કોર્પોરેટ હિતો, ઉપભોગ અને વેપારના વિશ્વીકરણની વાત કરે છે. તેમાંથી ઊભા થતા પરસ્પર હિત-સંઘર્ષ, હરીફાઈ અને હિંસાનો જવાબ આપવાની નૈતિકતા કોઈ ધરાવતાં નથી. તો બીજી તરફ વિશ્વના સૌથી સારા ફિલસૂફ, વિચારકો, કર્મશીલો પ્રેમ, ન્યાય, સમાનતા અને અહિંસાના વિશ્વીકરણની વાત કરે છે.

કોઈ યુદ્ધ અને હિંસાના ઇતિહાસનો વિદ્યાર્થી હોય કે ૨૦૨૫માં લખાઈ રહ્યું છે ત્યારે યુક્રેન, ગાઝા, સુડાન કે કોંગોમાં ચાલતી હિંસાથી ચિંતિત હોય, અરે ! અતિ સામાન્ય સમજણ હોય તોયે એ દીવા જેવું સ્પષ્ટ છે કે આજનાં યુદ્ધ અને હિંસા આવતી કાલનાં યુદ્ધ અને હિંસાનાં બીજ રોપે છે. હિંસા એ માત્ર એટલા માટે ઘૃણાસ્પદ નથી કે આપણને લોહીલુહાણ થયેલા લોકો જોવા નથી ગમતા, પરંતુ અહિંસા એ માનવ-ઉત્ક્રાંતિનું આગળનું ડગલું છે, તેથી પણ તે અતિ અનિવાર્ય છે.

૨૦મી સદીમાં થયેલાં બે વિશ્વયુદ્ધોની વાર્તાઓ સાંભળીએ, કેટલા લોકો હોમાયા છે, કેટલું લોહી વહ્યું છે, શસ્ત્ર વ્યાપારના આંકડા જોઈએ, લાભ કોને થયો, લોહી કોનું વહ્યું વગેરે જોઈએ તો આપણા ધ્યાનમાં આવશે કે હિંસામાં કેટલાંયનું સ્થાપિત હિત રહેલું છે. તેથી સરકારો અને વેપારીઓ ક્યારેય અહિંસા માટે પ્રયત્ન નહીં કરે. અહિંસા ત્યારે જ સફળ થઈ છે જ્યારે લોકોએ સંગઠિત પ્રયત્નો કર્યા છે.

આ પુસ્તિકા દ્વારા માયકેનબેન પુરવાર કરે છે કે અહિંસા કોઈ ડરપોક કે મજબૂર વ્યક્તિનું શસ્ત્ર નથી બલ્કે, તેનાથી ઊલટું નિર્ભય, માનવ-સમાજને એક કદમ આગળ લઈ જવા ઇચ્છનારનું શસ્ત્ર છે. તેટલું જ નહીં પણ તેમાં વ્યૂહરચના હોય, પદ્ધતિસરનો કાર્યક્રમ હોય, તાલીમ હોય, તથા અહિંસક 'સેના' પણ હોય. આ પુસ્તક મૂળ અંગ્રેજીમાં લખાયું અને ત્યારબાદ યુરોપની અન્ય ભાષાઓમાં પણ તેનાં ભાષાંતરો છપાયાં છે. યજ્ઞ પ્રકાશનનું મૂળ વિચારબીજ સત્ય-અહિંસા છે. આ પુસ્તક આજની પરિસ્થિતિમાં અહિંસાનો માર્ગ કઈ રીતે સફળતાપૂર્વક અપનાવી શકાય તે સમજાવવાનો પ્રયત્ન કરે છે.

**– આનંદ મઝગાંવકર**




વધુ આંકડાકીય માહિતી માટે જુઓ : (https://watson.brown.edu/costosowar/figures/2021/WarDeathToll) (https://en.wikipedia.org/wiki/Listofongoingarmedconflicts)

પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન :
યજ્ઞ પ્રકાશન
હુજરાતપાગા, વડોદરા.

પાન-૯૦, કિ.રૂ. ૫૦/-

**ધ્યેય સિદ્ધિ માટે માંચલો..** (પાન ૧૩નું ચાલુ)

એમના ખર્ચે કરી આપણને સજાગ રાખે છે. આ બધા તો આપણા હિતેચ્છુ ગણાય આપણે આ બાજુ કાન નહીં ધરવાના'' એવું જ કરવું પડશે આવી ખેતી કરનારાઓએ.

**ક્યારેક 'નિષ્ફળ' પણ થઈ જવાય તો શું થઈ ગયું ?** આ તો ખેતી છે ભાઈ ! આમાં બધું ખેડૂતનું જ ધાર્યું થતું હોય એવું નથી. અમે ઘણાં વરસો પહેલાં પંચવટીબાગમાં ૨૫ વીઘામાં સાગની ખેતીનો પ્રયોગ કરેલો. ખાતર-પોતર, નિંદણ-ગોડ, પિયત માટે ટપક ! કહોને સેવા-ચાકરી ને સગવડ બાબતે એક ગાદલું ને ગોદડું બે જ આપવાનું બાકી હતું. છતાં સાગને અમારી વાડી ન ગમી. છોડવા ઊંચાઈ પકડી ગયા સારી પણ થડને જાડું બનાવવા બાબતે ઢીલા પડ્યા. અમારી નીચેની ચીકણી-ગોરમટિયાળ જમીન, અહીંનું સૂકું વાતાવરણ અને રેશનીંગથી મળતાં પિયત વચ્ચે ૭ વરસ રોક્યાં પણ એને ને અમને બંનેને ઘડચ ન પડતાં તેનો વિદાય કાર્યક્રમ ગોઠવવો પડ્યો. કહોને, સાગની ખેતીમાં અમે નિષ્ફળ ગયા.

પણ સાચું કહીએ તો એથીયે લાભ જ થયો કે આ વિસ્તારમાં કોઈ ખેડૂત શેઢે-પાળે ટવર્યા ટવર્યા સાગના રોપા રોપે એનો વાંધો નહીં, પણ મોટું વાવેતર કરતાં પહેલાં જરૂર વિચારશે કે ''પંચવટીબાગમાં સાગની ખેતીમાં હીરજી ભીંગરાડિયા નિષ્ફળ ગયો છે. માટે આપણે ૭ ગળણે ગાળીને પાણી પીશું ?'' મારી નિષ્ફળતાથી અન્ય ખેડૂતોને તો લાભ જ થયો છે.

**અંતે** : આપણે નક્કી કરેલા ધ્યેયને પૂરી મક્કમતાથી વળગી રહી-દુનિયા શું કહે છે તેની વાતોને કાને ધર્યા વિના કે તેની સામે લક્ષ્ય આપ્યા વિના આપણી મંઝીલ તરફ આગળ વધતા રહીએ તો ધાર્યું પરિણામ ચોક્કસ મળી રહે છે એવો અનુભવ અમને અને મક્કમ પ્રયોગવીરોને તો થયો છે, ખેડૂત ભાઈઓ !

(પંચવટી બાગ, માલપરા, જિ.બોટાદ) **– હીરજી ભીંગરાડિયા**
મો.: ૯૩૨૭૫૭૨૨૯૭

# વાચકોના પત્રોમાંથી

- **શાંતિલાલ ગઢિયા,** (વડોદરા, ફોન : ૦૨૬૫-૨૭૫૦૨૭૫)

ગાંધીજીના પુત્ર હરિલાલભાઈનાં દોહિત્રી સુશ્રી નીલમબહેન પરીખ પરનો લેખ (અંક ૧૬-૫-૨૫) વિગતપૂર્ણ છે. બાણું વર્ષે નીલમબહેનનું અવસાન થયું. દેશના સદ્‌ભાગ્યે ગાંધીજીની ચોથી પેઢીની વ્યક્તિ આપણી વચ્ચે હતી. ભૂમિપુત્રે સંભવિત તમામ સ્રોતો (બાબુભાઈ દરજી, સોનલબહેન પરીખ, કાંતિભાઈ શાહ આદિ)થી માહિતી એકઠી કરી સુચારુ સંકલન કર્યું છે. નીલમબહેન લિખિત પુસ્તકોની યાદી સાથે મુખપૃષ્ઠોની તસવીર પણ મૂકી છે. અ..ભિ...નં...દ...ન... નરહરિભાઈ પરીખ નીલમબહેનનાં બહેનના સસરા થાય એ નવી જાણકારી મળી.

# ગુજરાતની વિશિષ્ટ સંસ્થાઓની ગાથા

ગુજરાતના જાણીતા કર્મશીલ ઇન્દુકુમાર જાનીના અવસાન બાદ એમના લખાણનાં બે સંપાદનો પ્રગટ થયાં છે. વ્યક્તિચિત્રો અને સંસ્થા-ચિત્રો. અહીં સંસ્થાચિત્રોના પુસ્તકની વાત કરીએ.


ડંકેશ ઓઝા એક જાગૃત નાગરિક અને નિસ્બત ધરાવનાર લેખક તરીકે જાણીતા છે. એમના દ્વારા સંપાદિત આ પુસ્તક 'વહાલું મારું ગુજરાત, વહાલી એની સંસ્થાઓ' જેને એમણે ઇન્દુકુમાર જાની દ્વારા લિખિત વિશિષ્ટ સંસ્થાઓની યશગાથાઓ તરીકે ઓળખાવ્યું છે. એમની પ્રસ્તાવનામાં ઇન્દુકુમાર જાનીના વ્યક્તિત્વનો પરિચય સહજ મળે છે. ઇન્દુકુમાર જાનીની ઓળખ વ્યાપક રીતે 'નયામાર્ગ'ના તંત્રી તરીકેની રહી, પણ સક્રિય કર્મશીલ તરીકે ગુજરાત ખેત વિકાસ પરિષદ મારફતે સમગ્ર ગુજરાતના અંત્યજોની ચિંતા કરતા રહ્યા અને એમની વાતોને વિવિધ મંચ પર ઉજાગર કરતા રહ્યા. જુગતરામ દવેની નિશ્રામાં વિકસેલા અને રાજકારણી હોવા છતાં કાયમ અંત્યજોની ચિંતા કરનારા ઝીણાભાઈ દરજીના માનસપુત્ર તરીકે ઓળખાયેલા ઇન્દુકુમાર જાનીએ ઝીણાભાઈનાં કાર્યોને સુપેરે આગળ ધપાવ્યાં. એમના વ્યાપક સંપર્કોના કારણે ગુજરાતની સંસ્થાઓની આ વાત પ્રમાણભૂત દસ્તાવેજ બની રહે છે. સંપાદકની પ્રસ્તાવના તો સ્વાભાવિક છે જ પણ સાથે ઇન્દુકુમાર જાની દ્વારા ઝીણાભાઈ દરજીની ચિરસ્મૃતિને આલેખતો લેખ મૂક્યો છે. આ લેખમાં એક વ્યક્તિની સંસ્થા જેવા ઝીણાભાઈની વાતો લાગણીસભર રીતે મૂકી છે.

ગુજરાતમાં આઝાદી પહેલાં અને પછી સામાજિક કાર્યોમાં સક્રિય એવી સંસ્થાઓની પરંપરા સતત રહી છે. જેણે ગુજરાતના વિકાસમાં સીધો અને આડકતરો અગત્યનો ભાગ ભજવ્યો છે. આ સંસ્થાઓમાં ગાંધી વિચારનું દોહન અને છેવાડાના માનવીની ખેવનાનું ખેડાણ થતું રહ્યું છે. ખાદી, ગ્રામોદ્યોગ અને શિક્ષણ આ ત્રણ મુખ્ય કાર્યોના ઉદ્દેશ્ય સાથે વિવિધ વિસ્તારોમાં સંસ્થાઓ કાર્યરત થઈ અને વિકસી. આ ત્રણ દ્વારા લોકજાગૃતિ, રોજગાર અને મહિલા કલ્યાણનાં કાર્યો થતાં રહ્યાં છે. દક્ષિણ ગુજરાતમાં જુગતરામ દવે, ઉત્તર ગુજરાતમાં ઠક્કરબાપા, મધ્ય ગુજરાતમાં રવિશંકર મહારાજ જેવાની પ્રેરણા અને માર્ગદર્શન થકી અનેક સેવાભાવી સંસ્થાઓ ઊભરી આવી. સાથે જ આરોગ્ય વિષયક સેવાઓ આપતી સેવાભાવી સંસ્થાઓ પણ લોકઉપયોગી કાર્યોનું કેન્દ્ર બની. આ બધી સંસ્થાઓ લોકજાગૃતિનાં કેન્દ્રો તરીકે કાર્ય કરતી રહી. આયામો બદલાતાં જમીન સુધારણા, પર્યાવરણ, કૌશલ્યવિકાસ જેવાં કામ માટે સંસ્થાઓ બની.

આ પુસ્તકના પરિચયમાં કહેવાયું છે એમ ગુજરાતભરની મહત્ત્વની સામાજિક સંસ્થા વિષે તેમણે જે અભ્યાસપૂર્ણ ઓળખ આ પુસ્તકમાં કરાવી છે તે ઐતિહાસિક કાર્ય છે. આટલી બધી સંસ્થાઓ વિષે જાણીને કોઈ પણ ગુજરાતીને ગૌરવ જ થાય ! નવા કાર્યકરો, જિજ્ઞાસુઓ અને અભ્યાસીઓ બધાં માટે આ ગૌરવનો અને પ્રેરણાનો આલેખ છે. આ પુસ્તકમાં ઓગણત્રીસ સંસ્થાઓનો પરિચય સમાવાયો છે. આ સંસ્થાઓની વિવિધતા પણ અનોખી છે. સ્વાસ્થ્ય, શિક્ષણ, પર્યાવરણ, કૃષિ, લોકજાગૃતિ, મહિલાકલ્યાણ જેવાં કાર્યો સાથે જોડાયેલી સંસ્થાઓ જેનું અંતિમ લક્ષ્ય છે, સ્વરાજના ફળ છેલ્લા માણસ સુધી પહોંચે અને સર્વોન્મુખી સાર્વત્રિક વિકાસમાં જન ભાગીદારી હોય. વળી ગુજરાતના દરેક ખૂણાની સંસ્થાઓનો પરિચય છે. ભલે આ સંસ્થાઓ એકબીજા સાથે સીધી રીતે જોડાયેલી ન હોય પણ દરેકની નિસ્બત સરખી છે. ક્યારેક સંસ્થાઓ – પ્રવૃત્તિઓ એક વ્યક્તિ કે દંપતી દ્વારા શરૂ કરાઈ હોય જે બાદમાં સમાજની થાય, વ્યાપક થાય. આવી સંસ્થાઓની ફક્ત માહિતી જ નથી પણ પ્રેરણા મળે એ રીતે આલેખાઈ છે.

ગુજરાત વિદ્યાપીઠ, લોકભારતી જેવાં મહાવિદ્યાલયોના અભ્યાસક્રમમાં સમાવી શકાય એવું પુસ્તક સાંપડયું છે. ગુર્જર સાહિત્ય પ્રકાશન દ્વારા પ્રકાશિત આ પુસ્તક થકી લેખક અને ગુજરાતની સંસ્થાઓ બન્નેના વ્યાપનો અહેસાસ થાય છે. લેખક અને સંપાદક બંનેની નિસ્બત સૂચક અર્પણ દ્વારા જોવા મળે છે, – 'સમાજમાં ગમે તે કારણસર, પાછળ રહી ગયેલાં પ્રત્યે જેમને સમાદર અને સહાનુભૂતિ છે તે હરએક જણને...'

૧૨, સુંદરનગર MIG, જિ. તાપી – ઉર્વિન શાહ




પ્રકાશક : ગુર્જર સાહિત્ય પ્રકાશન
પ્રાપ્તિ સ્થાન : ગુર્જર સાહિત્ય ભવન
રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ,
અમદાવાદ-૧. મો.: ૯૨૨૭૦૫૫૭૭૭
પાન-૨૦૮, કિ.રૂ. ૩૦૦/-

# વાચકોના પત્રોમાંથી

- **ડૉ. જગદીશ પરીખ,** (ઈ-૩૦૩ આકાશ-૩, ૧૩૨ ફૂટ રીંગરોડ, નારણપુરા, અમદાવાદ. મો.: ૯૫૫૮૮૫૧૭૭૧)


તા. ૧૬-૪-૨૦૨૫ના ભૂમિપુત્રમાં 'ખાદી-વસ્ત્ર-વિચાર અને રોજગારી' લેખ વાંચ્યો. રોજગારી માટે શ્રી પ્રકાશભાઈનો પ્લાન સારો છે. પણ તેમાં જે ટેકનોલોજીનો ઉપયોગ છે તે તો ટેક્ષટાઈલ મિલમાં ઉપયોગમાં લેવામાં આવે છે તે છે. હવે તેમાં સુધારા પણ થયા હશે.

મારી દૃષ્ટિએ આ 'મીની ટેક્ષટાઈલ મિલ' જ છે. મેં ટેક્ષટાઈલ મિલોમાં કામ કરતા કામદારોના રોગો પર કામ કર્યું છે તેમાં મુખ્ય બે છે :

(૧) ધૂળ-કપાસની રજને કારણે. (૨) ઘોંઘાટના કારણે, જે ખાસ કરીને વીવીંગ વિભાગમાં હોય છે.

ટેક્ષટાઈલ મિલની જ ટેક્નોલોજીને ઉપયોગમાં લેવામાં આવે તો તે હાઝાર્ડસ રહે જ અને તેના કારણે કામદારોમાં ફેફસાંનો રોગ (બીસીનોસીસ) અને ઘોંઘાટને કારણે બહેરાશ આવી શકે છે. એટલે પ્રશ્ન એ છે કે આ ટેકનોલોજીથી આરોગ્ય ઉપર અસર થતી હોય તો આ કાપડને ખાદી કહી શકાય ? મારી દૃષ્ટિએ આ રીતે ઉત્પન્ન થયેલા કાપડને 'ખાદી'ને બદલે બીજું નામ આપવું જોઈએ.

# ભારતીય લોકશાહી : દશા અને દિશા




**પુ**સ્તકના પ્રારંભમાં જ ભારતીય બંધારણનું આમુખ આપણી બંધારણીય પ્રતિબદ્ધતાને યાદ કરાવે છે. સમગ્ર પુસ્તક અત્યંત પ્રાસંગિક છે કારણ કે તાજેતરમાં બંધારણીય વ્યવસ્થા જેમાં સંસદ, સરકાર અને સુપ્રીમ કોર્ટની કામગીરીની સ્પષ્ટ જોગવાઈ છે જેમાં એની ચેક અને બેલેન્સની વ્યવસ્થા બંધારણના રક્ષણ માટે જરૂરી છે તેના વિશે વિવાદ થયો છે. તેથી આ પુસ્તક ભારતીય લોકશાહીની દશા ને દિશા દ્વારા તટસ્થ, વિદ્યાકીય અને સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર ને ભારતની સંસ્કૃતિના અધિકૃત વિદ્વાને લખ્યું છે જે ભારતની લોકશાહીની આજે શી દશા છે અને ભવિષ્યમાં તે કઈ દિશામાં જઈ શકે અને એની સાચી દિશા માટે પ્રબુદ્ધ નાગરિકોની શી ભૂમિકા છે તેના વિશે અત્યંત રસપ્રદ શૈલીમાં, રસપ્રદ મુદ્દાઓની રજૂઆત કરવામાં આવી છે. મુખ્યત્વે ૩ ખંડોમાં ને ૧૬ પ્રકરણોમાં સુગ્રથિત આ પુસ્તકમાં પ્રથમ ખંડમાં ભારતીય આધુનિક લોકશાહીની લાક્ષણિકતાઓ, બીજા ખંડમાં આધુનિક લોકશાહીની મર્યાદાઓ, અંતિમ પરંતુ સૌથી મહત્ત્વના ત્રીજા ખંડમાં ભારતીય લોકશાહી, 'દશા ને દિશા' વિસ્તૃત રીતે ચર્ચવામાં આવી છે. સમગ્ર પુસ્તકમાંથી કેવળ રસાસ્વાદ માટે કેટલીક કણિકાઓ નોંધીએ:

૧. વિશ્વમાં માનવીના જીવનમાં કુટુંબથી, સમુદાયોમાંથી; સમાજ, શાસન, સરકાર અને સરકારમાં લોકશાહી સુધી કેવી રીતે ઉત્ક્રાંતિ થઈ તેમાં લેખકના સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર અને ભારતના ઇતિહાસના જ્ઞાનનો પ્રભાવ જોવા મળે છે.

૨. ભારતમાં 'લોકશાહી' હતી જ નહીં પરંતુ કેવળ રાજાશાહી હતી અને પંચાયતો વગેરેમાં લોકશાહી જેવું જ ન હતું તે વિચાર કરવા જેવા મુદ્દો છે. જેથી ભારતની લોકશાહી ઘણી જ નવી છે (૭૫ વર્ષ) તેથી થોડોક સંતોષ થાય કે લોકશાહી સુધરી જશે.

૩. બીજા ખંડમાં આધુનિક લોકશાહીની માળખાકીય મર્યાદાઓ, વિચારધારાનો અંત, વિરોધો ને પડકારોની લોકશાહી ઉપર કેવી અસર થઈ છે તે મુદ્દો વિચારવા જેવો છે.

૪. ભારતીય લોકશાહીની દશા અને દિશાનું ખૂબ જ વિગતપૂર્ણ વિશ્લેષણ કર્યું છે. પડકારોની સાથેસાથે આજે તો આપણે પણ અનુભવીએ છે તેમ ભારતીય લોકશાહી નબળી પડતી જોવા મળે છે, જેનો પડઘો ઘટતી જતી સામાજિક સુખાકારીમાં  જોવા મળે છે.

૫. સૌથી મહત્ત્વનું આપણું કર્તવ્ય – આપણે ભારતીય લોકશાહીના પહેરેદાર – જાગૃત નાગરિક છીએ? આવો સવાલ આપણે આપણી જાતને પૂછવા જેવો છે કારણ કે ભારતીય લોકશાહીનું ભાવિ આપણા પ્રબુદ્ધ યુવાનો – નાગરિકોના હાથમાં છે, યુવકો જેઓ આ દેશનું ઘરેણું છે. આજનું શિક્ષણ આવા નાગરિક તૈયાર કરશે? લેખક એક નિરાશાજનક હકીકત લખે છે કે ''પ્યુ રિસર્ચ'' સેન્ટરે ૨૦૨૩મે જે ગ્લોબલ એટીટ્યુડ સર્વે કરેલો એમાં ભારતના ૭૫% ઉત્તરદાતાઓએ લશ્કરી શાસન અથવા સરમુખત્યારશાહી શાસનનું સમર્થન કર્યું હતું.

સમાપનમાં ખૂબ જ સુયોગ્ય અને સંબંધિત વિધાનો – અવતરણો આપણું ધ્યાન ખેંચે તેવાં છે જેમ કે–

Democracy is not just right to vote. It is right to live in dignity : Naomi Klein જેવું સાદું પણ આપણા જીવનને સ્પર્શતું વેધક વિધાન ! પુસ્તકમાં એક કવિતા પણ છે જે અન્ય લોકો પર થતા જુલમ કે અન્યાય વખતે ઉદાસીન રહેવાનાં જોખમોની યાદ અપાવે છે, જે ખૂબ સૂચક છે.

અંતમાં, લેખકની ભાષાશુદ્ધતા અને રસાળ રજૂઆતની સાથે સાથે અંગ્રેજી શબ્દોના ગુજરાતી પર્યાય શોધવાની જહેમત દાદ માંગી લે છે.

નિર્ભય અને સંવાદશીલ લોકશાહી સમાજની જેને ખેવના છે તે સૌએ આ પુસ્તક અચૂક વાંચવા જેવું છે.

સુરત.(મો.: ૯૮૨૫૫૫૧૨૦૩) **– દિલીપભાઈ શાહ**

## વાંચન થાળ

- **સી. જમનાદાસની કાું.**, સી/૧૮, માધુપુરા માર્કેટ, પોલીસ કમિશ્નર કચેરી પાસે, શાહીબાગ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૪.

○ ચાલો જાણીએ આપણું ભવિષ્ય, ભારતીય બંધારણ – અશ્વિનકુમાર ન. કારીઆ. પૂર્વ આચાર્ય, લૉ કૉલેજ, ગોધરા અને પાલનપુર, પૃષ્ઠ ૧૨૬, મૂલ્ય રૂ.૮૦/-.

લેખક દેશની વર્તમાન સ્થિતિ વિષે લખે છે –

''અમાપ ભ્રષ્ટાચાર, સંસદ અને ન્યાયતંત્ર વચ્ચે સંઘર્ષ, કેન્દ્ર સરકાર દ્વારા બંધારણીય જોગવાઈઓ અવગણીને રાજ્યના કારોબારમાં બિનજરૂરી હસ્તક્ષેપ, કહેવાતાં વિકાસકાર્યો માટે, ખાસ કરીને ઉદ્યોગપતિઓની તરફેણ, ખેતીની જમીનનું મોટા પાયે અધિગ્રહણ, બેફામ મોંઘવારી, એક પછી એક પ્રગટ થતાં જુદાં જુદાં કૌભાંડો, વિવિધ આંદોલનોમાં પોલીસ ગોળીબારથી નિર્દોષોની થઈ રહેલી હત્યા, વગેરે બનાવો ક્ષુબ્ધ કરનારા છે. અને બંધારણની અનેકવિધ જોગવાઈઓની ઇરાદાપૂર્વક અવગણના થઈ રહી છે.''

આવા કપરાકાળમાં બંધારણ આપણું રક્ષણ કરે છે. પરંતુ આ માટે આપણે બંધારણ શું છે ? નાગરિકના મૂળભૂત અધિકારો, ફરજો વગેરે અંગે જાણવું છે. આપણ આવા જ્ઞાન દ્વારા આપણે સામાજિક ન્યાય મેળવવાનો છે. તે માટે આ પુસ્તક ઉપયોગી છે.

## ‘‘સર્જકનાં સાથીદાર’’

**(સર્જકની સફળતાના પડદા પાછળ રહેલાં સ્વજનોની વાત)**

સારું પુસ્તક વાંચવાનો આનંદ અને એ આનંદને વહેંચવાનો આનંદ તો વિશેષ! આવું જ, વાંચવાની મજા આવે એવું એક પુસ્તક હાથમાં આવ્યું, - ‘‘સર્જકનાં સાથીદાર’’. લેખક છે જ્યોતિ ઉનડકટ. આ પુસ્તકે મને ખરેખર સર્જકો/સાહિત્યકારોની દુનિયાની સફર કરાવી.

કોઈ પણ પ્રકારના સર્જનમાં, એ સર્જનની પ્રક્રિયામાં સર્જક ઉપરાંત તેમના જીવનસાથીનું ખૂબ મોટું યોગદાન હોય છે. મોટા ભાગે એવું બનતું હોય છે કે મુખ્ય પાત્ર બધાની નજરમાં આવે પણ આ પ્રક્રિયાની પાછળ એવી વ્યક્તિઓનો પણ મહત્ત્વનો ફાળો હોય છે જે નજર સામે નથી દેખાતી અને એટલે વિસરાઈ જતી હોય છે અથવા તો એને જોઈએ એટલું મહત્વ આપણે નથી આપતા. આ પુસ્તક એવી વ્યક્તિઓ પર પ્રકાશ ફેંકે છે - જે સર્જક સાથે અભિન્નપણે જોડાયેલી છે, જે સર્જકની સર્જકતાને જીવંત રાખે છે, જે સર્જકના લાડકોડ નિભાવે છે, જે એમને જ્યારે જરૂર હોય ત્યારે અનુકૂળ વાતાવરણ પૂરું પાડે છે. અને આ બધું બિલકુલ પડદા પાછળ રહીને, કોઈ જ અપેક્ષાઓ વગર કરે છે.

લેખિકા પોતે એક લેખકનાં પત્ની. કૃષ્ણકાંત ઉનડકટ એક ખૂબ સારા લેખક. એટલે એ જયારે પોતાની કોલમ લખવા બેસે ત્યારે એમનાં પત્ની જ્યોતિબેન માટે વણલખાયેલાં ડુ એન્ડ ડોન્ટ્સ હોય, જે એમણે અનુસરવાનાં હોય. એ લખે ત્યાં સુધી એમને ખલેલ ના પહોંચે એનું ધ્યાન રાખી એમના મૂડને જાળવવાથી માંડીને બીજું નાનું મોટું ધ્યાન રાખવાનું. આ બાબત પરથી જ્યોતિબેનને વિચાર આવ્યો કે - ‘‘જેમ મારે કેટલીક બાબતોનું ધ્યાન રાખવું પડે છે એમ લગભગ બધા જ સર્જકોનાં પરિવારજનો માટે આવું કંઈ ને કંઈ હશે જ. સર્જકોનાં સાથીદારોની મુલાકાત લઈને લખીએ તો?’’ અને આ રીતે શરૂ થઈ ‘સર્જકનાં સાથીદાર’ કોલમની સફર, અને પછી એ પુસ્તક રૂપે આકાર પામી.

સૌથી પહેલો લેખ છે વિનોદ ભટ્ટ અને નલિનીબહેન વિષેનો. વિનોદ ભટ્ટની મેં ‘એવા રે અમે એવા...’ અગાઉ વાંચેલી એટલે મોટા ભાગના પ્રસંગો જાણીતા લાગ્યા. એમની વાતો પરથી મને આ એકદમ એકબીજા માટે સમર્પિત લાગ્યા. વિનોદ ભટ્ટને લખવા માટે સાનુકૂળ વાતાવરણ સર્જી આપવાનું તેઓ આપોઆપ કરી આપે. એમને સાડા ત્રણ વાગે ચા જોઈએ એટલે જોઈએ જ. જો એમના ટાઈમે ચા ના મળે તો પછી ના પીએ. એટલે આ બધું સાચવવાની જવાબદારી સંપૂર્ણપણે નલિની- બહેનની. જોકે મોટા ભાગના સર્જકો વિષેના લેખોમાં આ વસ્તુ મને એકસરખી લાગી. લગભગ બધા જ સર્જકોને જ્યારે લખતા હોય ત્યારે જરૂરી શાંતિ રાખવી કે એ વાતાવરણ પૂરું પડવું એ બધી જ પત્નીઓએ બખૂબી નિભાવ્યું છે. મને આ માટે ખરેખર એમને દાદ આપવાનું મન થાય.

‘‘મારા માટે લેખન એટલે તપશ્ચર્યા અને એમાં તમામ તબક્કાની સાથીદાર એટલે અવંતિકા. મારા મૂડથી માંડીને મારી તમામ સગવડોને સમજણપૂર્વક સાચવી જાણે એ છે અવંતિકા. પોતે જ બધું કરે છે એવો કોઈ ભાર રાખ્યા વિના મારા લેખન માટે મોકળાશ કરી આપે એ છે અવંતિકા.’’ - આ શબ્દો છે પદ્મશ્રી ગુણવંત શાહના. એમને હંમેશા લખવા માટે કોપીયર ફૂલ સ્કેપ કાગળ અને એડ જેલની પેન જોઈએ. આ વસ્તુઓ હંમેશા ટેબલ પર તૈયાર હોય જ, એની જવાબદારી અવન્તિકાબહેને સહર્ષ સ્વીકારી છે. અને એમના બધા જ લેખોના પહેલા વાચક પણ અવન્તિકાબહેન. આ ઉપરાંત કોઈ પણ સંદર્ભની જરૂર પડે તો પણ એ તરત હાજર કરવાથી માંડીને તમામ લેખોનું ફાઇલિંગ કરવાનું અને પુરસ્કારની રકમનું આયોજન એમણે એટલાં વર્ષોથી એકલા હાથે કર્યું છે.

ડૉ. શરદ ઠાકરને કોણ ના ઓળખે? એમનાં પત્ની સ્મિતા ઠાકર પણ ડૉક્ટર. એકદમ સૌમ્ય વ્યક્તિત્વના મલિક એવાં સ્મિતાબહેન શબ્દોથી વ્યક્ત થવામાં થોડો સમય લે એવાં. બંને ડૉક્ટર એટલે ખૂબ વ્યસ્ત જીવન અને આ વ્યસ્તતામાં પણ આ યુગલ શબ્દોની આરાધના બખૂબી કરી જાણે છે. સ્મિતાબહેનને એમના લેખો છપાયા પછી જ વાંચવા ગમે છે. કદાચ ત્યારે ને ત્યારે એમને વાંચવાનો સમય ના મળે તો એ બધી જ પૂર્તિઓ એક ખાનામાં સાચવીને રાખે, અને જ્યારે સમય મળે ત્યારે બધા જ લેખો વાંચે તો ખરાં જ. વ્યવસાયે તબીબ અને લેખનની દુનિયામાં પ્રવેશ...આ બધું સહજ રીતે જ બન્યું. અને ડૉ. શરદ ઠાકરને પૂરો ભરોસો હતો કે લોકોને એની કોલમ વાંચવી ગમશે જ. શરૂઆતમાં તો નજીકના મિત્રો પૂછતા પણ ખરા કે - ‘‘હેં સ્મિતા, આ બધા લેખો તું લખી આપે છે? એક ડૉક્ટર એટલું સરસ લખી શકે એ કોઈને વિશ્વાસ નહોતો થતો. ડૉ. શરદ ઠાકર પોતાની લેખન પ્રક્રિયા વિષે કહે છે, ‘મોટાભાગે મને રાત્રે લખવાનું ફાવે. શરૂઆતના ગાળામાં શાંતિનો આગ્રહ રહેતો પણ છેલ્લાં દસ-બાર વર્ષથી ગમે ત્યારે ગમે ત્યાં લખી શકું છું. હવે તો મને માણેકચોકમાં ખુરશી રાખીને લખવાનું કહો તો પણ લેખ તૈયાર થઈ જાય.’

જેમના વિષે વાંચીને મારું દિલ બાગ બાગ થયું હોય એવું કપલ છે, દિપક સોલિયા અને હેતલ દેસાઈ. એક તો દીપકભાઈને મેં વાંચેલા અને ફેસબુક પર એમના પોસ્ટ કરેલા વિડિઓઝ પણ જોયેલા. એમની લખવાની અને બોલવાની, બંને શૈલી મને ગમે. મૂળ તો હું દિપક સોલિયાની ફેન. પણ હેતલબહેનનો પરિચય આ પુસ્તક દ્વારા થયો. અને એ પણ મને ગમી ગયાં. એકમેકને મોકળાશ આપવી કોને કહેવાય એ તો દીપકભાઈ અને હેતલબહેન પાસેથી શીખવું પડે. એક વ્યક્તિનો પગાર સરખો હશે એટલે બીજી વ્યક્તિ નોકરી નહીં કરે, ઘરે આરામ કરશે. આ દંપતીએ એવો નિયમ બનાવ્યો છે. આ નિયમને બંને બખૂબી અનુસરે છે. હેતલ દેસાઈ પોતાની મૂળ અટક જ વાપરે છે. તેઓ પણ સફળ પત્રકાર રહી ચૂક્યાં છે અને અત્યારે એ લીગલ ફિલ્ડમાં કાર્યરત છે. વાંચન અને ફરવું એ આ યુગલનો જીવનમંત્ર છે. ચાઈલ્ડ લેસ બાય ચોઈસ એવું આ યુગલ જાણે Mad for each other અને Made for each other હોય એવું લાગ્યા વિના રહેતું નથી. હેતલબહેનને વંચાવ્યા વગર દીપકભાઈનો લેખ આગળ ન વધે. ‘‘હેતલ મારી સુપર એડિટર છે. હેડિંગથી માંડીને લેખ કેવો લાગ્યો એ માટે હેતલનો અભિપ્રાય મારા

માટે બહુ જ મહત્ત્વનો રહ્યો છે.'' બંનેનું સ્વતંત્ર વ્યક્તિત્વ, પણ એકબીજા માટેનો પ્રેમ અને આદર પણ ભરપૂર. દીપકભાઈ કહે છે, – ''પચીસ વર્ષે પણ હું હેતલ સાથે દુનિયાના કોઈ પણ વિષય પર ચર્ચા કરી શકું છું. કોઈ દિવસ કંટાળો નથી આવતો. પચીસ વર્ષે હું એ તારણ પર આવ્યો છું કે, પ્રેમ થવો સહેલો છે પણ વાતો થવી સહેલી નથી.'' બંને પોતપોતાની રીતે એકલા ફરવા જવાનું અને એકબીજાની સાથે ફરવા જવાનું પણ પસંદ કરે છે. એ કહે છે – ''અમે એકબીજાના પ્રેમમાં છીએ પણ કહ્યામાં નથી.''

પત્નીની તમામ વાતો તેની સાથેના પ્રેમ જેટલી જ સહજ હોય, એ જ રીતે જિવાતી હોય તો તમારે ચેતન કારીયાને મળવું પડે. પત્નીની સર્જનાત્મકતા એને દિલથી બહુ ગમે છે. એ માટે એને માન છે, ગૌરવ છે. સતત સાથ આપવો, ગમે તે સંજોગો હોય અડીખમ ઊભા રહેવું એ આ યુગલને એકબીજા માટે વધુ તાકાતવાન બનાવે છે. ગીતા માણેક એકદમ સ્વતંત્ર વિચારોવાળાં. અને ચેતનભાઈને આવા જ જીવનસાથીની કલ્પના હતી. એમના લગ્ન વખતે એક મિત્રએ એવું કહેલું કે, ''બે સિંહ એક સાથે ના રહી શકે. જો તમારું લગ્નજીવન પાંચ વર્ષ ટકી ગયું તો હું તમને લોકોને કાશ્મીર ફરવા લઈ જઈશ.'' લગ્નને પાંચ વર્ષ વીતી ગયા પછી કાશ્મીર તો ના જવાયું પણ એ મિત્ર એમને કોડાઈ કેનાલ ફરવા લઈ ગયેલા. ગીતાબહેન કહે છે, ''જીવનસાથી અંગેના મારા વિચારો બહુ સ્પષ્ટ હતા કે, એક તો એણે કુન્દનિકા કાપડિયાની 'સાત પગલાં આકાશમાં' વાંચેલી હોવી જોઈએ અને મારું નામ અને અટક જ મારી ઓળખ રહેશે એ વાતનો સ્વીકાર.'' ગીતાબહેન કહે છે, ''જીવનસાથી તરીકે ચેતન મારી પડખે જ રહ્યો છે. મારા સ્વભાવ પ્રમાણે હું ક્યાંક પંગો લઈ બેસું, ક્યાંય કોઈ માથાકૂટ થઈ હોય કે પછી મારો લેખ મોકલવાની ડેડ લાઈન હોય પણ ચેતને એ વાંચ્યો ના હોય. ચેતન ઘણો વખત વ્યસ્ત હોય તો દાદાગીરી કરીને ફોન પર પણ આખો લેખ વાંચી સંભળાવું એ પછી જ આગળ મોકલું. એને સંભળાવતી સમયે મારી સર્જનાત્મકતાની કિંમત એને સમજાય છે એ હું અનુભવું છું. એક પ્રતિભાવ મળે જે મારા માટે બહુ જ મહત્ત્વનું રહ્યું છે.''

લખવાના માહોલ વિષે ગીતાબહેન ઉમેરે છે, ''ક્રિએટિવ રાઇટિંગ કરતી હોઉં ત્યારે શાંતિ જોઈએ. કોઈ દખલગીરી ના ચાલે. જો ડેડલાઈન માથે આવી ગઈ હોય અને ના લખાયું હોય તો ઘણી વાર અકળાઈ જાઉં, ધાર્યું હોય અને ન લખી શકાય ત્યારે ......ચેતનભાઈ વચ્ચે બોલી ઊઠે છે કે, – 'એનાથી લખી ના શકાય ત્યારે આખા ઘરને ખબર પડી જાય....' અને હસી પડે છે. ગીતા માણેકની છાપ મારફાડ પત્રકાર તરીકેની હતી. એમની કેરિયરના ઘણા બધા રોમાંચક કિસ્સાઓ છે. એમના અનુભવો સાંભળવા એ પણ એક લ્હાવો છે. સ્વતંત્ર મિજાજ વાળાં અને બિન્દાસ્ત એવાં ગીતાબહેન અને ચેતનભાઈ બંને ખરા અર્થમાં મને એકબીજાના સાથીદાર લાગ્યા.

આ પણ મારુ ગમતું જોડું. વાત એવા એક સંવેદનશીલ સર્જકની છે જે વ્યવસાયે બાળરોગ નિષ્ણાત છે. તેમના હાથે લખાયેલી દિલને સ્પર્શી જાય એવી કૃતિઓની લાખો નકલ વેચાઈ ચૂકી છે. જેમનું લેખન પહેલા જ ઝાટકે અસ્વીકાર્ય થયું, પણ આજે તેમના શબ્દોને વાચકો દિલથી વધાવી રહ્યા છે. વાત છે, ભાવનગરના ડૉક્ટર યુનુસ કાસમભાઈ વીજળીવાળાની. જેમને સૌ ડો આઈ. કે. વીજળીવાળા તરીકે વધુ ઓળખે છે. એમના સાથીદાર કૃતિકાબહેનને એ એમના મોટા ભાગનાં પુસ્તકોની પ્રસ્તાવનામાં સખી તરીકે સંબોધે છે. ડૉ. વીજળીવાળાના મોટાભાગનાં પુસ્તકો મેં વાંચેલાં. એ એક ખૂબ સારા ડોક્ટર અને લેખક તો છે જ પણ એનાથી વધારે એ ખૂબ સારા માણસ છે. ડૉ. વીજળીવાળાએ ખૂબ જ ઉતાર-ચડાવ વચ્ચે તેમનું બાળપણ અને MBBSનો અભ્યાસ પૂરો કર્યો. એમને ત્યાં આવતા દરેક અમીર ગરીબ દર્દી સાથે એકસરખો એમનો વ્યવહાર. ગુજરાતીમાં ટાઈપ કરીને પ્રિસ્ક્રિપ્શન દર્દીનાં મા-બાપને આપે જેથી કોઈને તકલીફ ના પડે. કલાકોના કલાકો સુધી કામ કરે તો પણ આ ડૉક્ટરના મોઢા ઉપર જરા પણ થાક ના દેખાય. ડૉ. વીજળીવાળાના સખી, જીવનસાથી, પત્ની એવાં કૃતિકાબહેન પણ જુદી માટીના માનવી છે. તેઓ હાયર સેકન્ડરી સ્કૂલમાં સાઇકોલોજીના શિક્ષક છે. (કૃતિકાબહેન મારા ૧૧ અને ૧૨મા ધોરણના સાયકોલોજીના શિક્ષક. હું એમ કહી શકું કે જીવનમાં પહેલી વાર મને જો ભણવામાં રસ પડ્યો હોય તો એ કૃતિકાબહેનના કારણે. અમારી સ્કૂલમાં એક પણ એવી વિદ્યાર્થિની નહીં હોય જેને કૃતિકાબહેનના કલાસમાં કંટાળો આવે, બધાના એ ફેવરિટ ટીચર. ત્યારથી હું ડૉ. વીજળીવાળા અને કૃતિકાબહેનને ઓળખું). એક સ્પષ્ટ વિચારધારા અને સાદગીને વરેલા કૃતિકાબહેન, ગાંધી વિચારસરણીને વરેલાં યુગલ પ્રવીણભાઈ અને વિનોદબહેનનું સંતાન. અમરેલી નજીકના બાબાપુર ગામની સર્વોદય સંસ્થામાં ભણ્યાં અને એ જ સંસ્કાર અને કેળવણી આજે પણ એમની અંદર જીવંત છે. એ કહે છે કે – ''કહેવાઈએ જૈન પણ અમને ધર્મ અને નાત જાત કરતા માનવધર્મને વધુ ઊંચો ગણવાનું શીખવવામાં આવ્યું.'' એમના લવ મેરેજ. જીવન માટેની બંનેની વિચારસરણી લગભગ સરખી હતી. દસ રૂપિયામાં રજિસ્ટર મેરેજ સંપન્ન થયું. ''એ લગ્ન પછી પણ આજે હું કૃતિકા પ્રવીણભાઈ શાહ જ છું. અમારી આટલાં વર્ષોની દોસ્તીમાં, પ્રેમમાં, દામ્પત્યમાં ક્યારેય કોઈ દિવસ બંનેનો ધર્મ આવ્યો જ નથી. કેમ કે હું પણ માનવધર્મને માનું છું અને યુનુસ પણ એ માનવતામાં જ માને છે.'' ડૉ. વીજળીવાળા અને કૃતિકાબહેન એક ઉમદા જીવન જીવે છે.

આ તો માત્ર આછી ઝલક છે આ પુસ્તકની. બધા જ સર્જકો અને એમના સાથીદારને આ લેખમાં સમાવવા શક્ય નથી. મોટા ભાગના સર્જકો વિષે વાંચવાની ખૂબ મજા આવી, અમુક લેખોમાં સાથીદાર વિષે ઓછું લખાયું હોય એવું લાગ્યું. ક્યારેક વાંચતાં વાંચતાં એવો વિચાર પણ આવ્યો કે આ પુસ્તકનું શીર્ષક કદાચ – ''સર્જક અને એના સાથીદાર'' રાખી શકાયું હોત. મોટાભાગના લેખોમાં સાથીદાર કરતાં સર્જક વિષે વધારે માહિતી હોય એવું લાગ્યું. સાહિત્યરસિકોને ચોક્કસ જ આ પુસ્તક વાંચવું ગમશે.





મો.૯૧૬૪૭૨૮૫૬૪ **– હિરલ સવાઈ**

hiral.pranav.04gmail.com


પ્રકાશકઃ આર. આર. શેઠ એન્ડ કંપની
કિંમત – ૩૦૦/–

# મુંબઈ સર્વોદય મંડળ
# વાર્ષિક અહેવાલ ૨૦૨૪-૨૫

**આ**જના ભૌતિકવાદી વિશ્વમાં, જ્યાં વ્યક્તિગત પ્રગતિ અને હરીફાઈને જ મહત્ત્વ આપવામાં આવે છે, ત્યાં 'મુંબઈ સર્વોદય મંડળ' મહાત્મા ગાંધી અને આચાર્ય વિનોબા ભાવેએ આપવામાં આવેલાં નૈતિક મૂલ્યોના પ્રચાર અને પ્રસાર કરવા માટે અટલ છે. વર્ષોથી અમે શાંતિ, પ્રેમ અને અહિંસાના ગાંધી-સિદ્ધાંતોને પ્રસારિત કરવા માટે સમર્પિત રહ્યા છીએ, અને એ વિચારોની આજના યુગમાં પ્રાસંગિકતા સિદ્ધ કરવા માટે કટિબદ્ધ છીએ.

અમારા વાર્ષિક કાર્યક્રમોના ભાગ રૂપ, અમે દાતાઓના ઉદાર સમર્થનથી વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ આયોજિત કરી છે. આ પ્રયત્નો યુવાનોમાં ગાંધીમૂલ્યો સ્થાપિત કરવા માટે કરવામાં આવ્યા છે, જેથી તેમની વિચારસરણી અને જીવનશૈલીમાં હકારાત્મક પરિવર્તન લાવી શકાય. સત્ય અને અહિંસાના સિદ્ધાંતોથી તેમનું વ્યક્તિત્વ જે રીતે ઘડાયું, તેની પ્રેરણા દ્વારા, અમે ભવિષ્યના નેતાઓનુ નિર્માણ કરવા ઇચ્છીએ છીએ, જે વધુ ન્યાયપૂર્ણ અને સુસંગત સમાજની રચનામાં યોગદાન આપી શકે.

**પ્રવૃત્તિઓ અને સફળતાઓ :**

○ પુસ્તકોનું વેચાણ : ગાંધી-વિનોબા-સર્વોદય તત્ત્વજ્ઞાન પર આધારિત પુસ્તકોનું કુલ રૂ. ૧૮ લાખનું વેચાણ થયું.

○ ગાંધી આત્મકથાનું વેચાણ : મહાત્મા ગાંધીની આત્મકથાનાં સંપૂર્ણ અને સંક્ષિપ્ત સંસ્કરણોની કુલ ૪,૨૦૦ પ્રત વેચાઈ.

○ હિરોશિમા દિવસ (૬ ઑગસ્ટ) : ૩૩ કૉલેજના ૭૮૭ વિદ્યાર્થીઓએ આઝાદ મેદાનથી હુતાત્મા ચોક સુધી શાંતિયાત્રા કરી, અને પરમાણુ હથિયારમુક્ત વિશ્વ માટે પ્રતિજ્ઞા લીધી.

○ યુવા શિબિરો : મુંબઈ અને ભંડારામાં ત્રણ વ્યક્તિત્વ વિકાસ યુવા શિબિરોમાં વિવિધ કૉલેજોના ૩૮૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

○ ગાંધી શહીદ દિવસ (૩૦ જાન્યુઆરી) : ૨૦ કૉલેજના લગભગ ૫૦૦ વિદ્યાર્થીઓએ શાંતિ અને સાંપ્રદાયિક સદ્ભાવ માટે શાંતિયાત્રા કરી.

○ સામાજિક એકતા વર્કશોપ : ૧૬ કૉલેજમાં 'શાંતિ અને સાંપ્રદાયિક એકતા જાગૃતિ અભિયાન' ચલાવાયું, જેમાં ૩,૦૦૦ વિદ્યાર્થીઓ જોડાયા.

○ ગાંધી શાંતિ પરીક્ષા (શાળા અને કૉલેજો) : ૨૯ શાળા અને ૯ કૉલેજોમાંથી ૩,૪૧૭ વિદ્યાર્થીઓએ 'ગાંધી શાંતિ પરીક્ષા' આપી.

○ જેલમાં ગાંધી શાંતિ પરીક્ષા : મહારાષ્ટ્રની ૧૧ જેલોમાંથી, ૧,૨૪૧ કેદીઓ અને ૩૬ જેલ અધિકારીઓએ પરીક્ષા આપી.

○ મહિલા સશક્તિકરણ કાર્યક્રમ : થાણે સેન્ટ્રલ જેલમાં ૫૦ મહિલા કેદીઓને 'પર્સ અને બ્લેન્કેટ બનાવવાની તાલીમ' આપવામાં આવી.

○ નિબંધ સ્પર્ધા : ૩૦ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ૨૦૦ કૉલેજ-વિદ્યાર્થીઓએ નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો.

○ ગાંધી વેબસાઈટ : www.mkgandhi.org પોર્ટલ પર દરરોજ ૬,૦૦૦-૭,૦૦૦ મુલાકાતીઓ આવે છે.

○ ગાંધી સુવાક્યો અભિયાન : ઈમેલ, વોટ્સએપ અને સોશિયલ મીડિયા મારફતે દરરોજ ૧ લાખ લોકો સુધી ગાંધીવિચારો પહોંચાડવામાં આવે છે.

વધુ વિગતો માટે સંપર્ક મો.નં.: ૯૦૨૨૪૮૩૮૨૮

# નાગરિક સ્વાતંત્ર્ય

**ના**ગરિક સ્વાતંત્ર્ય એ લોકશાહીનો શ્વાસોશ્વાસ છે. શ્વાસ લેનારાં ફેફસાં ન હોય તો શરીરને બીજા હીરા-માણેકથી શણગારો તો પણ તેને સ્મશાને જ બળવાનું. બીજી બાજુથી નાગરિક સ્વાતંત્ર્ય મળે તો શરીર ઘરેણાં કે કપડાં-લત્તાં વિનાનું હોય તો પણ જેમ મહેનત કરીને તે મેળવી લે તેમ લોકશાહી પ્રજાની યોગ્યતા પ્રમાણે વિકસતી રહે. હાપ્રજાની યોગ્યતા પ્રમાણે, પ્રજાને જો લાંચ આપી કામ કઢાવી લેવાનું ગમતું હોય, કોમવાદના કેફમાં ખોટે પક્ષે મત આપવા જ હોય, પોતાના ધંધાધાપામાં ડૂબી ધનજીભાઈના જ ગુલામ થવું હોય તો તે નાગરિક સ્વાતંત્ર્યનો ઉપયોગ નહિ કરે. ખરેખર તો મતદારને આપણે નાગરિક બનાવવાનું કામ બાકી જ રાખ્યું છે, અને તેમાંથી જ પક્ષો પ્રજાના રણીધણી થઈ ગયા છે.

એટલે નાગરિક સ્વાતંત્ર્ય હશે છતાં પ્રજા સત્તાધારી પક્ષને મત આપ્યા કરશે, વિરોધ પક્ષને બહુમતી નહિ પણ મળે, પણ તે અફસોસ કરવા જેવું નથી. પ્રજા સમજશે તે દહાડે સત્તા પરના કે વિરોધમાં બેઠેલા પક્ષોની ધૂળ ખંખેરી નાખી ધોઈ નાખશે, પણ જો નાગરિક સ્વાતંત્ર્ય અખંડ રહ્યું હશે તો.

મહાભારતના યુદ્ધ વખતે દુર્યોધન અને અર્જુન શ્રી કૃષ્ણ પાસે મદદ માગવા ગયેલા. શ્રી કૃષ્ણે તેમને કહ્યું, ''તમે બેઉ મારા સગા છો, તમને બંનેને મદદરૂપ થવાનું વિચારી રાખ્યું છે. એકને મળશે મારી નારાયણી સેના અને બીજાને પક્ષે રહીશ હું, પણ નિઃશસ્ત્ર હથિયાર વિનાનો, માત્ર સલાહ આપનારો.''

અર્જુને માગ્યું, ''મારે તો તમે જ જોઈએ, ભલે તમે હથિયાર ન પકડવાના હો.'' અયુદ્ધમાનમ્ સંગ્રામે વરયામાસ કેશવમ્.

નાગરિક સ્વાતંત્ર્ય એ આવા નિઃશસ્ત્ર શ્રી કૃષ્ણ છે. તેની હાજરી હોય, તેનું માર્ગદર્શન હોય તેટલું જ પૂરતું છે. પક્ષો હોય તે લોકશાહીમાં જરૂરી છે, પણ નાગરિક સ્વાતંત્ર્ય તેથી પણ વધારે જરૂરી છે, કારણ કે પક્ષો પણ જે નાગરિક સ્વાતંત્ર્ય ન હોય તો સ્થાપિત હિતો, સ્વકેંદ્રી સંસ્થાને, પ્રજાના શેઠો બની જાય છે. જે પ્રજામાં નાગરિક સ્વાતંત્ર્ય સાચવનારાં બિનરાજકીય, સ્વયંભૂ મંડળો છે તે પ્રજામાં લોકશાહી વધારે ઝળકતી રહે છે.

(વિશ્વમાનવ, ૧૯૭૫માંથી સાભાર) **– મનુભાઈ પંચોળી 'દર્શક'**

ભૂમિપુત્ર

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં. મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૨૦૦

આજીવન અનામત રૂ.૨૫૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (ઍરમેલ) રૂ.૨૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બૅંક ઑફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.

# ફીલી બ્લેક

ગુડ્ડી અમારી એકની એક દીકરી. એના ભવિષ્ય માટે અમે કંઈ કેટલાંય સપનાં સજાવેલાં. મારી ખૂબ ઇચ્છા કે એને આઈ.પી.એસ. ઑફિસર બનાવવી, એટલે મેં મનીષાને કહ્યું, ''આપણે ગુડ્ડીને પિલાનીની કન્યાશાળા-બાલિકા વિદ્યાપીઠમાં મૂકવી જોઈએ. ત્યાંનું ભણતર અને વાતાવરણ એટલું શિસ્તબદ્ધ છે કે, ત્યાં ભણેલી કેટલીય દીકરીઓ આજે ઊંચા સ્થાને પહોંચી છે.''

''બાપ રે! છેક પિલાની મોકલવાની? ના, ના, હું મારી દીકરીને આટલે દૂર સુધી ન મોકલું.'' એણે ભડકીને કહ્યું.

લાડકવાયી દીકરીને આટલે દૂર મોકલતાં મારો જીવ પણ નહોતો ચાલતો, પણ મેં મનને સમજાવ્યું કે, ''કુછ પાનેકે લિયે કુછ ખોના ભી પડતા હૈ.'' અમારા ધાર્યા કરતાં ગુડ્ડી નવી જગ્યામાં ઘણી જલદી ગોઠવાવા માંડી હતી. પહેલા જ વેકેશનમાં એ ઘરે આવી ત્યારે શાળાની અને બહેનપણીઓની વાતો કરતા થાકતી નહોતી. એક દિવસ એણે કહ્યું, ''ખબર છે, અમારી સ્કૂલમાં હવેથી સ્વિમીંગ શીખવવાના છે. એક કોચ ખાસ ફોરેનથી આવવાનાં છે.''

નાનપણમાં મને ગામની નદીમાં ધૂબાકા મારવા બહુ ગમતા એટલે ગુડ્ડી તરતાં શીખશે એ વાતથી હું રાજી તો થયો પણ એને માટે ફોરેનથી કોચ આવશે એ જાણીને થોડી નવાઈ પણ લાગી. વેકેશન પૂરું થયું અને ગુડ્ડીને મૂકવા જવાનો સમય આવી પહોંચ્યો. અમે કેમ્પસમાં દાખલ થયાં કે તરત છોકરીઓના હસવા અને રમવાનો કલબલાટ કાને પડ્યો. ગુડ્ડી ખુશ થઈ ગઈ.

''પપ્પા, મારી થોડી ફ્રેંડ્સ આપણા કરતાં વહેલી આવી ગઈ છે. હું બધાંની તમારી સાથે ઓળખાણ કરાવીશ.'' ત્યાં તો એની બહેનપણીઓ 'ગુડ્ડી આવી ગઈ' કરતી દોડી આવી. મેં જોયું કે, એમની પાછળ એક નાનકડો છોકરો પણ હસતો હસતો આવી પહોંચ્યો હતો. કોઈ જાતના પરિચય વિના એણે જાણે ગાતો હોય એવા સૂરમાં મને કહ્યું, ''ગુડ મો...ર્નિંગ સ...ર! ''

એના ગરબડિયા ઉચ્ચારો અને એના અલગ પડતા દેખાવે મારું ધ્યાન ખેંચ્યું. જોતાંની સાથે ખબર પડી જતી હતી કે, એ આફ્રિકન હતો. કાળી, લીસ્સી ચામડી, વાંકડિયા વાળ અને ચમકતા સફેદ દાંત અને શરીર કરતાં મોટું માથું જોઈને એ કંઈક અસામાન્ય લાગ્યો. વળી આ કન્યાશાળામાં છોકરો કેમ છે એ સવાલ પણ મને થયો, પણ મારે ગુડ્ડીની શાળાની અને હોસ્ટેલની ફી ભરવાની, એનાં પ્રિંસીપલને મળવાનું એવાં ઘણાં કામ પતાવવાનાં હતાં એટલે હું ઑફિસ તરફ વળ્યો.

હું ઑફિસમાંથી નીકળ્યો કે તરત બહાર ઊભેલા પેલા છોકરાએ વળી પાછું હસીને મારું સૂરીલું અભિવાદન કર્યું. ''ગુડ મો...ર્નિંગ સ...ર!'' મેં એને નજીક બોલાવ્યો અને એના ખભા પર હાથ મૂકતાં પૂછ્યું, ''તારું નામ શું છે?'' એને મારી વાત સમજવામાં થોડી વાર લાગી, પણ પછી એણે જવાબ આપ્યો, ફીલી. ''તારા પપ્પાનું નામ?''

''મને ખબર નથી.''

મને નવાઈ લાગી, તોયે મેં વાત આગળ વધારી, ''અહીં આવ્યા પહેલાં તું ક્યાં રહેતો હતો?''

''કેન્યા. એક મહિના પહેલાં અમે અહીં આવ્યાં. હું ને મારી મોમ.''

એ ટૂંકાં ટૂંકાં વાક્યોમાં તૂટક તૂટક જવાબ આપતો હતો પણ સમજતો હતો બધું જ.

''તને અહીં ગમે છે?''

''બહુ જ. હવે મારે અહીં જ રહેવું છે.''

મને એનામાં રસ પડતો જતો હતો. વધુ જાણવાના ઇરાદાથી મેં પૂછ્યું, ''તારી મોમ અહીં શું કરે છે? ટીચર છે?''

આ સવાલથી ખુશ થઈ ગયો હોય એમ એનો ચહેરો ખીલી ઊઠ્યો.

''મારી મોમ સ્વિમીંગ કોચ છે. એ બહુ સરસ શીખવે છે. મને પણ એણે શીખવ્યું છે.''

અચાનક મારી નજર ઘડિયાળ તરફ ગઈ. મને યાદ આવ્યું કે, ચાર વાગ્યે અહીંનાં વાઈસ પ્રિંસીપલ મિસિસ શર્માએ મને એમના ઘરે ચા માટે આમંત્રણ આપ્યું છે. મારે હવે પહોંચવું જોઈએ. બન્યું હતું એવું કે, અમે પહેલી વખત ગુડ્ડીને મૂકવા આવ્યાં ત્યારે મિસિસ શર્માને અસ્થમાનો એટેક આવેલો અને એમની હાલત ગંભીર થઈ ગઈ હતી. મને મેટ્રન પાસેથી ખબર પડી એટલે ત્યારે ને ત્યારે જ જઈને એમને હોમિયોપથીની દવા આપેલી. એમને રાહત થઈ ત્યાં સુધી હું અને મનીષા એમની પાસે જ રહેલાં. ત્યારથી એ મારો આભાર માનતાં થાકતાં નહોતાં.

ચા-નાસ્તો કરતાં વાત નીકળી ત્યારે મેં ગુડ્ડીના સ્વિમીંગ શીખવાના ઉત્સાહ વિશે કહ્યું. એમણે ખુશ થઈને કહ્યું, ''તો તો છ મહિનામાં મિસ રુમીના એને ચેમ્પિયન બનાવી દેશે.'' એમણે ઓલિમ્પીક્સમાં કેન્યાનું પ્રતિનિધિત્વ કરેલું. એમની સ્વિમીંગમાં માસ્ટરી છે.

મેં જરા ગૂંચવાઈને પૂછ્યું, ''તમે ભૂલથી એમને મિસ કહ્યું લાગે છે. એમનો દીકરો ફીલી તો મને હમણાં જ મળ્યો.''

''હા, પણ એનાં મા-બાપ સાથે નથી રહેતાં.''

''ઓહ એટલે કે, છૂટાછેડા?''

''ના, હકીકતમાં એમણે લગ્ન કર્યાં જ નહોતાં. લગ્ન વિના બેઉ સાથે રહેતાં હતાં.'' મિસિસ શર્માએ વચ્ચે જ પૂછ્યું, ''તમારી પાસે સમય છે ને? મિસ રુમીનાની થોડી લાંબી કહાણી છે.''

''મારી પાસે ઘણો સમય છે.''

જ્યારે રુમીનાને ગર્ભ રહ્યો ત્યારે એના સાથીદારે કહ્યું કે, 'આ તબક્કે આપણે બાળકની જવાબદારી કેવી રીતે લઈ શકીએ? તારી તો આખી કેરિયર જ ખલાસ થઈ જશે.' એ રુમીના પર ગર્ભપાત માટે ખૂબ દબાણ કરવા લાગ્યો ત્યારે રુમીનાએ કહ્યું કે, 'મારી કેરિયર તો વધુમાં વધુ દસ વર્ષની રહેશે જ્યારે મારું બાળક જિંદગીભર મારી સાથે રહેવાનું છે.' આ બધા વિપરીત સંજોગોની ગર્ભમાંના બાળક પર અસર થયેલી. ડોક્ટરે પણ એને ગર્ભપાતની સલાહ આપેલી પણ એણે મક્કમતાથી જવાબ આપ્યો કે, જે થાય તેનું પરિણામ ભોગવવા તૈયાર છું પણ હું બાળકને આ પૃથ્વી પર આવવાથી રોકીશ તો નહીં જ.'

''મેં એની આ કથની સાંભળીને એને અમારી શાળામાં જ નોકરી આપવાનું નક્કી કરી લીધું. રુમીનાએ ફીલીને પેલા માણસનું નામ નથી આપવું તેથી અમે એને ફીલી બ્લેક કહીને બોલાવીએ છીએ. અહીં બધાં બાળકો એમ જ સમજે છે કે, 'બ્લેક' એની અટક છે.''

અત્યાર સુધી મેં આવી ત્યાગભાવના ભારતીય સ્ત્રીઓમાં જ સાંભળી હતી. આજે મારાથી આફ્રિકન રુમીનાના ત્યાગને નમન થઈ ગયાં.

(શૈલેંદ્ર કુમાર ઝાની મૈથીલી વાર્તાને આધારે) **– આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦

Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**